उपाध्याय श्रीमद् यशोविजयजी विरचित.

# श्री प्रतिमा शतक

( मूल संस्कृतमां )

तेनुं—अने.

श्रीभावप्रभसूरि विरचित लघुवृत्तिनुं

भाषान्तर करनार.

## वकील मुलचंद नथुभाई.

भावनगर.

छपावी प्रसिद्ध करनार.

शा० भीमशी माणेक.

मुंबई.

श्री निर्णयसागर प्रेसमां छाप्युं.

संवत् १९५९

कार्तिकशुदित्रयोदशि

# प्रस्तावना.

न्याय विशारद अने तार्किक शिरोमणी श्रीमद् यशोविजय उपाध्यायजीए रचेला महान एकसो ग्रंथ मध्येनो आ प्रतिमा शतक नामनो ग्रंथ छे. आग्रंथमां उपाध्यायजी महाराजे लुंपाक कुमतियोने हितशिक्षा आपवा सारु जैनसिद्धांतोने अनुसारे कटु औषधरुप, परिणामे लाभदायक थनारा जे काव्योनी रचना करी उपकार कर्यो छे, ते उपकार अपरिमित छे. स्थूल बुद्धिवाला प्राणीउने आग्रंथ वांचतां प्रथम दर्शने एमज लागशे के, उपाध्यायजीए आग्रंथमां लुंपाक मतवालाने अर्थात् प्रतिमाना द्वेषीने सख्त वचनो कही, मात्र तेमनी निंदा करेली छे, परंतु तेउज ज्यारे शास्त्र अध्ययन करतां करतां सूक्ष्मदृष्टि प्राप्त करी आ शतकना दरेक श्लोकना रहस्य याने मर्मने यथार्थ रीते समजशे, त्यारेज तेउना लक्षमां आवशे के, उपाध्यायजीए निःसीम परिश्रम लइ करेलो आ महान् ग्रंथ तेउनी निंदा माटे करवामां आवेलो नथी, परंतु वक्र अने जड थइ गयेला बालकने हितशिक्षा आपवासारु जेम अंतरंगमां अतिकरुणा धारण करी रहेलो पिता बहारथी कर्णने अति कठोर लागे तेवा अने परिणामे हितकारक शब्दो कहे, तेनी जेम ते लुंपाकमतियोने अनंताकाल सुधी आसंसारमां परिभ्रमण करतां अटकाववासारु अने शुद्ध मार्गनुं तेउ अवलंबन करे एवी उपकारिक बुद्धिथी, सख्त वाणीरुपे परिणामे हितकारक आग्रंथ रचवामां आवेलो छे.

आग्रंथना तमाम काव्यमां हेतु–युक्ति अने दृष्टांतो एवा न्याय पुरःसर आपवामां आव्याछे के वांचनारने ग्रंथकारनी तार्किक शक्तिने माटे अत्यंत चमत्कार लागशे. सिद्धांतमां जे जे स्थले प्रतिमा अने जिनालय संबंधी अधिकार जे जे स्वरूपे छे तेनो यथार्थ जाव आग्रंथमां एवी रीते प्रदर्शित करेलो छे के तटस्थ वृत्तिथी अवलोकन करनारा न्यायबुद्धिवालाने प्रतिमा द्वेषीनी मूढता साक्षात् जणाइ आवशे अने प्रतिमाने लोपनारा मात्र स्वकपोल कल्पित रचनाथीज प्रतिमानो निषेध करे छे, परंतु तेउंना निषेधमां नथी सिद्धांतनो आधार के नथी न्याय युक्त हेतु, युक्ति के प्रमाणवाली समज शक्ति.

ग्रंथमां बहु सूक्ष्मदृष्टिथी प्रवेश करतां वांचनारने सेहेज लागशे के उपाध्यायजीना समयमां ज्यारे लुंपाकमतियो जेने वर्त्तमानमां ढुंढीआ मति कहेमामां आवे छे, तेउंना उपदेशको, प्रतिमा अने जिनालय करवामां हिंसा थाय छे, तेमज प्रतिमां पूजनमां पण हिंसा थाय छे, एवा कुतर्कवाला उपदेशनी जालमां मंदबुद्धिवाला प्राणीउंने फसावता हशे अने तेउंने जिनमंदिर अने जिनप्रतिमानां द्वेषी बनावी सत्य मार्गथी ज्रष्ट करता हशे, त्यारे अति करुणार्द्र अंतःकरणथी जावदया युक्त वृत्तिथी, तेवा प्राणीउंने सत्य मार्गमां लाववाने वास्ते ते महा उपकारी महात्माए आग्रंथनी रचना करी हशे.

आग्रंथ उपर उपाध्यायजीए पोतेज ग्रंथना गूढ आशयने प्रदर्शित करनारी अने नैगमादि नयोना यथार्थ स्वरूपने समजनारा विद्वान वाचकवर्गने उपकारी तथा चमत्कार उत्पन्न क-

रनारी मोटी टीका रचेली छे ते टीकानुं भाषांतर आग्रंथमां करवामां आवेलुं नथी, परंतु श्रीभावप्रभसूरिए पोताना शिष्य ज्योतीरत्नना हितनेवास्ते आ मूल ग्रंथ उपर जे लघु वृति करेली छे, तेनुंज भाषांतर आग्रंथमां करवामां आवेलुं छे.

उपर मुजब प्रतिमाशतक नामनो ग्रंथ करवानो हेतु प्रदर्शित कर्याबाद प्रतिमा पूजननो हेतु तथा तेथी थता लाभना विषय उपर विचार बताववा रजा लउ छुं.

प्रतिमावादीउंना विचारोमां पण अनेक तरेह्ना भेद छे, जे भेदोने लइने प्रतिमाना निषेध करनाराउ अनेक युक्तिउ बतावी प्रतिमानो निषेध करतां थकां पोताना मतमां चुस्त रही प्रतिमानो अंगीकार करता नथी, जेमके आर्यावर्त्तमां आर्यसमाजवाला इत्यादि अने पाश्चिमात्य देशमां प्रोटेस्टन्ट मतवाला इत्यादि.

अन्यमतवालाउ प्रतिमां संबंधी विधि के निषेध शा शा कारणोथी करे छे ते बताववानुं आस्थले कांइपण प्रयोजन नथी. आस्थले तो जैनदर्शनमां प्रदर्शित कर्या मुजब जिनेश्वर भगवंतनी प्रतिमा प्रतिपादन करवानो शुं हेतु छे अने तेथी शुं शुं लाभ थाय छे तेज बताववानी जरूर छे. तेमां प्रथम जिनेश्वर भगवंतनी प्रतिमा प्रतिपादन करवाना जे जे हेतुउ छे, तेमां मुख्य हेतु ए छे के आजगतमां तीर्थंकर भगवंते केवलज्ञान प्राप्त कर्या पछी भव्य प्राणीउने मोक्ष प्राप्त करावरवासारु जे उपदेशामृतनो वरसाद वरसावी निःसीम उपकार कर्यो छे, अने जे उपकारवाला उपदेशनी श्रेणी अत्यारसुधी जैनसिद्धांत रुपे वर्त्तमानना भव्य प्राणीउ उपर पण उपकार करती विद्य-

मान स्वरुपे प्रवर्ते छे, ते अपरिमित उपकार उपर ध्यान आपतां जेजे जव्य आत्माउ ते उपकारनो लाज लहे छे. तेते जव्य आत्माउनी फरज छे के तेमणे ते तीर्थंकर जगवंतनी अने तेमने अजावे तेनी प्रतिमानी जक्ति, नमन, वंदन अने पूजन करवाज जोइए. संसारिक उपकार करनारा राजा, मंत्रीके शेठनी अने तेमने अजावे तेमनी छबी या प्रतिमानी जक्ति, नमन, पूजन, तेते उपकारने प्राप्त थयेला पोतानुं अवश्य कर्त्तव्य समजी करे छे, तो अनंताकाल सुधी संसारमां परिज्रमण करावनारा दोषोना स्वरूपने यथार्थ रीते समजावी तेनाथी केवी रीते दूर थइ शकाय अने जन्म, जरा अने मृत्यु पुनः केम प्राप्त न थाय अने आत्माने केवलज्ञान प्रमुख अनंत चतुष्टि केवी रीते प्राप्त थाय एवा उपदेशरूप उपकार प्राप्त करनारा जव्य आत्माउनी फरज छे के तेउए ते उपकार करनार तीर्थंकर जगवंत अने तेमने अजावे तेमनी प्रतिमानी जक्ति, नमन, वंदन अने पूजन अवश्य कर्त्तव्यरुपे करवाज जोइए तेमां शुं नवाइ! जेउ आकर्त्तव्य समजता नथी अने समजतां छतां प्रतिमा पूजन करता नथी अने तेथीपण उलटां विरूद्ध थइ प्रतिमा पूजननो द्वेष करे छे तेउ खरेखरा कृतघ्नी छे एम न्यायपूर्वक साबित थाय छे.

उपर प्रतिमा पूजनसंबंधी मुख्य हेतु बताव्याबाद प्रतिमा पूजन, नमनादिथी शुं शुं लाज थाय छे, ते विचार उपर जइए.

आजगतमां पांचे इन्द्रियोना विषयरूप थइ शके एवा जेजे पदार्थो छे, ते तमामना संबंधमां ज्यारे आ आत्मा आवे छे, त्यारे अमुक स्थितिए पहोंचतां ते दरेक पदार्थ आ आत्माने र-

सात्मक थाय छे अने ते रसनी संख्यां साहुर वर्गे नव, दशनी मानेली छे. दशनी संख्या ध्यानमां लइ बोलीए तो दशमध्येना नव रस पौद्गलिक अने मात्र एकज रस आत्मिक छे, अर्थात् आत्मस्वरूपने पुष्टि आपनार छे. नवरस पौद्गलिक छे तेना नाम.

१ शृंगार रस, २ हास्य रस. ३ करुणारस, ४ वीररस, ५ रौद्र रस, ६ भयानक रस, ७ बीभत्स्य रस, ८ अद्भूतरस ९ वात्सल्य रस. आनव रसना पदार्थो आत्माने पौद्गलिक स्वरूपमांज लीनता करावे छे एम अनुभवथी सिद्ध थाय छे, तेथी ते तमाम रसो पौद्गलिक छे.

दशमो रस जे शांत रस छे अने जे आत्माने आत्मस्वरूपमां लीनता करावे छे, तेने आत्म स्वरूपना अभिलाषी याने मुमुक्षु आत्माउ रसाधिराज कहे छे, कारणके शांतरसमां आत्मा प्रवर्त्ते छे त्यारेज मन कांटे रहेछे अर्थात् आत्मस्वरूपना विचारथी प्रच्युत थतुं नथी; अने उपरना नवे रसमांथी हरकोइ रसमां आत्मा प्रवर्त्ततो होय, त्यारे मन आत्मस्वरूपथी भ्रष्ट थइ जाय छे.

उपर प्रमाणे आत्मस्वरूपना अभिलाषी आत्माउने मात्र शांत रसज उपादेय होवाथी हवे विचारवानुं मात्र एज छे के एवो जगतमां कयो पदार्थ छे के जे आत्माने शांतरसनी उत्कृष्ट स्थिति प्राप्त करावे? ते बाबतमां श्रीभक्तामरस्तोत्रना कर्त्ता श्री मानतुंग सूरिनुं वचन प्रमाणरूप छे. श्रीभक्तामर स्तोत्रमां ए पूज्यपाद लखे छे के—

**यैः शांतराग रुचिभिः परमाणुभिस्त्वं,**
**निर्मापित स्त्रिभुवनैक ललामभूत ।**

**तावंत एव खलुतेप्यणवः पृथिव्यां,**
**यत्ते समानमपरं नहि रुप मस्ति ॥ १ ॥**

त्रण ज्ञुवनने विषे अद्वितीय सौंदर्यतावाला हे प्रज्ञु! जे शांत रसना ज्ञावनी ठायावाला परमाणुउंए करीने तमारुं शरीर निर्माण थयेलुं ठे, ते परमाणुउं पण आ जगतने विषे तमारा पुरतांज हता, अर्थात् ते राग द्वेषनी शांततारुप परमाणुउं जगतमां तेटलाज ठे. अने तेज कारणने लइने आजगतनेविषे तमारा सरखुं बीजुं कोइ रूप नथी.

सारांश ए ठे के आत्माने परमशांतरस प्राप्त करवामां श्री तीर्थंकर ज्ञगवंतनी प्रतिमा अति प्रबल निमित्त कारण ठे, जेथी आत्मा शांतरसमय प्रतिमानुं ध्येय स्वरूपे अवलंबन करी, ध्याननां प्रकर्ष स्वरूपे पहोंचतां, पूर्ण ध्याता थतां, पोते परम शांतता प्राप्त करे ठे; अने ज्यारे परम शांतता प्राप्त थाय ठे त्यारेज क्षमा, मार्दव, आर्जव अने संतोषादि आत्माना सत्यगुणो आत्माने आत्मानुं निरावरण याने शुद्धस्वरूप प्राप्त कराववामां समर्थ थाय ठे.

हवे वांचनारने सेहेज समजाशेके ज्यारे आत्माने परम शांतता प्राप्त थतांज मुक्ति याने आत्मस्वरूपनुं अव्याबाध सुख प्राप्त थाय ठे, तो जेटले जेटले अंशे, तीर्थंकर ज्ञगवंतनी प्रतिमानुं ध्यान करतां करतां शांतता प्राप्त थती जती हशे, तेटले तेटले अंशे सत्य सुखनो लाज्ञ थतो जाय, तेमां शुं असत्य ठे? अर्थात् तेमां कांइपण असत्य नथी.

हवे वर्त्तमानमां जिनमंदिरमां जिनप्रतिमाना ज्ञक्ति पूजना-

दिना संबंधमां जे पद्धतिथी प्रवर्त्तवामां आवे छे ते पद्धति संबंधी विचार करीए.

श्री आनंदघनजी महाराज, श्री संभवनाथ भगवंतना स्तवनमां लखे छे के, परमात्मानी सेवनाना संबंधमां अभय, अद्वेष अने अखेद आत्रण गुणोनीतो प्रथम दरज्जे आवश्यकता छे. समुदायिक जिनमंदिरमां आत्रणे गुणो सहित भक्तिनी प्रवृत्तिमां प्रवर्त्तनारो प्राणी, शांतिनी केटले दरज्जे अपेक्षा राखेतोज आत्रणे गुणोना रक्षण सहित जिनेश्वर भगवंतनी यथार्थ रीते सेवना करी शके, ते बहुज ध्यानपूर्वक विचारवानुं छे. परिणाममां चंचलतां आवे ते भय, सेवामां अरुचि थाय ते द्वेष अने भक्तिमां प्रवृत्ति करतां थाक लागे ते खेद; आप्रमाणे आत्रण शब्दना पारिभाषिक अर्थ छे. हवे विचारवानुं मात्र ए छे के सार्वजनिक जिनमंदिरमां सर्व भक्ति करनाराउने संपूर्ण स्वतंत्रताथी भक्ति पूजनादि करवानो हक छे. छतांपि ते हकनो दरेकने एवी रीते उपभोग करवानो नथी के, जेथी बीजाने पोतानो हक भोगवतां विघ्नो आवे. आपणे भक्ति पूजन करतां बीजाने भक्ति पूजनमां विघ्न आवे तेपण एक जातनो मोटो अविवेक छे. सामान्य दृष्टांत ए छे के श्रीशत्रुंजय तीर्थ उपर श्रीआदिनाथ परमात्मानी जल पूजा करतां समुदाय ज्यारे जल पूजा करनारो, होय छे, त्यारे दरेकने अनुभव थयो हशे के, मात्र अविवेकने लीधे केवी आशातना प्रसंगे प्रसंगे थइ जाय छे, तेथी आवे प्रसंगे उचित छे के, जेम रेलवे स्टेशन उपर टीकेट आपनारनी उफीस पासे पोलीसना भयने लीधे एक बीजाने विघ्न नहीं

करतां अनुक्रमे टीकट लेवाय छे, तेवी रीते आशातनारूपी पोलीसनो जय अंतःकरणमां धारण करी एक बीजाने विघ्न न थाय तेवी रीते पूजनादि करवामां आवेतोज अविवेक दूर थतां अजय, अद्वेष अने अखेद ए गुणोनुं उत्तम प्रकारे रक्षण थइ शके, अर्थात् ए गुणो जक्ति पूजनादिमां बन्या बन्या रहे.

श्री उववाइ सूत्रमां कह्युं छे के श्री जिनेश्वर भगवंतनी प्रतिमा जिनेश्वर जगवंत समान छे, आप्रमाणे सिद्धांतमां आपणे निरंतर श्रवण करीए अने तेवी ज आपणने श्रद्धा छे, एवी अंतःकरणमां धारणापण राखीए छतां वर्त्तनना संबंधमां, जिनेश्वर जगवंत साक्षात् आपणी सन्मुख बिराजमान होय तेवे प्रसंगे जक्ति पूजन प्रमुखना संबंधमां वर्त्तन राखवामां आवे तेने केटले अंशे जिनेश्वर जगवंतनी प्रतिमानी सन्मुख आपणे जक्ति पूजनादिना संबंधमां वर्त्तन राखीए छीए, ते बाबत दरेक सुज्ञ मनुष्ये शांतिथी विचार करवो जोइए अने विचार करतां एम लागे के, आपणी वर्त्तमान कालनी जक्ति पूजनादि संबंधी पद्धति श्रीजिनेश्वर जगवतनी प्रतिमानी सन्मुख, शास्त्रना कथनानुसार नथी तेने सुधारी उत्तम प्रकारनी करवानो प्रयत्न करवो जोइए.

जाषान्तर करवामां कठिनस्थले शास्त्री नर्मदाशंकर दामोदरे मदद आपी छे तेनो उपकारमानुं छुं अने जाषान्तर करवामां मतिदोषथी जूल थइ होय तो माफी मागुं छुं.

ली० जाषान्तर कर्त्ता

# अनुक्रमणिका.


| विषय. | पानु. |
|---|---|
| १ श्री जिनेश्वर भगवंतनी प्रतिमानुं महिमा गर्भीत वर्णन. | १ |
| २ श्री भावप्रभसूरिए प्रतिमा शतक उपर संक्षिप्तवृत्ति-करवानोहेतु. | २ |
| ३ प्रतिमा संबंधी विशेषणोना अर्थनुं स्पष्टी करण. | ३ |
| ४ नामादि त्रणे निक्षेप भावरुप भगवंतना तद्रूपपणाना कारणछे तेनुं विस्तारथी वर्णन. | ४ |
| ५ नामादित्रणे निक्षेप संबंधी भावनिक्षेप सहित पूर्वपक्ष अने उत्तरपक्षनुं हेतु युक्ति सहित वर्णन. | ६ |
| ६ चोवीसत्थो करतां जीवने शुं लाभ थाय तेनुं वर्णन. | ८ |
| ७ द्रव्य आवश्यक अने अर्थोपयोग रहित कीर्त्तन संबंधी विचार | ९ |
| ८ द्रव्यनिक्षेप संबंधी आराध्यतानी प्रतीति अने चारे निक्षेपनी आराध्यतानी सिद्धिनुं वर्णन. | १० |
| ९ ब्राह्मी लिपिनी जेम अर्हतनी प्रतिमा वंदन करवा योग्यछे तेनुंशास्त्राधार सहित वर्णन. | ११ |
| १० नाम, स्थापना अने भाव निक्षेपना अरसपरसना संबंधनुं विस्तार सहित वर्णन. | १२ |
| ११ भगवंतनी प्रतिमाना विराधकनी उपहास्यता अने आराधकनी कृतार्थतानुं वर्णन. | १४ |

१२ श्री भगवतीसूत्रमां चारणमुनियोए करेली प्रतिमा संबंधी वंदनानुं विस्तार युक्त वर्णन. १५

१३ चारणमुनियोए करेली वंदना प्रमाणरुप नथी एवी कुमतियोनी वाणीने सिद्धांतानुसार निरुत्तर करवा हेतु युक्तिसहित वर्णन. १८

१४ चैत्य शब्दनो अर्थ ज्ञान थाय छे एवी कुमतिनी वाणीनी उपहास्यता बतावी व्याकरणना नियमानुसारे तेने निरुत्तर करवारुप वर्णन. १९

१५ देवताउए अर्हंतनी प्रतिमा वंदवा योग्य तथा शरण करवा योग्य छे तेनुं स्तुति गर्भीत वर्णन. २१

१६ भगवंतनी प्रतिमा अने दाढाउनी देवताउए करेली अनाशातनारुप विनयनो विचार २३

१७ सूर्याभ देवताए करेली भगवंतनी प्रतिमानी भक्तिना संबंधमां श्रीरायपसेणी उपांगना वचननो शास्त्राधार. २४

१८ ते आधारने कुमतियोए देवतानी स्थिति कहेवाथी, तेनुं निराकरण करवा सूर्याभ देवतानी पूर्वापर हितार्थता बतावी शास्त्राधार युक्त विस्तार सहित वर्णन. २६

१९ जिनेश्वर भगवंतनी प्रतिमानी पूजा देवताउने स्थिति मात्र छे. एवुं कहेनारा कुमतियोनी हेतु युक्त उपहास्यतानुं वर्णन. २९

२० प्रतिमा पूजनमां शक्रस्तव आदि चार भेदोनुं विस्तारथी वर्णन करी, कुमतियोनी बतावेली अज्ञानतानुं वर्णन. ३१

२१ भगवंत श्रीमहावीर स्वामिए सूर्याभ देवने भव्य आदि-

विशेषणवालो कहेलो छे, तेथी देवतानी भक्ति धर्म छे परंतु स्थिति नथी. ते संबंधी विस्तारथी वर्णन. ३३
२२ कुमतियोए देवताओने अधार्मिक कहेला छे, ते संबंधी श्री स्थानांग सूत्रनो अभिप्राय. ३४
२३ सम्यग्दृष्टि देवताउमां धर्म स्थापक गुणो छे ते संबंधी श्री भगवती सूत्रनो आधार. ३५
२४ सूर्याभदेवनुं भक्ति कृत्य अनुमोदवायोग्य नथी तेवो कुमतिनो विचार अने ते संबंधे तेनी उपहास्यतानुं वर्णन. ३६
२५ सूर्याभ देवना नृत्य संबंधमां वीर प्रभुना मौननुं समाधान ३७
२६ सावद्य अने निरवद्य व्यवहारमां प्रभुनी वाणीना क्रमनी विचित्रतानुं वर्णन. ३८
२७ दान अने भक्ति कर्ममां प्रभुनी मौनता उपदेशना संबंधमां केवा आशयवाली छे ते बाबतमां कुमतियोनी समजण मिथ्या छे एम दर्शावी ते संबंधे करेलुं यथास्थित समाधान. ४०
२८ भरतादिकनी वांछनाउ निषेधेली छे, तेम जिनालय करावानो निषेध कर्यो नथी ते बाबतमां दृष्टांत युक्त समाधान. ४२
२९ द्रव्यस्तवमां मुनिने अनुमोदना करवानो अधिकार छे, एम सिद्धांतानुसार स्थापन. ४४
३० द्रव्यस्तवमां भक्ति अने हिंसानुं मिश्रपणुं छे एम कुमतिनी शंका अने तेनुं विद्वत्तायुक्त समाधान. ४५
३१ द्रव्यस्तव उपदेश करवायोग्य नहोवाथी अनुमोदवा योग्य नथी एवी कुमतिनी वाणी परत्वे हेतुयुक्त समाधान. ४६

३२ दयाना परिणामवाला अने आज्ञा प्रमाणे वर्त्तनारा साधुउने हिंसामां अनुमोदना तथा अनुमति नथी ते संबंधे विस्तारथी वर्णन. ४७

३३ मुनिने पूजा विगेरे केम करवा योग्य नथी ते बाबतनी शंकानुं हेतु युक्ति सहित समाधान. ४८

३४ जावस्तव अने द्रव्यस्तवनो संबंध अने जावस्तव साथे द्रव्य पूजानी अपेक्षा मुनिनेनथी ते बाबत समाधान. ५०

३५ मुनि अने श्रावकनी सामर्थ्यतानी तरतमता अने श्रावकने द्रव्यपूजानी आवश्यकतानो उपदेश. ५२

३६ द्रव्यस्तवमां जेजे गुणोनो समावेश छे तेनुं वर्णन. ५३

३७ जाव आपत्तिनो नाशकरवानी इच्छा राखनारो श्रावक जगवंतनी पूजामां दूषित थतोनथी, ते बाबत युक्ति सहित समाधान. ५७

३८ मुनिने नदी उतरवामां निर्दोष पणुं छे एम न्याय युक्त समाधान ५९

३९ जिन शासननी उन्नति करनार श्रावकने द्रव्य स्तवमां हिंसानो कांइ अंश लागतो नथी ते बाबत हेतु दृष्टांत युक्त समाधान. ६०

४० श्री रीषजदेव जगवाने करेली व्यवहारिक प्रवृत्ति अने ते संबंधमां तेमनी निर्दोषतानुं वर्णन. ६१

४१ श्री महानिशीथ सूत्रमां गणधरोए श्रावकोने पुष्पादिथी जगवंतनी पूजाकरवा संबंधे करेला उपदेशनो अधिकार. ६२

४२ श्री महानिशीथ सूत्रना संबंधमां कुमतियोनुं दूषण अने ते बाबतमां करेलुं समाधान. ६४
४३ जिनालय करवाना संबंधमां श्रीकुवलयप्रभ आचार्यना उपदेशनो अधिकार अने ते संबंधे कुमतियोए करेली आशंकानुं समाधान. ६५
४४ व्रतधारी मुनियोने जिनाबिंबने नमवानो आदेश नथी एवी कुमतियोनी वाणीनुं समाधान. ६८
४५ प्रतिमां संबंधी वैयावच्च तेनी भक्तिद्वारा थायछे, एवी श्री प्रश्नव्याकरण सूत्रनी शाक्षी. ७०
४६ श्री प्रश्नव्याकरण सूत्रमां चैत्यपदनो अर्थ ज्ञानछे एम कथन करनारा कुमतियोनी वाणीनुं खंडन. ७१
४७ वैयावच्च संबंधी चोथा गुणस्थानमां करेला अर्थनुं वर्णन. ७२
४८ पूष्प, जल अने अग्निना जीवोनो वध करी पुजा करनारा प्राणीयोने धर्म केम थाय ? एवी कुमतियोनी वाणीने परास्त करता थकां जे वधने कुशास्त्रमां धर्म कथन करेलोछे ते हिंसाछे, अने सत्क्रियानी स्थिति हिंसा नथी, एम करेलुं समाधान. ७५
४९ दोषवाली पूजा करवाना करतां सामायिक विगेरे निर्दोष क्रिया करवी एवी कुमतिनी वाणीनुं, युक्तिवालुं समाधान. ७८
५० चैत्यपूजामां आरंभनी शंका करवाथी जे दोष लागेछे तेनुं वर्णन. ८०
५१ सावद्य कर्मनो संक्षेप करनार अने पापभीरु श्रावक द्रव्य पूजानो अधिकारी नथी एम दृष्टांत युक्त उपदेश. ८१

५२ शुन्न नाववाला क्रिया करनारा श्रावकने द्रव्य स्तवमां
हिंसा लागती नथी एम युक्ति सहित समाधान. ८२
५३ जिन पूजामां थती हिंसा अनर्थ दंडरूप थाय के अर्थ
दंडरूप थाय ते संबंधमां करेलुं विस्तारवालुं समाधान. ८६
५४ आनंदादि श्रावकोना दृष्टांतोथी कुमतिनी मूढता
सूचवनारू व्याख्यान. ८७
५५ लुंपकोनामतनो उपसंहार करतां थकां जिनराजनी
पूजा करनाराउनी नव्यतानु वर्णन. ९५
५६ तीर्थंकर नगवंतनी प्रतिमानुं पुजन केवुं लान्नदायक
ले तेनुं वर्णन. ९७
५७ प्रतिमानी विधिपूर्वक प्रतिष्टा संबंधी धर्मसागरनो मत
अने ते बाबतमां करवामां आवेलुं समाधान. ९९
५८ अन्य गछना चैत्यने नमस्कार करवो योग्य नथी एवा
मतनी बाबतमां करवामां आवेलुं समाधान. १०३
५९ प्रतिष्टाथी प्रतिमाने विषे परमात्मतत्वनी समापत्ति प्राप्त
थतां तेनी नक्तिथी आत्माने थता लान्ननुं वर्णन. १०५
६० पार्श्वस्थ धर्मसागरना मतनो उपसंहार. १०८
६१ उपस्थित नक्तिथी प्रेरायेला अंतःकरणथी ग्रंथकारे
नगवंतनी प्रतिमानी करेली स्तुति. १०९
६२ द्रव्य स्तव मिश्र अर्थात् धर्म अधर्म रूप ले एवा पाशचंद्र-
ना मतनुं चारपक्षे विकल्प वडे विन्नागकरी, करेलुं खंडन. ११२
६३ अधर्म पक्ष, धर्मपक्ष अने धर्माधर्म पक्ष—आन्नणपक्षमां
गृहस्थने मिश्रपक्ष कहेलोले, ते बाबतमां सूत्रकृतांग

सिद्धांतनो आधार अने ते आधारे पूजा अने पोषधनी बतावेली तुल्यता. १२४

६४ श्रमणोपासकने द्रव्यस्तवनो अधिकार नथी एम कहेनारा पाशचंद्र मतने परास्त करतां थकां, ग्रंथकारे करेला काव्योनुं वर्णन. १२७

६५ जिनपूजन करवानुं कर्म पुण्य रूप छे, परंतु चारित्रनी जेम धर्म रूप नथी एवुं कथन करनारना मतनुं खंडन. १२८

६६ लोकोत्तर अने लौकिक पूजाना स्वरूपनुं वर्णन अने तेथी थता लाभनुं वर्णन. १२९

६७ नैगमादि नय अने हेतु युक्ति युक्त ग्रंथ रचतां गुरुनी कृपानुं स्वरूप बतावी आपेलो उपदेश. १३२

६८ श्री शंखेश्वर पार्श्वनाथनी स्तुति गर्भित दूषण आपनारानी करेली परास्तता. १३३

६९ श्री शंखेश्वर पार्श्वनाथनी हर्षोल्लास युक्त भक्तिनुं स्वरूप. १३५

७० श्री जिनराजनी प्रतिमानुं सत्य स्वरूपवाला विशेषणो युक्त उपमानुं वर्णन. १३७

७१ ग्रंथकारे करेली गुरुस्तुति. १३९

॥ श्री जिनाय नमः ॥

# ॥ श्री प्रतिमा शतकम् ॥

## ॥ गुर्जर-जाषांतर सहितम् ॥

॥ शार्दूलविक्रीडित वृत्तम् ॥

**ऐंद्र श्रेणिनता प्रतापजवनं जव्यांगिनेत्रामृतं,**
**सिद्धांतोपनिषद्विचारचतुरैः प्रीत्या प्रमाणीकृता ।**
**मूर्त्तिः स्फूर्तिमती सदा विजयते जैनेश्वरी विस्फुरन्,**
**मोहोन्मादघनप्रमादमदिरामत्तैरनालोकिता ॥ १ ॥**

अर्थ-इंद्रोनी श्रेणिए नमस्कार करेली, प्रतापना गृहरूप, जव्य प्राणिउंना नेत्रने अमृतरूप, सिद्धांतना रहस्यना विचार करवामां चतुर पुरुषोए प्रीतिथी प्रमाण करेली अने स्फुरणायमान एवी श्रीजिनेश्वर जगवंतनी प्रतिमा सदा विजय पामे छे, के जे प्रतिमा ( मूर्ति ) विविध परिणामवाला मोहना उन्माद अने गाढप्रमादरूपी मदिराथी उन्मत्त एवा कुमति पुरुषोना जोवामां आवती नथी. १

## टीकाकारकृत द्वाररूप काव्यार्थ.

लक्ष्मी अने पुण्यना गृहरूप अणहिल्लपुर पाटणमां रत्ननी खाणवडे यथार्थपणाने धारण करनारा ढंढेरक नामना पाडामां

आवेला श्रीवीरप्रभु, कलिकुंड पार्श्वभगवान अने प्रौढिने प्राप्त थयेला श्रीश्यामला पार्श्वनाथ आ त्रणे जिनेश्वरो तमारूं सदा मंगल करो. १

जव्य पुरुषो स्नात्र महोत्सवो अने पुष्पादिथी निरंतर जेनी पूजा करे छे, सत्पुरुषो अने मुनिजनो हृदयकमलमां जावथी जेने स्थापन करे छे अने श्री पंचासर पार्श्वनाथ नामथी जे श्रेष्ठ प्रसिद्धिने पामेला छे, ते श्रीपार्श्वनाथ प्रज्ञु चिंतामणिथी पण अधिक तमारां वांछितो पूर्ण करो. २

महिमाथी ज्ञानरूप प्रज्ञा आपनारा सारस्वत ( सरस्वती संबंधी ) तेजनुं ध्यान करी, पुनमीआ गछना अधीश्वर श्रीभावप्रभसूरिए पोताना शिष्य ज्योतीरत्न माटे प्रतिमा शतक वृत्ति उपर सूत्रना अर्थने सूचवनारी आ टीका तेथी कांइ जुदी करेली छे. ३–४

दुष्ट लुंपाक ( जैनाजास–लोंका ) पुरुषोए प्रतिमा पूजनविधिनो स्फुट रीते निषेध करेल छे. तेना अंशनो आश्रय लइ केटलाएक गछांतरीउंए तेमनी जेम प्रतिमाने तजी दीधी छे. पाश दोषना खाणरूप केटलाएके प्रतिमाने मिश्रपक्षमां मेली पूजवा योग्य कहेली छे अने उत्तम पंडितोएज पुण्यफल आपनारी ते निर्जरा रुप प्रतिमा पूजेली छे. ५

विशेषार्थ–सो ग्रंथ रचनारा महोपाध्याय श्रीयशोविजयजीए आ प्रतिमा शतक ग्रंथ रचेलो छे. तेमां प्रतिमा सबंधी शंकानुं निराकरण करवानी इछाथी प्रतिमानी स्तुतिरूप प्रथम श्लोक इष्ट बीजना ध्यानपूर्वक कहे छे.

श्री जैनेश्वरी प्रतिमा सदा जयवंत वर्त्ते छे. जैनेश्वरी अर्थात् जिनेश्वर संबंधी प्रतिमा ( मूर्त्ति ) जे सर्वदा प्रवाहरूपे स्पष्ट छे, ते निरंतर विजय पामे छे, अर्थात् सर्वोत्कृष्टपणे वर्त्ते छे. ( अहिं जि धातुनो अर्थ उत्कर्ष थाय छे, ते विषे आख्यातचंद्रिका नामना ग्रंथमां लखेछे के जि धातु पराभव अने उत्कर्ष अर्थमां प्रवर्त्ते छे अने ते अकर्मक छे. अहिं विजयते तेमां वि उपसर्ग छे, ते सर्वथी अधिकपणुं सूचवेछे ) ते प्रतिमा केवी छे ? इंद्रोनी श्रेणिवडे जे नमस्कार पामेली छे. आ विशेषणथी एवो व्यंगार्थ निकले छे के ते प्रतिमाने उलवनारा कुमतिउने इंद्रोना निश्चल श्राप लागे छे. वली ते प्रतिमा केवी छे? प्रताप अर्थात् द्रव्य भंडार अने दंडना तेजनुं जे गृह छे. आ तेज स्थापनाजी संबंधी जाणवुं. अने स्थापनाजीनो उपचार करी तेनी व्याख्या करवी. तेथी एवो व्यंगार्थ जणायछे के ते प्रतिमाने उलवनारा कुमतिउ श्रीभगवंतना प्रतापाग्निथीज भस्म थशे. पुनः ते प्रतिमा केवी छे? भव्य अर्थात् आसन्न सिद्धिवाला प्राणिउना नेत्रने अमृतसमान छे, कारण के तेना दर्शनथी नेत्रना सर्व रोग दूर थाय छे अने परम आनंद प्राप्त थाय छे. आ विशेषणथी एवो व्यंगार्थ निकलेछे के ते प्रतिमाना दर्शनथी जेउना नेत्रने आनंद थतो नथी, तेउ अभव्य के दूरभव्य जाणवा. वली ते प्रतिमा केवी छे? सिद्धांतना रहस्यनो विचार करवामां चतुर एवा विद्वानोए जेने प्रमाण करेली छे. बलात्कार के दबाणथी नही, परंतु प्रीतिथी जेने प्रमाण करेलीछे. तेथी एवो व्यंगार्थ जणाय छे के सिद्धांतमां प्रतिमानुं प्रमाण अने साबिती रहेली

छे. तेथी प्रतिमाने प्रमाण पूर्वक प्रीतिथी माननार पुरुषो श्रेष्ठ अने आदरवा योग्य छे, अने ते प्रतिमाने अप्रमाण करनारा पुरुषो सिद्धांतना अजाण छे. वळी ते प्रतिमा केवी छे? स्फुर्तिमती अर्थात् वधती कान्तिवाळी वा अष्ट प्रातिहार्य युक्त छे. आ विशेषणथी एम सूचव्युं के ते प्रतिमाना आराधक पुरुषोनेज बुद्धिनी स्फुर्ति थाय छे,अन्यने थती नथी. पुनः ते प्रतिमा केवी छे ? जे आदरथी जोवामां आवती नथी. अहिं अन्य अर्थनो अध्याहार रहे छे. केवा पुरुषोथी जोवामां आवती नथी ? विविध परिणामने पामतो जे मोहोन्माद तथा गाढ प्रमाद तेरूप मदिराथी उन्मत्त थयेला पुरुषोथी जे जोवामां आवती नथी. अहिं मोह शब्दमांज प्रमादनो अर्थ आवी जात, परंतु अनाभोग बुद्धिनो नाश करनार इत्यादि रूप प्रमादने अधिकपणे ग्रहण करवाथी मोह अने प्रमाद बंने ग्रहण करेला छे. ॥१॥

प्रथम श्लोकमां प्रतिमा सर्व विद्वानोए आदर आपवायोग्य छे एम कह्युं. हवे नाम विगेरे त्रणे निक्षेपा भावनिक्षेपा तुल्य छे एम स्थापनाद्वारा जणावी प्रतिमानो अनादर करनारा कुमतिउने आक्षेप करी कहे छे.

**नामादित्रयमेव भावभगवत्ताद्रूप्यधीकारणं,**
**शास्त्रात् स्वानुभवाच्च शुद्धहृदयैरिष्टं च दृष्टं मुहुः ।**
**तेनार्हत् प्रतिमामनादृतवतां भावं पुरस्कुर्वता-**
**मंधानामिव दर्पणे निजमुखालोकार्थिनां का मतिः ।२।**

अर्थ–नामादि त्रणे निक्षेप भावरूप भगवंतना तद्रूपपणानी

बुद्धिनां कारण छे, अने ते शुद्धहृदयवाळा गीतार्थ पुरुषोए शा-स्त्रथी अने स्वानुभवथी इछेल छे तथा वारंवार जोयेल छे. तेम-छतां अर्हत् प्रतिमानो अनादर करी मात्र भाव अर्हत् ने जे माननारा छे. तेउनी बुद्धि दर्पणमां मुखजोनारा अंध पुरुषोनी जेम कोण मात्र छे ! ॥ २ ॥

विशेषार्थ–शुद्ध हृदयवाळा गीतार्थ पुरुषोए नाम विगेरे त्रण-अहिं नामादि पदनो अर्थ नाम विगेरे त्रण निक्षेप एम लेवानो छे. एटले कृदभिहित ए व्याकरणना न्यायथी एवो अर्थ थाय के, निक्षेप करातां नामादि त्रण, भावरूप भगवंत अर्थात् नि-क्षेपरूपे थता भावरूप भगवंतमां अभेद बुद्धिना कारण छे. ते कारण शास्त्रना प्रमाणथी अने स्वानुभव एटले स्वगत तार्किक बुद्धिना प्रमाणथी वारंवार इछेल छे अने जोयेल छे, अर्थात् शास्त्रथी इछेल छे अने अनुभवथी जोयेल छे. आ कथनथी तत्व-प्राप्तिना समग्र उपाय सूचव्या. ते विषे योगाचार्यना वचनने अनुवाद करनारा श्रीहरिभद्र सूरि कहे छे के “ आगमेना-नानुमानेन, ध्यानाभ्यास रसेनच । त्रिधा प्रकल्पयन् प्रज्ञां लभते तत्वमुत्तमं ॥ ” आगम अनुमान अने ध्यानाभ्यास–ए त्रण प्रकारे बुद्धिने प्रसारनार पुरुष उत्तम तत्त्व प्राप्त करे छे. तेथी नामादि त्रण निक्षेप मध्येना स्थापना निक्षेप रूप अर्हत् प्रति-मानो अनादर करनारा अने मात्र भाव निक्षेपनेज आगळ करी पोताना वचन मात्रने प्रमाण करनारा जे पुरुषो छे, तेउनी बुद्धि दर्पणमां पोतानुं मुख जोवाने इछता अंध पुरुषोना जेवी छे. अर्थात् कांइ नथी.

त्रण निक्षेपानो अनादर करी केवल भावोल्लास करवो अशक्य छे. शास्त्रप्रमाणे नामादि त्रणे निक्षेप हृदयमां होयछे त्यारे परम ध्येयरूप परमात्मा जाणे आपणी सन्मुख स्फुरणायमान होय, हृदयमां प्रवेश करता होय, मधुर आलाप करता होय अने सर्व अंगोअंग अनुभवता होय एम लागे छे. अने तेथी सर्व कल्याणनी सिद्धि थाय छे. माटे त्रण निक्षेपना आदर विना भावनिक्षेप केवी रीते थइ शके ? भावोल्लास तेनेज आधीन छे.

पूर्वपक्ष– भावोल्लास स्वाभाविक थायछे.

उत्तरपक्ष– भावोल्लास स्वभाविक थाय एवो एकांत निश्चय होयज नही, जो तेम मानीए तो अनेकांत जैनमतमां सर्व व्यवहारना उच्छेदनो प्रसंग आवे. ( अहिं प्रतिमा लुंपकोने जे विशेषण आपी अंध पुरुषोनी साथे सरखाव्या छे, ते उत्प्रेक्षा अलंकार थाय अथवा कल्पित उपमा अलंकार पण थाय. ते बाबत अलंकार ग्रंथमां निपुण पुरुषोए योग्य लागे तेम जाणी लेवुं.)

आ प्रमाणे स्वगत अध्यात्मना गुणवडे चार प्रकारे वंदनानुं योग्यपणुं सूचव्युं. तेमां मस्तक अने चरणना संयोगरूप वंदन भाव भगवंतना शरीरमांज संभवे, परंतु आकाशनी जेम अरूपी एवा भाव भगवंतमां ते संभवतुं नथी. अने भावना संबंधथी शरीरसंबंधी वंदन भावनेज लागुपडे.

पूर्वपक्ष– नामादिसंबंधी वंदन पण भावने केम न प्राप्त थाय ? महानिशीथ सूत्रमां भावाचार्यने तीर्थंकर तुल्य कहेला छे अने तेना त्रण निक्षेपने नकामा गणेला छे. तेना पांचमा अध्ययनमां कह्युं छे के " चार प्रकारना आचार्य जाणवा, तेमां

नामाचार्य विगेरे त्रण आचार्य करतां जे भावाचार्य छे ते तीर्थंकर समान जाणवा.

उत्तर पक्ष– परम शुद्ध भावने ग्रहण करनार निश्चयनयनोज आ विषय छे. जेना मतमां एकपण गुणनो त्याग करवाथी मिथ्यादृष्टिपणुं प्राप्त थाय छे. यदाहु: " जो जहवायं न कुणइ मिछदिठी तउहु कोन्नोत्ति " तेना मतमां बीजा निक्षेपना अनादरमां पण नैगम विगेरे सर्व नयथी नामादि निक्षेपने प्रमाण मानेला छे. तेम छतां तने आवो व्यामोह केम थाय छे? कारणके सर्वनय संमतनेज शास्त्रार्थपणुं छे, अन्यथा समकित अने चारित्रना ऐक्यने ग्रहण करनारा निश्चय नयवडे अप्रमत्त संयतज समकितनो स्वामि थाय अने प्रमत्त न थाय. अने तेथी श्रेणिक विगेरे अनेक पुरुषोने थयेलुं प्रसिद्ध समकित तारा जेवा देवानां प्रिय माणसे ( मूर्ख ) स्विकारवा योग्य न थाय. आ अर्थने प्रतिपादन करनार सूत्र आचारांग सूत्रना पांचमा अध्ययनना त्रीजा उद्देशामां कहेलुं छे. यथा–"जं संमंति पासहा तंमोणंति पासहा, जं मोणंति पासहा तं सम्मंति पासहा" अर्थ–जेजे कारक समकित छे ते मुनिपणुं छे, अने जेजे मुनिपणुं छे ते कारक समकित छे, इत्यादि वली भावाचार्यपणुं नाम, स्थापना, द्रव्यथी प्रशस्त छे, छतां तेनुं उल्लंघन करतुं नथी, अने अंगारमर्द्दक विगेरेनुं द्रव्य तो तेनां नाम, स्थापनानी जेम अप्रशस्तज छे. तेनो अर्थ उपर प्रमाणे महानिशीथ सूत्रमां आवीजाय छे. वली गुरुतत्व निश्चयमां कह्युं छे के जे वस्तुनो भाव निक्षेपो शुद्ध छे, तेनां नामादि त्रणे निक्षेपा शुद्ध जाणवा.

जेमके गौतमादिकनो भाव निक्षेपो आराध्य छे, तो नामादि त्रणे आराध्य छे, अने अंगारमर्द्दकनो भाव निक्षेपो अशुद्ध ( अनाराध्य ) होवाथी नामादि त्रणे अनाराध्य छे. आ प्रमाणे श्रेष्ठ भावसंबंधी सर्व निक्षेपनुं श्रेष्ठपणुंज छे, एम निश्चय थाय छे. तेथी तेवा नाम निक्षेपनुं आराधन पण श्रेष्ठ गणाय. तेविषे श्री उत्तराध्ययन सूत्रना समकित पराक्रम नामना अध्ययनमां कह्युं छे. यथा—"चउवीसथ्थेणं भंते जिवेकिं जणइ? चउवीसथ्थेणं दंसण विसोहिं जणइत्ति" अर्थ—हे भगवंत! चोवीसथ्थो करवाथी जीव शुं उपार्जे, भगवंते कह्युं के जीव दर्शन विशुद्धि करे. दर्शन आराधननुं महाफल कहेलुं छे. वली भगवतीसूत्र विगेरेमां महापुरुषना नामश्रवणनुं महाफल कहेलुं छे. यथा "तं महाफलं खलु अरहंताणं भगवंताणं नाम गोयमस्स विसवणयाए" इत्यादि. तेमज नाम, स्थापना निक्षेपनुं आराधन पण बतावेलुं छे. यथा आलावो. "थय थुइ मंगलेणं भंते जीवे किं जणइ? थय थुई मंगलेणं नाण दंसण चरित्त बोहिलाभं जणइ नाण दंसण चरित्त बोहिलाभ संपत्तेणं भंते जीवे० अंतकिरिअं कप्पविमाणोववत्तिअं आराहणं आराहे" इति. हे भगवंत! स्तव, स्तुतिरूप मंगलवडे जीवने शुं लाभ थाय, भगवंते कह्युं के स्तव, स्तुतिरूप मंगलवडे जीवने ज्ञान, दर्शन, चारित्र अने बोधिनो लाभ थाय, अने ज्यारे ज्ञान, दर्शन, चारित्र अने बोधिनो लाभ थाय त्यारे ते कल्पविमानोपवर्ती आराधनने आराधे. आ व्याख्या सिद्ध छे. अहिं स्तव, स्तवन अने स्तुति त्रणे प्रकार प्रसिद्ध छे, तेमां चैत्यवंदन अवसरे स्थापना प्रभुनी

पासे जे कराय छे ते स्तुति समजवी. वळी तेवीज रीते द्रव्य निक्षेपनी आराध्यता पण सूत्रमां स्फुट रीते जणाय छे. जेम श्री आदिनाथ भगवंतना समयमां साधुओ ज्यारे आवश्यक क्रिया करे त्यारे चतुर्विंशति स्तवना आराधनमां त्रेवीश द्रव्य जिन पण आराध्यपणाने पामेछे. श्री ऋषभदेव अने अजीतनाथ विगेरेना समयमां एक स्तव, द्विस्तव विगेरेनी प्रक्रिया करी शकाय नहि, कारण के शास्वता अध्ययननो पाठ लेशमात्र फेरववो ते मृत्युना कोपनी जेम वज्रलेप जेवो छे. अर्थना उपयोगथी रहित एवुं कीर्तन राजानी वेठजेवुं छे, अने तेथी ते योगीकुल जन्मने बाधक छे, ते कारणथीज द्रव्य आवश्यकनो निषेध करेलो छे, कारणके सूत्रमां तेनो उपयोग रेहेतो नथी, वळी द्रव्यनी उद्घोषणा अनुयोगद्वार विगेरे सूत्रोमां सर्वत्र प्रसिद्ध छे, परंतु अर्थना उपयोगना स्विकारपणाथीज द्रव्यजीवनी आराध्यता सिद्ध थाय छे. आ उपरथी शासननी विडंबना करनारा लुंपको एवो उपहास करेछे के, जो द्रव्य जिननुं आराध्यपणुं स्विकारीएतो हस्तमां लीधेली अंजलिमां रहेला सूक्ष्म जीवोनुं पण आराध्यपणुं प्राप्त थाय, कारण के कोइ समये ते जीवोने पण जिनपदवीनी प्राप्तिनो संभव छे. आ तेमनो उपहास तदन निर्माल्य छे. कारण के तेवा जीवोमां द्रव्य जिनपणाने निश्चय करनारा पर्यायनुं आपणने ज्ञान नथी. जो तेवुं ज्ञान होयतो ते जीवोनुं पण आराध्यपणुं संभवेछे. श्री ऋषभ परमात्मानी वाणीथी जिनपर्याय जाणी भरतचक्रीए मरिच्चिने वंदना करी हती, ते अधिकार प्रसिद्ध छे. दीर्घकाले पण प्रस्थक विगेरेना दृष्टांतथी दूर

एवा नैगम नयना अभिप्रायवडे तेनो आश्रय करी शकाय छे. वळी ज्ञानीना वचनथी योग्यता विशेष जाणी दोष के उपेक्षा पण थायछे, अने तेप्रमाणे मुनियोने वंदन, वैयावृत्य विगेरे व्यवहार पण चाले छे. आप्रमाणे श्री वीरप्रभुना वचनथी अतिमुक्त मुनिनुं भविष्यमां भद्रपणुं जाणी स्थविरोए व्रतनी स्खलनानी उपेक्षा करी तेमनुं वैयावच्च कर्युं हतुं.

वळी " नमो सुअस्स " श्रुतज्ञानने नमस्कारहो–इत्यादि वाक्योथी द्रव्य निक्षेपनी आराध्यता प्रतीत थाय छे. अक्षर विगेरे श्रुत भेदमां, संज्ञा, व्यंजन, अक्षर विगेरे भाव श्रुतना कारण होवाथी तेमने द्रव्यश्रुतपणुं प्राप्त थायछे. यथा " दव्व सुअंजं पत्तय पोत्थय लिहितं " पत्र पुस्तक विगेरेमां जे लखेलुं ते द्रव्यश्रुत छे, अने ते आगम प्रमाणथी सिद्ध छे. श्री जिन-वाणीनो योग जे द्रव्यश्रुत ते श्रोताओने भावश्रुतनुं कारण छे. आ प्रमाणे होवाथी भावनिक्षेपने कांइपण विपरीत भिन्नता नथी. आवी रीते चारे निक्षेपनुं आराध्यपणुं सिद्ध थायछे. ॥ २ ॥

एवी रीते सिद्ध थवाथी ते प्रतिमा ब्राह्मी लिपिनी जेम सूत्र-न्यायथी वंदवायोग्य छे, तेथी तेने ओळवनारा कुमतियोनी मूढता खुल्ली करे छे.

लुप्तं मोहविषेण किं किमु हृतं मिथ्यात्वदंभोलिना,
मग्नं किं कुनयावटे किमु मनो लीनं तु दोषाकरे ।
प्रज्ञप्तौ प्रथमं नतां लिपिमपि ब्राह्मीमनालोकयन्,
वंद्यार्हत्प्रतिमा न साधुभिरिति ब्रूते यदुन्मादवान् ।३।

अर्थ–प्रज्ञप्ति (ज्ञगवती) सूत्रमां श्रीसुधर्मा स्वामिए प्रथम नमस्कार करेली ब्राह्मी लिपिने पण नहीं विचारतो ते कुमति मोहने वश थइ कहे छे "साधुउंए अर्हंतनी प्रतिमा वंदन करवा योग्य नथी" आते शुं तेनुं मन मोहरूप विषथी लुप्त थइ गयुं छे ? वा मिथ्यात्वरूप वज्रथी हणाइ गयुं छे ? वा कुनयरूप खाडामां खुंची गयुं छे ? के दोषनी खीणमां लीन थइ गयुं छे ? ३.

विशेषार्थ–प्रज्ञप्ति सूत्रमां प्रथमज सुधर्मा स्वामिए नमस्कार करेली श्री बाह्मीलिपिने पण धारणा बुद्धिथी नहीं विचारतो कुमति " अर्हतनी प्रतिमा साधुउंने वंदन करवा योग्य नथी " एम मोहने वश थइ बोले छे, ते शुं तेनुं मन मोहरूपी विषवडे व्याकुल थयेलुं छे ! मिथ्यात्वरूप वज्रथी हणायेलुं छे ! वा कुर्नयरूपी कुवामां मग्न थयेलुं छे ! ( अहिं यद्धा तु अव्यय उत्प्रेक्षालंकार बतावेछे ) वा दोषनो समुहजे दोषाकर तेमां लीन थयुं छे ! अहिं एवो पण अर्थ थाय के दोषाकर एटले चंद्र तेमां छायाना आश्लेषथी मन पेसी जाय छे, एम वेदमतमां माने छे. अर्थात् तेमां शुं मृत्यु पामेलुं छे ! अहिं अंधकार जाणे अंगने लिंपतुं होय ए दृष्टांत प्रमाणे मोहरूप विष व्यापवाथी लुंपक कुमतिना मननी मूढता थइ गयेली छे. प्रज्ञप्ति सूत्रमां "णमो बंजीए लिवीए" बाह्मीलिपिने नमस्कार. एवुं पद मुकेलुं छे. ३

हवे नामप्रत्ये वंदवायोग्य स्थापनाने स्थापित करे छे.

**किं नामस्मरणेन न प्रतिमया किं वा ज्ञिदा कानयोः,**
**संबंधः प्रतियोगिना न सदृशो ज्ञावेन किं वा द्वयोः।**

तद्वंद्वं द्वयमेव वा जडमते त्याज्यं द्वयं वा त्वया,
स्यात्तर्कादत एव लुंपकमुखे दत्तो मषीकूर्चकः ॥ ४ ॥

अर्थः—चतुर्विंशति स्तवमां रहेला नामना स्मरणथी के प्रतिमाथी शुं छे ? ते बंनेमां शो भेद छे ? बीजा निक्षेप के भावनिक्षेपनी साथे ते नाम अने स्थापनानो संबंध शुं सरखो छे? जरा फेर छे, तेथी हे जडमतिवाळा ! कांतो तारे ते बंनेने वांदवा अथवा तो ते बंनेने त्याग करवा. आ तर्कथी ते लुंपक कुमतिना मुखपर मषीनो कुचडो आप्यो, अर्थात् तेना मुख उपर श्यामता आपी.

विशेषार्थ—चतुर्विंशति स्तव विगेरेमां रहेलां नामना अनुचिंतनथी कदि अहिं शंका थाय के नामस्मरण पुद्गलात्मकपणाथी आत्माने उपकारी न थाय, पण नामस्मरणमां गुणनी समापत्ति थाय तो तेथी फल थाय. तेथी कहे छे के प्रतिमाथी पण शुं? उत्तर के—प्रकाशमान, गुणसमुद्र अने लोकोत्तर मुद्राथी अलंकृत एवी भगवंतनी प्रतिमाना दर्शनथी पण सर्वातिशयी भगवंतना गुणोनुं स्मरण थवाथी तथाप्रकारे ध्यान थवानो संभव छे. कह्युं छे के—

" प्रशम रस निमग्नं दृष्टि युग्म प्रसन्नं, वदन कमलमंकः कामिनी संग शून्यः । करयुगमपि यत्ते शस्त्र संबंध वन्ध्यं, तदसि जगति देवो वीतराग स्त्वमेव ॥ अहिं कोइ शंका करे के नाम अने नामवाळानी साथे वाच्यवाचक संबंध छे,पण स्थापनाने तेवो संबंध तथ नथी तेमां तेटलो भेद छे, तेथी कहे छे के प्रति यो-

गिनी साथे एटले बीजा निक्षेपने निरूपण करनार भावनिक्षेपनी साथे ते बंने नाम अने स्थापनानो संबंध शुं सरखो छे के तेमां परस्पर कांइक विषमपणुं छे ? उत्तर के एकमां वाच्यवाचक भाव अने बीजामां स्थाप्यस्थापक भाव छे, तेटलो अविशेष छे. आ युक्तिथी हवे प्रतिवादीने आक्षेप करे छे. तो हे जडमति ! तारे ते बंने नाम अने स्थापनाने अविशेषपणे वंदना करवी, कारण के बंनेमां भगवंतना अध्यात्म विषे विशेष तफावत नथी. अने जो अंतरंग प्रतीतिनो अभाव होय तो ते बंनेनो त्याग करवो. आ युक्तिथी तेने प्रतिमानो अंगीकार करवो पडे अने ते तेने अनिष्ट थयुं तेथी ते लुंपक प्रतिवादीना मुख उपर मषीनो कुचडो लाग्यो अर्थात् मुख उपर मलिनता आवीगइ, एवो पण भावार्थ निकले के ते मौन रह्यो. ( अहिं असंबंधमां संबंधरूप अतिशयोक्ति अलंकार थाय छे ) वली एवो पण तर्क थाय के जे भावनिक्षेप छे ते अवंद्य स्थापना निक्षेपनो प्रतियोगी थाय के अवंद्य नाम निक्षेपनो प्रतियोगी थाय; आवा तर्कनुं जे व्यधिकरण ( असदृश ) पणुं छे ते पण उडी जाय छे.

एवी रीते युक्तिथी प्रतिमा विगेरेनो निर्णय करी, हवे तेना विराधक पुरुषोनुं उपहास्य अने आराधक पुरुषोनी स्तुति करे छे.

**स्वांतं ध्वांतमयं मुखं विषमयं दृग् धूमधारामयी,**
**तेषां यैर्न नता स्तुता न भगवन्मूर्तिर्न वा प्रेक्षिता ।**
**देवैश्चारणपुंगवैः सहृदयैरानंदितैर्वंदिता,**
**ये त्वेनां समुपासते कृतधियस्तेषां पवित्रं जनुः ॥५॥**

अर्थः—जेउए जगवंतनी मूर्तिने नमस्कार कर्यो नथी, तेनुं हृदय अंधकारमय छे, जेउए तेनी स्तुति करी नथी तेनुं मुख विषमय छे अने जेउए तेनां दर्शन कर्यां नथी तेमनी दृष्टि धूम्र धाराथी व्याप्त छे. देवताउए, चारण मुनियोए अने तत्ववेत्ताउए आनंदथी वंदना करेली ते प्रतिमानी जे उपासना करे छे, तेउनी बुद्धि कृतार्थ छे, अने तेमना जन्म पवित्र छे.

विशेषार्थ— जेउए जगवंतनी प्रतिमाने नमस्कार कर्यो नथी, तेमनुं हृदय अंधकारमय छे, कारण के हृदयमां नमस्कार करवाना परिणामरूप प्रकाशनो अजाव होवाथी न नमन करवारूप अंधकार रह्या करे छे. जेउए जगवंतनी प्रतिमानी स्तुति करी नथी, तेमनुं मुख विषमय छे, कारण के स्तुतिरूप सुजाषित अमृतनो तेमना मुखमां अजाव छे. अने तेथी विषनुं सत्व रहेलुं छे. जेउए जगवंतनी प्रतिमानुं अवलोकन कर्युं नथी, तेमनी दृष्टि धुम्र धाराथी व्याप्त छे, कारण के जगतनी दृष्टिने अमृतसिंचन समान तृप्ति आपनार ते प्रतिमाना दर्शननो तेमने अजाव होवाथी तेमनां नेत्र धुम्रधाराथी आवृत थयेलां छे, एम सिद्ध थाय छे. वली अंधकार, विष अने धुम्र विगेरे दोषथी तेमनामां तेवी जातना बीजा पण दोष छे, एम निश्चय थाय छे. ( अहिं काव्यलिंग अलंकार साथे अतिशयोक्ति अलंकार छे. ) जे कृतार्थ बुद्धिवाला पंडितो ए जगवंतनी प्रतिमानी उपासना करे छे, तेमना जन्म निरंतर मिथ्यात्व रूप मलना परित्यागथी पवित्र छे. ते प्रतिमा सुर, असुर, व्यंतर अने ज्योतिषी देवताउए, जंघाचारण, विद्याचारण मुनियोए अने तत्ववेत्ता पुरुषोए

आनंदथी वंदना करेली छे, कारण के आगम सिद्ध शिष्टाचार होवाथी तेनी उपासना देवतादिकना जन्मने पवित्र करनार थाय छे. देवताए जेवी रीते वंदना करेली छे ते आगल श्लोकमां स्फुट करीशुं, अने चारणमुनिनो अधिकार प्रज्ञप्तिसूत्रना वीशमा शतकना नवमा उद्देशामां वर्णव्यो छे. यथा " कइविहाणं भंते चारण पन्नत्ता " इत्यादि आलावाथी जाणी लेवुं.

एवी रीते प्रतिमानो स्वीकार कह्यो, हवे तेमां कुमतिउंए कल्पेली आशंकाने निरास करी कहेछे.

**प्रज्ञप्तौ प्रतिमानतिर्न विदिता किं चारणै र्निर्मिता,**
**तेषां लब्ध्युपजीवनाद्धिकटना भावात्त्वनाराधना ।**
**सा कृत्याकरणादकृत्यकरणाद् भग्नव्रतत्वं भवे ,**
**दित्येता विलसन्ति सन्नयसुधासारा बुधानां गिरः॥६॥**

अर्थ—प्रज्ञप्ति ( भगवती ) सूत्रमां चारणमुनियोए करेली प्रतिमानी वंदना शुं प्रसिद्ध नथी? अर्थात् प्रसिद्ध छे. ते चारण मुनियोनुं जीवन लब्धिथी छे, अने ते जीवन प्रमादरूप छे, तेथी तेउने आलोचनानो अभाव छे, अने तेथी तेमनी अनाराधना गणायछे. ते अनाराधना करवा योग्य न करे अने न करवा योग्य करे ते रूप छे अने तेथी तेमने व्रत भंगपणुं प्राप्त थायछे. आ प्रकारनी शुभनयरूप अमृतवडे श्रेष्ठ एवी विद्वानोनी वाणी विलास करेछे. ॥ ६ ॥

विशेषार्थ—भगवती सूत्रमां जंघाचारण, विद्याचारण मुनियोए करेली प्रतिमानी वंदना शुं प्रसिद्ध नथी ! अर्थात् प्रसिद्ध

छे. सिंहसमान सुधर्मा स्वामिनुं वचन सूर्यप्रकाश जेवुं छे, ते कुमतिरूप घुवड पक्षीथी अपन्हवकरी ( छुपावी ) शकाय तेम नथी.

पूर्वपक्ष–तमे जे कह्युं तेतो स्पष्ट छे, परंतु चैत्यवंदन निमित्त आलोचना कर्या वगर तेमने अनाराधक पणुं कहेलुं छे, कारण के " तस्सठाणस्स अणालोइअ अपडिक्कंते कालंकरेइ ' इत्यादि भगवती सूत्रमां पाठ छे, अने तेथी अमे तेउनी चैत्यवंदना रस-भरेली जाणता नथी.

उत्तरपक्ष–ते जंघाचारण, विद्याचारण मुनियोने लब्धि उप-जीवन छे, अने लब्धि उपजीवन ते प्रमाद गति छे, कारणके तीरना वेगनी जेम शीघ्र गतिए गमन करतां वचमां तीर्थयात्रा तथा शास्वता देहेरा प्रमुख रही जायछे, तेथी तेमने चित्तमां बहु खेद उपजेछे. अहिं तीरना वेगनी जेम गमन ते आलोचना करवा योग्य छे. मूलमां विकटना शब्दनो अर्थ आलोचना थायछे. " आलोयणा वियडणा " एवुं निर्युक्ति वचन छे. ते चारणमुनियो आलोयण करी काल करेतो आराधक छे अने ते विना काल करेतो विराधक छे. वली अनाराधना कृत्यतो प्रमाद-नी आलोचना न करवाथी तथा अकृत्य करवाथी अर्थात् चै-त्यवंदनमां मिथ्यापणुं करवाथी गणाय, अने तेने जो अनाराध-ना कहेवामां आवे तो भग्नव्रतपणुं थाय कारणके मिथ्यात्वना सहचारी एवा अनंतानुबंधीना उदयथी चारित्रनो मूलमांथी उच्छेद थई जायछे. ते विषे सूत्रमां एवुं वचन छे के " कषाय चारित्रने मूलमांथी छेदेछे " तेथी तेप्रमाणे थायतो मात्र आ-

लोचना कर्याथी शोधी शकाय तेम नथी. आवो कुतर्करूप सघ-
लो त्रार मिथ्या कल्पना करनारा कुमतिना मस्तक उपर सदा
रहो. आ प्रमाणे शुद्धनयरूप उत्तम रस मिथ्या कल्पनारूप
विषना विकारने परास्त करनार होवाथी अमृतरस समान छे.
ते रसवडे श्रेष्ठ एवी सिद्धांतना पारगामीउनी वाणीउ छे.॥ ६ ॥

कुमतियोनो एवो मत छे के चारण मुनियोनी गतिनो जेटलो विषय कह्यो छे, तेटला प्रदेशमां जवानी परीक्षा करी जोवामांज तेमनो मुख्य उद्देश छे. ते परीक्षा करवा ज्यारे तेउ गमन करे छे, त्यारे तेमने अपूर्व चैत्योनुं दर्शन थवाथी विस्मय थाय छे अने ते विस्मयनेलीधे तेउ तेमनी वंदना करे छे, कांइ पोतानी प्रीति रसनाउल्लासथी करता नथी, माटे तेमनुं ते आचरण शिष्टाचार न कहेवाय. ते दृष्टांतथी सर्व साधुउने पण तेमने वंदन करवानी योग्यता तेवीज छे. आप्रमाणे ते कुमतियोनी शंका बतावी तेनो निषेध करे छे.

**तेषां न प्रतिमानतिः स्वरसतो लीलानुषंगात्तु सा,**
**लब्ध्याप्तादिति कालकूटकवलोद्गारा गिरः पाप्मनां ।**
**हंतैवं न कथं नगादिषु नतिर्व्यक्ता कथं वेह सा,**
**चैत्यानामिति तर्ककर्कशगिरा स्यात्तन्मुखं मुद्रितं।७॥**

अर्थः– ते चारण मुनियोने प्रतिमानी वंदना पोताना प्रीति रसथी नथी, पण लब्धिथी प्राप्त थयेला कौतुक लीलाना प्रसंगथी छे. आवी कालकूटना कोलीयाना उद्गारजेवी ते पापीउनी वाणी छे. तेना उत्तरमां कहेवानुं के जो तेम होय तो ( मा-

नुषोत्तर आदि ) पर्वतोविषे तेउनी वंदना केम न थाय ? त्यां- पण कौतुकथी थवी जोइए,अने अहिं (भरत, विदेहादि क्षेत्रोमां आवेला ) चैत्योनेविषे तेमनी वंदना स्पष्ट रीते थयेली छे, तेनुं शुं कारण ? आवी कठोर तार्किक वाणीथी ते पापीउनुं मुख मुद्रित थइ जाय छे. ७

विशेषार्थः– ते जंघाचारण, विद्याचारण मुनिउ प्रतिमाने स्व- रस अर्थात् श्रद्धा भक्तिवाला परिणामथी वंदना करता नथी, पण लब्धिथी प्राप्त थयेली कौतुकलीला जोवानी इच्छाथी प्रव- र्त्तता तेमनुं सांनिध्य थइ जवाथी तेउ वंदना करे छे. कदि तेवी रीते श्रद्धा भक्तिविना वंदना करे तो तेमने शी हानि थवानी ? कारण के श्रद्धा भक्तिपूर्वक अकृत्य करे तोज दोष लागे छे. आवा प्रकारनी ते पापी कुमतियोनी वाणी प्रवर्त्ते छे, जे वाणी कालकूट ( विष )ना कोलीयाना उद्गाररूप छे, अर्थात् ते उ- द्गार कालकूट विषना कोलीयाज छे. कारण के जेमणे मिथ्या- त्वरूप कालकूट ( विष ) ग्रहण करेलुं होय, तेमना मुखमांथी तेवाज उद्गार निकलवानो संभव छे. हवे तेनो उत्तर आपे छे. जो एवीरीते लीला कौतुकथी विस्मय पामी ते मुनियो वंदना करता होय तो मानुषोत्तर, नंदीश्वर, रुचक, मेरुपर्वत अने तेना उद्यान विगेरेमां ते चारणो वंदना करता नथी तेनुं शुं कारण ? तेनुं पण अपूर्व दर्शन छे, तेथी विस्मय पामी ते थवानो संभव छे. तेमज आ भरत, विदेहादि क्षेत्रमां ज्यारे त्यांथी पाछा फरे छे, त्यारे तेउए अत्रेना चैत्योनी वंदना करेलीछे तेनुं शुं कारण ? आवी तार्किक कर्कश वाणीथी ते पापीउनुं मुख बंध थइ जाय

छे, अर्थात् आ उत्तरथी प्रत्युत्तर आपवाने समर्थ थता नथी. अहिं एम समजवानुं छे के, जेम गोचरीना उद्देशथी निकलेला साधु वचमां आवी मलता साधुओने वंदना करे छे, तेम ते चारण मुनियो वचमां आवता नंदीश्वरादि तीर्थोनी प्रतिमाने स्वरसथी वंदना करे छे, अने ते वादलावगर थयेली अमृतवृष्टिनी जेम परम हर्षनी हेतुरूप छे. ७

सूत्रमां " चेइआइं वंदे " ए पदनो एवो अर्थ छे के " जेम भगवंते कह्युं तेमज नंदीश्वरादिकमां अवलोक्युं. अहा ! भगवंतनुं ज्ञान यथार्थ सत्य छे, एम अनुमोदना करे छे " कारण के चैत्य शब्दनो अर्थ ज्ञान थाय छे. आप्रमाणे मुग्ध लोकोनी पर्षदामां मस्तक धुणावी व्याख्यान करता एवा कुमतिनो उपहास्य करतां थकां कहे छे.

ज्ञानं चैत्यपदार्थमाह न पुन मूर्तिं प्रभोर्या द्विषन्
वंद्यं तत्तदपूर्ववस्तुकलना दृष्टार्थसंचार्यपि ।
धातुप्रत्ययरूढिवाक्यवचनव्याख्यामजानन्नसौ
प्रज्ञावत्सु जडः श्रियं न लभते काको मरालेष्विव ८

अर्थः– श्री जिनशासननो द्वेषी कुमति चैत्यशब्दनो अर्थ ज्ञान कहे छे. पण प्रभुनी मूर्त्ति कहेतो नथी. जे ज्ञान जोयेला अर्थमां संचारी छे ते छतां पण ते ते अपूर्व वस्तुने जणाववाथी वंदना करवायोग्य छे. धातु, प्रत्यय, रूढि, वाक्य अने वचननी व्याख्याने नहि जाणतो ते जडमति हंसोनेविषे कागडानी जेम विद्वानोमां शोभा पामतो नथी. ८

विशेषार्थः– जिनशासन उपर द्वेष करनार कुमति, चैत्य शब्दनो अर्थ ज्ञान कहे छे, प्रभुनी मूर्त्ति कहेतो नथी. ते कहे छे के, ते केवुं ज्ञान छे ? तेते अपूर्व वस्तुना जाणवाथी वंदना करवायोग्य छे, तेमज अनुमोदना करवायोग्य छे; वली ते ज्ञान जोयेला अर्थमां संचार करनारूं छे. एटले आ लोकमां चैत्यवंदन **संचरिष्णु** अने **भविष्णु** शब्दना अर्थवालुं पण अपूर्व दर्शनथी विस्मय उत्पन्न करनारूं होवाथी भगवंतना ज्ञानने वंदनीयपणुं छे. अहिं " चेइआइं वंदे " ए वाक्यनी उपपत्ति थती नथी, कारण के तेमां अपूर्वनुं अदर्शन छे. एवी रीते अपि शब्द अनुचितपणुं बतावे छे. आप्रमाणे मानतो ते जडमति विद्वानोनी सभामां उत्तरोत्तर समृद्धिने प्राप्त थतो नथी. कोनी जेम ? राजहंसोमां कागडो शोभा पामतो नथी तेम. ( उपमा अलंकार छे ) शामाटे ते शोभा पामतो नथी ? शब्दना धातु विगेरे कांइ जाणतो नथी. जेम के चैत्य शब्दमां **चितिसंज्ञाने** धातु छे, तेने कर्मणिमां **ण्य** प्रत्यय आव्यो, ते उपरथी तेनो अर्थ **अर्हत् प्रतिमा** थाय छे. **चिति संज्ञाने** एटले संज्ञान जे काष्ठविगेरेना कार्यमां सामी प्रतिकृति ( नकल ) जोइ सम्यक् प्रकारे ज्ञान ( उलखवुं ) थाय ते. जेम के "आ अर्हत्नी प्रतिमा छे." अहिं प्रकृति ( मूल ) नो केवल, ज्ञान अर्थ जाणतो अने प्रकृति, प्रत्यय नहि जाणतो तथा रूढि पण नहि जाणतो, ते तेम बोले छे. अहिं रूढि एटले चैत्यशब्द जिनगृहविगेरेमांज रूढ छे. तेविषे कोषकार लखे छे के " चैत्यं जिनौकस्तद् बिंबं, चैत्यो जिनसभातरुः " अर्थ– चैत्यशब्द जि-

नगृह अने जिनबिंबमां नपुंसके प्रवर्त्ते छे अने जिनसन्नाना वृक्ष अर्थमां पुल्लिंगे प्रवर्त्ते छे. तेथी एम सिद्ध थयुं के विपरीत व्युत्पत्तिवडे नाम नेद अने प्रत्ययना योगनो अर्थ पण उडी गयो, कारण के योगथी रूढि बलवान छे. जो तेम न होय तो पंकज शब्दनो व्युत्पत्ति अर्थ कादवमां थयेलुं एवो छे, तेथी पंकज शब्द वडे शेवाल विगेरेनो बोध थवानो प्रसंग आवे. हवे वाक्यविषे कहे छे. आकांक्षावाला पदनो जे समुदाय ते वाक्य कहेवाय छे. अहिं " चेइआइं वंदे " एटले चैत्योने हुं वंदना करुं छुं एवो वाक्यार्थ छे, तेने तेउ ज्ञान अर्थसाथे घटावे छे, जेम के नगवंतनुं ज्ञान नंदीश्वरादिकमां वर्त्ते छे. अहिं ज्ञानना जगद्वृत्तिपणाने बीजानुं साधारण्य आपवुं ते विस्मयकारक छे. हवे वचनविषे कहे छे. चैत्यशब्दनो ज्ञान अर्थ ते एकज छे अने अहिं ज्ञानअर्थे चैत्यशब्दनुं द्वितीया विनक्तिनुं बहुवचन मुके छे ते अनुचित छे, कारण के कोइ ठेकाणे तेवुं अनुशासन नथी तेमज तेवो पाठ पण नथी. जो तेम थतुं होत तो "केवल नाणं" ए स्थाने " केवल चेइआइं " एवो प्रयोग आववो जोइए. आ प्रमाणे चारण मुनियोने प्रतिमा वंदनीय छे, ए अधिकार कह्यो. ८

हवे देवताउने प्रतिमा वंदनीय छे, ए अधिकारनो आरंन करी, तेमां प्रथम देवताउए अर्हत् प्रतिमा शरण करवायोग्यछे, ते रूपे स्तुति करेछे.

**अर्हच्चैत्यमुनींद्रनिश्रिततया शक्रासनक्ष्मावधि,**
**प्रज्ञप्तौ नगवान् जगाद चमरस्योत्पातशक्तिं ध्रुवं ।**

जैनीं मूर्तिमतो न योत्र जिनवज्जानाति जानातु क-
स्तं मर्त्यं बत श्रृंगपुछरहितं स्पष्टं पशुं पंडितः ॥ ए ॥

अर्थ–प्रज्ञप्ति सूत्रनेविषे श्रीजगवंते अर्हत्प्रतिमा अने मुनियोनी निश्राना हेतुथी असुरकुमारराज चमरेंद्रने शक्रेंद्रना आसननी पृथ्वीसुधी उडवानी शक्ति निश्चयपणे कहेलीछे. तेम छतां पण जे कुमति आ जिनशासनमां जिनप्रतिमाने श्री जिनेश्वरसमान न जाणे तेवा पुरुषने कयो पंडित, मनुष्य जाणे अर्थात् कोइ न जाणे. तेने तो शींगमा अने पुछडावगरनो साक्षात् पशु जाणे. ए

विशेषार्थ–तीर्थंकरो, तेमनी प्रतिमाउ अने परमसौम्यताने जजनारा मुनिचंद्रोनी निश्राना हेतुथी, जगवान ज्ञातनंदने असुरकुमारोना इंद्र चमरेंद्रनी उडवानी शक्ति शक्रना आसननी पृथ्वीसुधी निश्चयपणे कहेलीछे अने तेमाटे अर्हतने अनगार शब्दनी मध्ये चैत्यशब्दनो पाठ छे, छतां जे कुमति आ जिनशासनमां जिनप्रतिमाने जिनेश्वरतुल्य न जाणे तेने कयो मोक्षाभिलाषी बुद्धिवंत विद्वान्, मनुष्य जाणे. कोइ पण जाणे नहीं. तात्पर्य ए छेके बुद्धिवान् पुरुषे तेने मनुष्यकोटीमां गणवो योग्य नथी, परंतु तेना अति अज्ञान अने अविवेकपणाथी शींगडा अने पुंछडावगरनो तेने प्रत्यक्ष पशु जाणवो. अर्थात् बे वस्तुना अजाव जेटलोज तेनामां अने पशुमां फेरछे. ( अहिं व्यतिरेक अलंकार गर्भित आक्षेप अलंकार छे, जे उपमानथी बीजानी अधिकता आवे त्यां ते अलंकार थाय एम काव्यप्रकाश-

कार लखेछे, अमे पण अलंकार चूडामणि वृत्तिनेविषे तेविषे विशेष विवेचन कर्युंछे.) ए

अनाशातनारूप विनयथी देवताउए वंदना करेली भगवंतनी प्रतिमा कया सचेतन पुरुषने वंदन करवायोग्य न होय, ए आशयथी कहेछे.

**मूर्तीनां त्रिदशैस्तथा भगवतां सक्थां सदाशातना,**
**त्यागो यत्र विधीयते जगति सा ख्याता सुधर्मासभा।**
**इत्यन्वर्थविचारणापि हरते निद्रां दृशोर्दुर्नय,**
**ध्वांतछेदरविप्रभा जडधियं घूकंविना कस्य न ॥१०॥**

अर्थ–देवताउ जेमां हमेशां भगवंतनी प्रतिमाउनी अने दाढाउनी आशातनानो त्याग करेछे, ते **सुधर्मा** नामनी तेमनी सभा जगतमां विख्यातछे. आप्रमाणे दुष्ट नयरूप अंधकारनो नाश करवामां सूर्यनी कान्तिरूप ते सुधर्मा शब्दनी सार्थकतासंबंधी विचारणा जड बुद्धिवाला कुमतिरूप घुवड पक्षीविना बीजा कोनी दृष्टिनी निद्राने न हरे? अर्थात् बीजा सर्वनी निद्रा हरीले. १०

विशेषार्थ–अहिं मूलमां तथा शब्द अर्थांतर समुच्चयमां छे. भगवंतनी प्रतिमा जे असद्भाव स्थापनारूप छे ते अने भगवंतनी दाढाउ,–तेमनी आशातनानो जेमां हंमेशा त्याग करायछे, ते **सुधर्मा** सभा एवा नामथी विख्यात थयेलीछे. सुधर्मा एटले सारा धर्मवाली एवा पदनी अर्थव्युत्पत्तिनी जे भावना, ते जडबुद्धिवाला कुमतिरूप घुवडपक्षीविना बीजा कोनी दृष्टिनी

निद्रा न हरे, अर्थात बीजा सर्वनी दृष्टिनी निद्रा ते हरेछे. ते सुधर्मा पदनी अर्थ विचारणा दुर्नयरूप अंधकारनो उच्छेद करवामां सूर्यनी कान्तिरूपछे. अहिं सूर्यनी कान्तिसदृश एवुं व्याख्यान न करवुं, कारणके जो तेनीसदृश एम कहीए तो तेना जेवुं कार्य उत्पन्न न थाय. ( अहिं विनोक्ति, काव्य रूपक अने काव्य लिंग अलंकारो थायछे. ) १०

हवे सूर्याभनामना असुरना अधिकारवडे प्रतिमाना शत्रु अने शासनना अर्थने चोरनारा ते कुमतियोनी चारेतरफ नासी पासी बतावी प्रतिमानी स्तुतिकरेछे.

**प्राक् पश्चाच्च हितार्थतां हृदि विदन् तेस्तैरुपायैर्यथा,**
**मूर्तीः पूजितवान्मुदा भगवतां सूर्याभनामासुरः।**
**याति प्रच्युतवर्णकर्णकुहरे तप्तत्रपुत्वं नृप,**
**प्रश्नोपांगसमर्थिता हतधियां व्यक्ता तथा पद्धतिः ११**

अर्थ—सूर्याभ नामना असुरे पोताना हृदयमां पूर्वमां अने परिणामे (अंतमां) आत्महित जाणी तेते भक्तिसाधनना उपायोथी श्रीभगवंतनी प्रतिमाने पूजेलीछे. आ प्रक्रिया राजप्रश्नीयोपांग सूत्रमां स्पष्टरीते आपेलीछे. ते प्रक्रिया ते मुर्ख कुमतियोना निरक्षर कर्णमां तपेला सीसाजेवी लागेछे. ११

विशेषार्थ—प्राक् प्रथम अने पश्चात् पछी अर्थात् उत्तरोत्तर भवभवांतरसंबंधी परिणामे हितार्थता अर्थात् कल्याणनी अभिलाषाने हृदयमां जाणतो, एवो सूर्याभनामनो असुर जे आगल कहेवामां आवशे एवा भक्तिसाधनना प्रकारोथी श्रीभगवं-

तनी प्रतिमाने पूजतो हवो. ते प्रमाणे राजप्रश्नोपांगमां प्रगटपणे हेतु सहित निर्णय करेली प्रक्रिया, हतबुद्धि अर्थात मूलथी जेमनी बुद्धि उच्छेद पामीछे एवा लुंपकमतवाला पुरुषोना वर्णरहित एटले निरक्षर एवा कर्णरूप राफडामां, ( अहिं अक्षरशक्तिना प्रतिबंधनो अभाव होवाथी तेमां अतिदाह थाय एवो व्यंगार्थ जाणवो. वली राफडानी उपमाथी ते संस्काररहितछे एवो व्यंगार्थ निकलेछे ) ते प्रक्रिया तपेला सीसाना रूपने पामेछे, अर्थात् प्रतिमाने प्रतिपादन करनारा अक्षरो दुर्मति लुंपकोना कर्णमां तपेला सीसानी जेम पोतानाज दोषथी दाह उत्पन्न करेछे. (अहिं मम्मटना मतप्रमाणे निदर्शनाअलंकार थाय अने बीजाना मतप्रमाणे असंबंधे संबंध रूप अतिशयोक्ति थाय.) ११

अहिं कुमतियो कहेछेके प्रतिमानी पूजा पूर्व अने पश्चात् काले जे हितार्थकछे, ते देवभवनी अपेक्षाथीजछे. तेथी सूर्याभदेवने प्रतिमा पूजनादिकनुं फल मात्र आ लोकना अभ्युदयने माटेज थायछे, तेथी ते मोक्षार्थीने आदरवा योग्य नथी. मात्र देवतानी स्थिति होवाथी देवताउनेज आश्रय करवायोग्य ते प्रतिमा पूजनछे. आ कथनना निराकरणसाथे ते कुमतियोने आक्षेप करी कहेछे.

**नात्र प्रेत्यहितार्थितोच्यत इति व्यक्ता जिनार्चास्थिति**
**र्देवानां नतु धर्महेतुरिति ये प्रूत्कुर्वते दुर्धियः ।**
**प्राक् पश्चादिव रम्यतां परभवश्रेयोर्थितासंगतां,**
**प्राक् पश्चाच्च हितार्थितां श्रुतमतां पश्यंत्यहो तेन किं १२**

अर्थ—पूर्वें वर्णवेला सूर्याभ देवना कृत्यउपरथी प्रतिमानी पूजामां परलोकनी हितार्थता कहेली नथी. ते प्रतिमानी पूजा प्रगटरीते देवतानी स्थितिमात्रछे. कांइ धर्मनुं साधन नथी. आप्रमाणे जे दुष्ट बुद्धिवाला कुमतियो पोकार करी बबड्या करेछे, तेउ पूर्व अने पश्चात् रम्यतावाली, परभवना कल्याणसाथे मलेली अने आगमकथित एवी ते प्रतिमा पूजनथी थती पूर्व पश्चात् हितार्थताने शुं नथी जोता.? १२

विशेषार्थ—अहिं अधिकार करेला सूर्याभदेवना कृत्यथी प्रतिमानुं पूजन परलोकनी हितार्थता कहेवाय नहि, कारणके " एयंमे पेच्चा हिआए " इत्यादि वचनथी " पच्चा पुरा हिआए " एटले पश्चात् अने पूर्वे हितार्थछे, एवुं जे वचन छे, ते धनकर्षण स्थलमां पण कहेलुंछे. एप्रमाणे जिनप्रतिमानी पूजा प्रगटपणे देवतानी स्थितिमात्रछे, पण धर्मनी हेतुरूप नथी. आवी रीते जे कुमतियो पोकार करेछे, तेउ जाणे पोताना मस्तकउपर रज फेंकता होय तेम गाढ प्रलाप करेछे. तेउ आगमनेविषे कथन करेली, पूर्व अने पश्चात् रम्यतावाली, पूर्व पश्चात् प्रतिमापूजननी हितार्थता, जे परभवसंबंधी कल्याणना लाभसाथे मलेलीछे, अर्थात् उभय लोकनी अर्थितारूपे जे परिणाम पामेलीछे, तेने शुं नथी जोता? तेवी हितार्थतानुं तेमने जे अदर्शनछे, ते तेमनो मोटो प्रमादछे. मूलमां जे पूर्वपश्चात् रम्यताविषे वचन कह्युं, ते राज प्रश्नीय उपांगमां आप्रमाणे कह्युं छे. तथाच तत्सूत्रं ॥ " तएणं तस्स सूरियाभस्स देवस्स पंचविहाए पजत्तिए पजत्तिभावं गयस्स समाणस्स इमेयारुवे अजथ्थिए पथ्थिए मणोगए

संकप्पे समुप्पज्जित्था किंमे पुव्वे करणिज्जं? किं पच्छा करणिज्जं. किंमेपुव्विं सेयं किंमेपच्छासेयं किंमेपुव्विं पच्छावि हियाए सुहाए खमाए णिसेसाए आणुगामियत्ताए भवस्सइ, तएणं तस्स सूरिया भस्स देवस्स सामाणिय परिसोववणगादेवा सूरियाभस्स इमेया रूवं अज्झत्थियं समुप्पन्नं समभिजाणित्ता जेणेव सूरियाभेदेवे तेणेव उवागच्छंति सूरियाभंदेवं करयल परिगहियं दसनहं सिरसावत्तं मथ्थए अंजलीं कट्टु जएणं विजएणं वद्धावेई वद्धावेत्ता एवं वयासी एवं खलु देवाणुप्पियाणं सूरियाभेविमाणे सिद्धायतणे जिण पडिमाणं जिणुस्सेहप्पमाणं मेत्ताणं सठसयं सन्निखित्ताणं चिठइ सभाएणं सुहमाएणं माणवए चेइअखंभे वइरामएसु गोलवट्ट समुग्गएसु बहुइउ जिणस्स सकहाउ सन्निखित्ताउ चिठंति ताउणं देवाणुप्पिएयाणं अन्नेसयं बहुणं वेमाणियाणं देवाण य देवीणय अच्चणिज्जाउ जावपज्जुवासणिज्जाउ तं एयणं देवाणुप्पियाणं पुव्विकरणिज्जं एयणं देवाणुप्पियाणं पच्छाकरणिज्जं एयणं देवाणुप्पियाणं पुविं पच्छावि हियाए सुहाए खमाए निस्सेसाए आणुगामियत्ताए भविस्सइ" अर्थ–तेवारे ते सूरियाभ देवताने, पांच प्रकारनी पर्याप्तिए पर्याप्तिभाव पाम्या थकां ( देवताने भाषा अने मन एम बंने पर्याप्तिसाथे उपजेछे तेथी पांच कही ) एवा प्रकारनो मनोगत संकल्प उत्पन्न थयो, ते कहेछे. शुं मारे पूर्वे श्रेयकारी? शुं मारे पछी श्रेयकारी? शुं मारे पूर्वे अने पछी हितकारी, पथ्य आहारनी पेरे, सुखने अर्थे, संगतने अर्थे, क्षेम ने अर्थे, निश्रेयस अर्थात् मोक्षने अर्थे परंपराए शुभानुबंधी थशे? तेवारे ते सूर्याभदेवना सामानिक पर्षदामां उत्पन्न थयेला

देवता, ते सूर्याभदेवतानो एवो अभिप्राय उपन्यो जाणीने, ज्यां सूर्याभ देवता छे, त्यां आवे, सूर्याभदेवने,बे हाथ जोडीने, दस-नखभेलां करीने, मस्तके आवर्त करी अंजली जोडी जय विजय शब्दोए करी वधावे. वधावीने एम कहे. निश्चये हे देवानुप्रिय! सूर्याभनामा विमाननेविषे सिद्धनुं घर अर्थात् देहेरूं छे, ते देहे-रानेविषे जिनेश्वरनी प्रतिमा छे, ते प्रतिमा केवीछे? तीर्थंकरना उत्सेध उंचप्रमाण मात्रछे, अने तेवी एकसोने आठ स्थापना (प्रतिमा) छे. तथा सुधर्मा नामा सभाने विषे माणवक नामा चैत्यस्तंभछे, ते स्तंभनेविषे वज्रमय गोलवृत्त डाबडा छे. तेमां घणां जिननी सक्थ्या छे, ते स्थापनाए छे. ते जिनप्रतिमा तथा सक्थ्या (दाढाउ) हे देवानुप्रिय! तमने तथा बीजा पण सम्य-ग् दृष्टि वैमानिक देवता देवीउने पूजवायोग्य छे, यावत् सेवा करवायोग्य छे. यावत् शब्दे अहिं इत्यादिक कहेवुं. ए तमने पूर्वे करवायोग्य छे, पछी करवायोग्य छे, ए तमने पूर्वे तथा पछी हितकारी, सुखने अर्थे, क्षेमने अर्थे, मोक्षने अर्थे अने शुभानु बंधने अर्थे थाशे.

वलीराज प्रश्नीय उपांगमां आ प्रमाणे कह्युं छे यथा. " तए-णं केसीकुमार समणे पएसिं एवं वयासी माणं तुमं पएसी पुव्वि रमणिज्जे पच्छा अरमणिज्जे भवेज्जासि जहासेवणसंडेइ इति " आ आलावो केशी गणधर अने प्रदेशी राजा संबंधी प्रश्नोत्तरनो विस्तारथी त्यांथी जुवो. अहिं चतुर्थ भागमां विवेकीपणाथी पूर्वे प्रतिपादन करेला दानधर्मना निर्वाह विशिष्ट एवा शीलादि गुणोथी पूर्वे अने पश्चात् रमणीय पणुं छे, ते जेम उभय लोक-

नो उपयोग जणावेछे तेवीरीते किंमे इत्यादि प्रश्ननो उत्तर "पुव्वि पच्छावि" इत्यादि सामानिक देवतानुं वचन तेम केम न होय, एम अंतरात्मा वडे पर्यालोचन कर. वली "परिच्चाएमाणे" इत्यादि–अनुकंपामात्र अने शीलव्रतादि एज रमणीय च्छावछे, एम विधिमात्र जोतुं सुचवतो होतो, शुं तुं दानधर्मनो विधिपण उच्छेद करवाने तैयार थयोछुं? अने जो एम होयतो शुं तुंगीया श्रावकना वर्णनमां "पडिलाभेमाणे" इत्यादि अधिकारछे, ते तारा समजवामां नथी. ते अंतना अधिकारमां व्याकरणनो आनश प्रत्यय ते विधि सुचवे छे. १२

पूर्वनी स्थितिविषयनी शंकाने, बीजा समान धर्मने जोइ विस्तारता एवा कुमतियोनुं उपहास्य करी कहे छे.

**वाप्यादेरिव पूजनादि विषदां मूर्त्तेर्जिनानां स्थितिः,**
**साद्दश्यादिति ये वदंति कुधियः पश्यंति भेदं तु न ।**
**एकत्वं यदि ते वदंति निजयोः स्त्रीत्वेन जायांबयो,**
**स्तत्को वा यततामसंवृततरं वक्रं पिधातुं बुधः ।१३।**

अर्थः–नंदा पुष्करिणी (वापिका) नी जेम देवताउने तेना सद्दशपणाथी जिनेश्वरनी प्रतिमानी पूजा स्थितिमात्र छे. आ प्रमाणे कुमतियो बोले छे. परंतु तेना भेदने जोता नथी. एवीज रीते कदि तेउ स्त्रीपणाना सरखा पणाथी पत्नी अने मातानुं एकत्व कहेतो क्यो पंडित पुरुष तेना अतिशय फाटेला मुखने ढांकवाने प्रयत्न करे? अर्थात् कोइ न करे. १३

विशेषार्थ. नंदापुष्करिणी (वापिकानी) जेम, अहिं विगेरे शब्द

जे मूलमां छे, तेथी महेंद्रध्वज, तोरण, सभा अने शालभंजिका विगेरे ग्रहण करवा. देवताओनी, जिनेश्वरोनी प्रतिमानी पूजा, स्थितिमात्र छे, कारण के ते सर्वनुं सदृशपणुं छे, अर्थात् पूजा शब्द सर्वत्र समान छे. आ प्रमाणे कुमतियो बोले छे; अने तेमां भेद जोता नथी. आ प्रमाणे कदि जो तेओ स्त्रीपणुं सदृश जाणी पत्नी अने मातानुं एकत्व कहे तो क्यो बुद्धिशाली पुरुष तेना अतिशय फाटेला मुखने ढांकवाने प्रयत्न करे? तेवा अशक्य अर्थमां पंडित पुरुषने यत्न करवानो अवकाश नथी. अहिं प्रतिवस्तूपमा अलंकार वडे घणुं अंतर छतां कांइक सदृश पणानो भ्रम करनारा कुमतियोनुं उपहास्य थयुं. तेने माटे साहित्यमां लखे छे के "कागडामां स्वभावथीज कृष्णता छे अने हंसोमां स्वभावथीज श्वेतता छे. वळी बंनेमां गंभीरता संबंधी अति अंतर छे, अने वाणीमां जे भेद छे तेनुं तो शुंजवर्णन करीए? आ वीरीते बंनेमां अनेक तफावतवाला विशेषणो छतां जे देशना लोको कागडा अने हंसना बच्चानो तफावत जोवे नहि अने बंनेने सरखा गणे तेवा देशने हे मित्र! दूरथीज नमस्कार छे." १३

हवे प्रतिमां पूजनमां भेदना हेतु बतावी ते भेदने नही जोनाराने आक्षेप करी कहे छे.

**सद्धर्मव्यवसाय पूर्वकतया शक्रस्तवप्रक्रिया,**
**भावभ्राजितहृद्यपद्यरचना लोकप्रणामैरपि ॥**
**ईदृक्तेऽतिशयं न चेद् भगवतां मूर्त्यर्चने स्वःसदां,**
**बालस्तत्पथि लौकिकोऽपि शपथप्रत्यायनीया न किं १४**

अर्थः– जिनेश्वर नगवंतनी प्रतिमाउना पूजनमां देवताउने चार प्रकारे नेद रहेला छे. प्रथम नेद, सद्धर्म व्यवसाय पणाथी छे. बीजो नेद शक्रस्तव ( नमुथ्थुणं ) नी प्रक्रियाथी छे. त्रीजो नेद, नावस्तुतिथी प्रकाशित एवा मनोहर स्तवनोथी छे, अने चोथो नेद लोक प्रणामथी छे. बालक जेवा लुंपको जो आ नेदने न जोइ शकशे तो तेउ लौकिकमार्ग ( नोजनादि ) मां पण बीजाना सोगन उपर केम विश्वास करी शकशे ? १४

विशेषार्थः– बालक जेवा लुंपको देवताउथी कराती नगवंतनी प्रतिमा पूजामां कांइ विशेष नेद जोता नथी. ते प्रतिमा पूजन चार नेदथी करे छे. सद्धर्म व्यवसाय, शक्रस्तव प्रक्रिया विगेरे पदोथी नेद थाय छे. प्रथम नेदमां सद्धर्मना व्यवसाय पूर्वक जिनप्रतिमानुं अर्चन छे, ते नंदापुष्करिणी वापिकाना आनुषंगिक ( अवांतर ) पणे पूजननुं नेदक छे, अर्थात् पृथकपणुं बतावनारुं छे. ते सद्धर्मना व्यवसायनो नाव व्यवसाय सनामां संनवता क्षयोपशमनुं निमित्त छे, अने नावानुगत सम्यग् दृष्टिनी क्रियानुं बीजी क्रियानी जेम धर्मपणुं छे. व्यवसायसना शुन अध्यवसायनुं निमित्त छे अने तेना क्षेत्रादिकपण कर्मक्षयोपशम विगेरेना हेतु रूप छे, ते जिनशासनमां असिद्ध नथी. जे अनुगत धर्म व्यवहार छे ते तो शुद्ध चित्तने पुष्टि करनार अनुगत एवी क्रिया छे अने ते चोथा गुणस्थानकनी क्रियाने अनुसरती छे, तेमज दर्शनना आचार रूप छे. तेथी दर्शन व्यवसाय रूप जिनप्रतिमानी अर्चा विगेरे देवताउने सिद्ध छे. ते विषे श्री ठाणांग सूत्रमां कह्युं छे के " सम्यक् धर्म व्यवसाय त्रण प्रकारनो

छे. १ ज्ञान व्यवसाय, २ दर्शन व्यवसाय ३ चारित्रव्यवसाय." हवे बीजो भेद कहे छे. बीजाभेदमां, शक्रस्तव प्रक्रिया ए प्रसिद्ध प्रणिपात दंडकनो पाठ छे. ते शक्रस्तवनो पाठ नंदापुष्करिणी वापिकानुं पूजन करतां तेनी आगल भणातो नथी, पण अर्हत् प्रतिमानी आगलज भणायछे. वली ते सर्व संपत्तिना भावसाथे भणायछे. बीजे स्थितिमात्रमां ते भाव भणाय नहीं. हे प्रभु! तमे तर्या छो, तमे तारक छो एवा भाव जिन प्रतिमा शिवाय बीजे अभिनय करी शकाय नही, अने अभिनयादिकना व्यापारविना शांतरसनो स्वादपण नमले. तेथी ज्यां ज्यां जेवी जेवी योग्यता होय, त्यां त्यां तेवी तेवी सहृदय पुरुषोए योजना करवी. त्रीजा भेदमां, भाव एटले पोताना पाप प्रभुआगल निवेदन करी स्तुति करवी इत्यादि. ते स्तुति गंभीराशयवाला मनोहर पद्य जेनी संख्या एकसोआठ छे तेवा पद्यो नी प्रतिमा आगल रचना करवी, कारणके सुत्रमां भावस्तुतिने मांगल्यनी हेतु रूप कथन करेलछे. आ भाव स्तुति धर्मनी अपेक्षकछे, तेथी नंदापुष्करिणी वापिकानी आगल कोइए तेवी स्तुति करेली नथी. चोथोभेद आलोक प्रणामछे. जे जिन प्रतिमानेज थाय छे. जेने माटे " तत्रालोएपणामं करेइत्ति " एवो पाठ छे. बीजे ठेकाणे ( वापिकादिमां ) तेम थतुं नथी. आप्रमाणनो विनय विशेषपण, धर्मनी अपेक्षा राखनारोछे. आवी रीते आ पदोथी चार प्रकारे ते प्रतिमा पूजनना भेदछे, तेमछतां विशेष दर्शनना हेतुनी शक्तिथी रहित एवा ते बालक लुंपको ते भेदोने न मानेतो, पछी लौकिक व्यवहारना मार्गमां एटले भोजनादि

कार्यमां पण तेउं सोगन खानारा उपर विश्वास केम करी शक-शे. सारांश ए छे के स्त्रीना हाथमां रहेला जोजनमां वा शिष्योए वोरी लावेला आहारमां आते शुं अन्न हशे के पुरीष? एवो संशय करता विराम पामशे नहीं. १४

हवे स्थितीने उद्देशीने कहेछे.

**जव्योऽल्पजवजाक् सदृष्टिराराधको,**
**यश्चोक्तश्चरमोर्हता स्थितिरहो सूर्याजनाम्नोऽस्य या**
**सा कल्पस्थितिवन्न धर्मपरतामत्येति जावान्वया,**
**न्माकार्षुर्ब्रममत्र केपि पिशुनैः शब्दांतरैर्वंचिताः॥१५॥**

अर्थ—श्री महावीर प्रजुए जे सूर्याजदेवने, जव्य, सुलजबोधि, अल्पसंसारी, सम्यग्दृष्टि, ज्ञानादिकनो आराधन करनार, अने चरम ( अपश्चिम जववालो ) कहेलो छे, ते सूर्याजदेवनी जे स्थिति छे, ते शुजजावना संबंधथी कल्प ( आचार ) स्थिति-नी जेम धर्म व्यवहारनी विषयताने उल्लंघन करती नथी. तेथी अधिकारमां नीच शब्दांतरथी छेतरायेला कोइपण लोको ब्रममां पडशो नहीं. अर्थात् आ धर्म नथी परंतु स्थिति छे एवो व्यामो-ह करशो नहीं. १५

विशेषार्थ—श्रीमहावीर परमात्माए ते सूर्याजदेवने केवो कह्यो छे? ते विशेषणोथी कहेछे. ते सूर्याजदेव जव्य अर्थात् ज-वसिद्धिवालो, सुलजबोधि अर्थात् समीपगत बोधिवालो, अल्प संसारी अर्थात् अल्पजव करनार, सम्यग्दृष्टि अर्थात् समीचीन दृष्टिवालो, ज्ञानादिकनो आराधक अने चरमजवी अर्थात् अप-

भ्रिम भववालो छे, अहो! आश्चर्य छे के एवा ते सूर्याभदेवनी जे स्थिति छे ते स्थिति कल्पस्थितिनी जेम धर्मव्यवहारना विषयने उल्लंघन करती नथी. शाथी ? शुभभावना संबंधथी. आ अधिकारमां नीच शब्दोथी मोहने प्राप्त थयेला केटलाएक लोको भ्रममां पडो नहीं. अर्थात् आ सूर्याभदेवना संबंधमां धर्म नथी पण स्थिति छे, एवा भ्रममां पडो नहीं. ते सूर्याभदेवमां भव्यत्व विगेरे गुणो हता ते निश्चय करावनारां आ वचनो छे. यथा "अहन्नं भंते सूरियाभेदेवे किं भवसिद्धिए" इत्यादि पाठ राजप्रश्नीय उपांगथी जाणवो. अहिं मूल वृत्तिमांथी एटलुं जाणवायोग्य छे के, ज्योतिष विमानाधिपति सुधीना सर्व विमानपति देवताउने सम्यक्त्व तथा द्रव्य सम्यक्त्वादि थायज छे, तेथी तेउनुं पूजादि कर्त्तव्य निश्चयपणे कहेलुं छे, अने मिथ्यादृष्टि देवताउनेतो विमाननुं अधिपतिपणुं होतुंज नथी, तेथी ते कर्त्तव्य संभवेज नहीं. १५

अहिं शंका थाय के देवतापण अधार्मिक कहेवायछे, तो तेउनुं कृत्य प्रमाण न गणाय. ते शंकानुं निराकरण करवानी इच्छाथी कहेछे.

**सद्भक्त्यादिगुणान्वितानपि सुरान् सम्यग्दृशो येध्रुवं**
**मन्यंते स्म विधर्मणो गुरुकुलभ्रष्टा जिनार्चाद्विषः ।**
**देवाशातनयानया जिनमतान्मातंगवद्धेभिरे,**
**स्थानांगप्रतिषिद्धया विहितया ते सर्वतो बाह्यतां॥१६**

अर्थ—गुरुकुलथी भ्रष्ट थई, स्वछंदपणे विहार करनारा, जे

जिन प्रतिमाना द्वेषी कुमतियोए सद्भक्ति, वैयावृत्य विगेरे गुणो युक्त सम्यग् दृष्टि देवताउने निश्चयथी धर्मरहित मान्या छे, तेउ स्थानांग सूत्रमां निषिद्ध करेली आ अवर्णवादरूप आशातनावडे चंडालनी जेम सर्व जिनमतथी बाह्यताने प्राप्त थयेला छे. १६

विशेषार्थ–नथी–आ श्लोकमां व्यंगार्थनी प्रतीति छे, तेथी श्री हेमाचार्यजीए कथन करेला लक्षण प्रमाणे पर्यायोक्त अलंकार थायछे, तेमज गम्योत्प्रेक्षा अलंकार पण थायछे.

हवे देवताउमां धर्मस्थापक गुणोदर्शावी बीजानो आक्षेप करे छे

**शक्रेवग्रहदातृता व्रतभृतां निष्पापवाग् भाषिता,**
**सद्धर्माद्यभिलाषिता च गदिता प्रज्ञप्तिसूत्रे स्फुटं ।**
**इत्युच्चैरतिदेशपेशलमतिः सम्यग् दृशां स्वःसदां,**
**धर्मित्वप्रतिभूः खलस्खलन कृद्धर्मे स्थितिं जानतां॥१७**

अर्थ–प्रज्ञप्ति सूत्रमां शक्र इंद्रनेविषे, व्रतधारी साधुउने अवग्रह आपवो, निर्दोषवाणी बोलवी अने मुनियोने सदा शाता विगेरे इछवी, इत्यादि धर्मस्थापक गुणो स्फुटरीते कहेला छे. आ प्रकारे शुद्ध सम्यग्दृष्टिवाला देवताउनी बुद्धि, धर्मनी व्यवस्थाने जाणनारा सहृदय पुरुषोने धर्मिपणानी साक्षी रूप छे. सदृशापणाथी रमणीय छे, अने दुर्जन प्रतिवादीउनो पराभव करनारी छे.

विशेषार्थ–नथी.

देवताउनुं भक्तिकृत्य मुनियोने अनुमोदवा योग्य नथी, अने तेथी ते कृत्य धर्म न कहेवाय एवी गूढ आशयवाली शंकाने असिद्ध करी तेनुं निराकरण करेछे.

देवानां ननु भक्तिकृत्यमपि न श्लाघ्यं यतीनां यतः,
सूर्याभः कृतनृत्यदर्शनरुचिप्रश्नोऽर्हतानादृतः ।
हंतेयं जडचातुरी गुरुकुले कुत्र त्वया शिक्षिता,
सर्वत्रापि हि पंडितैरनुमतं येनानिषिद्धं स्मृतं ॥ १० ॥

अर्थ–देवताओनुं भक्तिकृत्य मुनियोने अनुमोदन करवा योग्य नथी, कारण के श्री महावीर भगवंते नृत्य करवानी रुचि थवाथी प्रश्न करनारा सूर्याभदेवने आदर आप्यो नहतो. दीलगीरी छे के हे जड! आवी कल्पना करवानी चातुरी तुं कया गुरुकुलमां रहीने शीख्योछुं? के जे कृत्य सर्व संप्रदायमां पंडितोए अनिषिद्ध अने अनुमत करेलुं छे.

विशेषार्थ–देवताओनुं भक्तिकृत्य जे प्रतिमा पूजनादि, ते मुनियोने अनुमोदन करवायोग्य नथी, तेथी ते धर्म नथी. वंदनादि जो अनुमोदन करवायोग्य होय तोज धर्म गणाय. " पोराणमेयं सूर्याभा " ए गाथार्थमां कहेलुं छे के चारे निकायना देवताओ अर्हतप्रभुने वंदना करी पोतानां नाम, गोत्र संभलावेछे, इत्यादि ते स्थले जोइ लेवुं. वली तुं कहे छे के " सूर्याभदेवे श्री महावीर प्रभुपासे नृत्य करवा प्रश्न कर्यो तेना उत्तरमां भगवंते तेने आदर करेलो नथी " अहिं उत्तरमात्र एज छे के आवी चातुरी हे जड! तुं कया गुरुकुलमां रहीने शिख्यो? जेथी तुं आ मुनियोनी अनुमोदनानो निषेध करेछे, कारण के सर्व संप्रदायमां ते-विषे पंडीतोए निषेध कर्यो नथी, अने तेनी अनुमोदना करवी कहेली छे. १०

उपर सूर्याभदेवे करेला नृत्यविषेना प्रश्नमां श्रीवीरप्रभु मौन रह्या, तेमां शुं बीज छे. ते कहे छे.

**इच्छा स्वस्य न नृत्यदर्शनविधौ स्वाध्यायभंगः पुनः,**
**साधूनां त्रिदशस्य चातिशयिनी भक्तिर्भवध्वंसिनी ।**
**तुल्याय व्ययतामिति प्रतियता तूष्णीं स्थितं स्वामिना**
**बाह्यस्तत्प्रतिषेधको न कलयेत्तद्वंशजानां स्थितिं १९**

अर्थ–श्री वीतराग देवने नृत्य जोवानी इच्छा नहती, कारण के ते वीतराग छे, अने गौतमादि साधुउने नृत्य जोवामां स्वाध्यायनो भंग थाय, ते पण अनिष्ट गणाय. वली सूर्याभनी भक्ति संसारने नाश करनारी अतिशयवाली छे, तेथी तेनुं नृत्य जोवामां समुदायनी अपेक्षाए सरखी लाभ, हानि केवलज्ञानना बलथी जोता एवा श्री वर्धमान स्वामि मौन धरी रह्या हता. शासनथी बाह्य थयेला लुंपक कुमति श्री वीर परमात्माना वंशमां उत्पन्न थयेला साधुउनी आ मर्यादा जाणे नहीं. बाहिर रहेलो माणस बीजाना कुलनी मर्यादाने केम जाणी शके? १९

विशेषार्थ–यत्किंचित् उपरना भाषांतरमां समायो छे.

हवे प्रभुनी वाणीना क्रमनी विचित्रता दर्शावे छे.

**सावद्यं व्यवहारतोपि भगवान् साक्षात् किलानादिशत्**
**बल्यादि प्रतिमार्चनादि गुणकृत् मौनेन संमन्यते ।**
**नत्यादि द्युसदां तदा चरणतः कर्त्तव्यमाह स्फुटं,**
**योगेच्छा मनुगृह्य वा व्रतमऽतश्चित्रो विभोर्वा क्क्रमः २०**

अर्थ—श्रीवर्द्धमान स्वामि, बलिदान अने प्रतिमार्चन विगेरे व्यवहारथी सावद्य छे, तेथी तेने साक्षात् आदेश नहि करतां, ते गुणकारी छे, एम मौन धारणकरी प्रवर्त्तावेछे. अने देवताउने तेमनी वंदना विगेरे तेमना आचरणनो आश्रयकरी स्फुटरीते कर्त्तव्यतरीके जणावेछे. वली भगवान् इच्छायोगी प्रत्ये योग्य इच्छानो अनुग्रह करी तेमने व्रत कहेछे, तेथी प्रभुनी वाणीनो क्रम विचित्र प्रकारनो छे. १०

विशेषार्थ—भगवान् वर्द्धमानस्वामी बलिदान विगेरे तथा प्रतिमापूजन विगेरे, जे स्थूल व्यवहारथी पण सावद्य छे, तेने साक्षात् कंठना शब्दथी आदेश नहि करतां मौनवडे गुणकारक माने छे, अर्थात् मौनतारूप विधिवडे तेने प्रवर्त्तावे छे. तेथी एम समजवुं के अप्रमत्त साररूप श्री परमात्मानो उपदेश पोतपोतानी योग्यतापूर्वक अपुनर्बंधकपणे तेवा विषयमां प्रवर्त्ते छे, एज तेमनी वाणीना अतिशयनो विलास छे. श्री वीरभगवंत देवताउने वंदनादि व्यवहार तेना आचरणने लइने स्फुटरीते कर्त्तव्य तरीके कहेछे, एथी कहे छे के " सूर्याभोदेवानुप्रियंवंदे " ( सूर्याभदेवानुप्रिय वंदना करे छे ) इत्यादि उक्तिमां भगवंते कह्युं के " पोराणमेयं " आनाट्यकरणादि उपासनानो पण उपदेश छे. जो तेम न होय तो " जाव पज्जुवासामि " एना उत्तरना अभावथी न्यूनतानी प्राप्ति थाय. वली नाम, गोत्र श्रवण करावबानो विधि स्वतंत्र नथी, परंतु करवाने इच्छेला साधनने अनुकुल एवी प्रतिज्ञाविधि अवशेष होवाथी तेनो उपयोग छे, अने तेथी विशेषवालानो आक्षेप करवो सुगम थायछे.

तेथी तेमां जे व्युत्पन्न थयेला छे, तेमने अहिं कोइ जातनो व्यामोह नथी. एवीरीते श्रीभगवान् वीरप्रभु प्रवृत्तियोगी प्रत्ये चारित्र व्रत स्फुटरीते कहेछे. " एवं देवाणुप्पियागंतव्व " इत्यादि वाक्योथी; अने इच्छायोगी प्रत्ये योग्य इच्छानो अनुग्रह करी व्रत कहेछे. " अहासुहं देवाणुप्पियामा पडिबंधं करेत्ति " आ प्रमाणे इच्छाने अनुकूल एवी भाषाथी कहेछे. अहिं मूलमां वा शब्द व्यवस्था अर्थमां छे. एवीरीते श्री भगवंतनी वाणीनी रचनानो क्रम विचित्र प्रकारनो छे. तेथी तेमनुं मौन पण विनीत अने अभिज्ञ पुरुष प्रत्ये इच्छानी अनुकूलता प्रगट करनारुं छे. बुद्धिमान् पुरुषोनी प्रवृत्ति तात्पर्यने अनुसरीनेज होयछे, तेथी भगवंते पोताना व्यवहारने अनुसरी मौन कर्युं, पण परिणामी बुद्धिवडे पोताना कृत्यने साध्य एवा इष्टना साधनादिकने अनुसरी सूर्याभदेवे नृत्य करवानो आरंभ कर्यो हतो, इत्यादि. विशेष विवेचन श्रीराजप्रश्नीय वृत्तिमांथी जाणी लेवुं. २०

एक अधिकारमां सरखा लाभ अने हानि होवाथी भक्तिकार्यमां प्रभुने मौन राखवुं योग्य छे, एवा लुंपकना मतनो निषेध करेछे.

**दानादाविव भक्तिकर्मणि विभुर्दोषान्निषेधे विधौ,**
**मौनी स्यादिति गीर्मृषैव कुधियां दुष्टे निषेधः स्थितेः।**
**अन्यत्र प्रतिबंधतोऽ नभिमतत्यागानुपस्थापनात्,**
**प्रज्ञाप्ये विनयान्विते विफलता द्वेषोदयासंभवात् २१**

अर्थ—जेम श्रावको दान आपे तेमां विधि, निषेध (हा, ना)

कहेवामां दोष लागेछे, तेवीरीते भक्तिकर्ममां पण विधि, निषेध करवामां दोष लागेछे. एवुं धारी प्रभु हा, ना नहीं कहेतां मौन धरी रह्या. आवी दुष्ट कुमतियोनी वाणी तदन मिथ्या छे. कारण के जे दोषवान् होय तेने प्रतिबंध करवानी जो शक्ति न होय तो उत्तमपुरुष मौन धारण करेछे, अथवा पुरुष जो विनीत होय तो तेने निषेध करवामां निष्फलतानो असंभव तथा द्वेषना उदयनो असंभव छे.

विशेषार्थ–दानशील एवा श्रावको दान आपता होय तेमां जेम विधि, निषेध करवाथी दोष लागे तेथी मौन राखवुं योग्य छे, तेम भक्तिकर्म जे नृत्य जिनपूजा विगेरे तेमां निषेध वा विधि करवामां दोष लागे. के जे दोष बंने रीते पासला जेवो छे. तेथी ते वखते मौन राखवुं योग्य छे. कारण के दाननो निषेध करे तो अंतराय थाय अने करवाने कहे तो जीव हिंसामां अनुमति थाय, तेथी साधुउने मौन राखवुं उचित छे. ते विषे श्री सूत्रकृत सिद्धांतमां कह्युं छे के " जे अदाणं पसंसंति वहमिछंति पाणीणं जे अणं पडिसेहंति वित्तिछेयं करेंतिते" ॥१॥ दुहतोवि तेण भासंति अत्थिवा णत्थिवा पुणो, आयं रहस्स हिच्चाणं निव्वाणं पाउणंति ते॥२॥ इति " भावार्थ एवो छे के जे दाननी प्रशंसा करेछे, ते प्राणि वधने इछेछे, अने जे दाननो निषेध करेछे ते अंतराय बंध करेछे; पण जे हा के ना नहीं कहेतां मौन राखे ते निर्वाण पामे छे. तेवीज रीते भक्तिकर्ममां पण जो निषेध करे तो भक्तिना भंगनो भय लागे, अने करवाने अनुमोदे तो घणा प्राणिउनी हिंसानो भय, तेथी मौन राखवुं योग्य छे. आवी ते कुमतियोनी

वाणी मिथ्याज छे. कारण के दोषवानने विषे निषेध व्यवस्था करवी तेनो हेतु ते कार्य परत्वे प्रतिबंध करवो उचित छे तेज छे. वळी अनिष्ट त्यागपरत्वे अनुकुळ शक्तिनो अन्नाव होयतो मौन राखवुं योग्य छे. जे पुरुष विनयवान छे तेने विधि, निषेध विफळ छे कारण के द्वेषना उदयनो असंन्नव छे. आवो अन्वयार्थ छे, तेनो विस्तरार्थ कहेछे. प्रतिबंध एटले व्याप्ति. अहिं प्रतिबंधाकार आवो छे. जेनामां जेनाथी दोषवाळुं जणाय तेमां तेनो निषेध करवो. हवे तेमां एवो व्यन्निचार आवे छे के, दुष्ट एवा आहार दाननो निषेध करवाने व्याख्यान करवानी शक्तिनो अन्नाव होयतो तेने अनुकूळतानी विरूद्धताथी अटकाववुं. आ व्यन्निचारमां कहेछे के जे अनिष्ट एवो त्याग होय ते परत्वे अननुस्थापन एटले अनुकूळ शक्तिनो अन्नाव होयतो तेनाथी मौन राखवुं. ते विषे श्री आचारांगमां कह्युं छे के, जे पुरुष बीजानी समान न होय तेने तर्कथी जाणी विधि, निषेध करवो. जो ते पुरुष उपर आपणुं सामर्थ्य न चाले तेम होयतो वाग्गुप्ति करवी, तेथी एवो सिद्धांत थयो के जे दुष्ट होय तेने, जो शक्ति होयतो निषेध करवो अने प्रतिपक्षी अत्यंत दुष्ट होयतो सिद्धांती तेने निषेध करे नहीं, परंतु वाग्गुप्ति राखी बेसे, अने तेम करे तेथी कांई दोष लागे नहीं. ते विषे सिद्धांतमांकह्युं छे के " अदुवावाया उविउंजंति तंजहा अथ्थिलोए णथ्थिलोए " इत्यादि न्नावार्थ एवो छे के. " अस्ति " " नास्ति " " ध्रुव " " अध्रुव " इत्यादि त्रणसो त्रेसठ एकांत वादीउने वादलब्धिवाळो विचक्षण पुरुष प्रतिज्ञा, हेतु तथा दृष्टांतना उपन्यासथी

तेमनो पराजय करवा सारी रीते उत्तर आपे, अने जो तेम बनी शके तेवुं न होयतो वाग्गुप्ति करे अने कहे के मारो आ मतछे. आ फलितार्थ छे. जमालिए जुदो विहार करवाने श्रीवीर परमात्माने पुछयुं. भगवंत तेनी दुष्टताने जाणता हता, तेथी निषेध कर्यो नहीं अने मौन रह्या. तेमां कांई प्रभुने दोष लाग्यो? अविनीत पुरुष आगल सत्य वचननो प्रयोग सफल थाय तोपण ते असत्य छे. यथा " अविणीय माणवंतो किलेस्सईभासइ मुसंवेव " इत्यादि तथा जे पुरुष प्रज्ञप्ति करवायोग्य अर्थात् विनयवान होय तेवा पुरुषने निषेध करवामां निष्फलता अने श्रोताने द्वेषना उदयनो असंभव छे. ते कारणने लइनेज विनीत एवा सूर्याभदेवे प्रभुने नृत्य विषे पुछतां प्रभुए जे मौन धारण कर्युं ते मौनज प्रभुनी संमत्तिने सूचवी आपेछे. २१

हवे निषेध कर्याविगर संमति आपवानुं दृष्टांत आपी सिद्ध करेछे.

**ज्ञातैः शल्यविषादिभिर्नु भरतादीनां निषिद्धा यथा,**
**कामा नो जिनसद्मकारणविधिर्व्यक्तं निषिद्धस्तथा ।**
**तीर्थेशानुमते पराऽननुमतेर्द्रव्यस्तवे किं ततो,**
**नेष्टा चेज्ज्वरिणां ततःकिमु सितामाधुर्यमुन्मुंचति२२**

अर्थ–शल्य, विष विगेरेनां दृष्टांतो आपी जेम भरतादिकनी वांछनाओ निषेध करेली छे, तेम श्री जिनालय करावबानो विधि स्पष्टपणे निषिद्ध कर्यो नथी. जेथी तीर्थंकरोए संमति आपी मानेला एवा द्रव्यस्तवमां बीजा द्वेषीनी अनुमोदना न थाय

तेथी शुं? अर्थात् कांइ नहीं. कदि ज्वरातुर माणसोने साकर इष्ट न होय तेथी शुं ते पोतानी मधुरता छोडी देशे? २२

विशेषार्थ—जेवी रीते शल्य, विष विगेरे दृष्टांतो आपी भरत विगेरेनी कामना निषिद्ध करेली छे, तेवी रीते जिनालय कराववानो निषेध कर्यो नथी. आगममां कह्युं छे के "थुभसय भाउयाणं अठासीयंच जिणघरेकासी" जो ते कार्य दोषित होत तो कामादिकनी जेम तेनोपण निषेध करत. तेज भावार्थनी गाथा कहेछे. "उसरणे बलिमाइ भरहाइणन निवारियंतेण जहते सिंचिय कामासल्ल विसाइहिंणा एहिंति" ॥ एवी रीते तीर्थंकरोए अनुज्ञा आपी संमत करेला द्रव्यमां कदि बीजा द्वेषीनी अनुमोदना न होय तेथी शुं थाय? आ वचनने प्रतिवस्तूपमा अलंकारथी दृढ करेछे. जो ज्वरवाला माणसने साकर इष्ट न होय तो तेथी शुं ते पोताना स्वभावसिद्ध माधुर्य गुणने छोडी देशे अर्थात् नहीं छोडे. तेम भगवंते स्वीकारेला द्रव्यस्तवनुं बीजाना द्वेषमात्रथी शुं असुंदरपणुं थशे? २२

द्रव्यस्तवमां मुनिनी अनुमोदना करवानी योग्यता छे तेने सूत्रन्यायवडे स्थापन करी बीजानो आक्षेप करेछे.

**साधुनां वचनं च चैत्यनमनश्लाघार्चनोद्देशतः,**
**कायोत्सर्गविधायकं ह्यनुमतिं द्रव्यस्तवस्याह यत्।**
**तत्किं लुंपक लुंपतस्तवभयं दुःखौघहालाहल,**
**ज्वालाजालमये भवाऽहिवदने पातेन नोत्पद्यते ॥२३॥**

अर्थ—चारित्रवाला साधुउनुं, कायोत्सर्गनी प्रतिज्ञाने करनारुं

जे वचन, चैत्यनी वंदना, श्लाघा अने पूजाना उद्देशथी द्रव्यस्तवनी अनुमति कहेछे, ते वचननो लोप करनारा हे लुंपक! दुःखसमुहरूप हलाहल विषनी ज्वालाजालरूप एवा संसाररूप सर्पना वदनमां पडवानो भय शुं तने नथी लागतो? २३

विशेषार्थ–साधुउनुं–परमार्थथी चारित्रने धारण करनारा मुनियोनुं वचन द्रव्यस्तवनी अनुमोदनाने सूचवेछे. जे वचन कायोत्सर्ग करवानी प्रतिज्ञाने प्रतिपादन करनारुं छे, ते चैत्यनी वदना, प्रशंसा अने पूजाना उद्देशथी द्रव्यस्तवनी अनुमोदना कहेछे. हे लुंपक! ते वचनना लोप करनारा, तने आ भवरूपी भुजंगना मुखमां पडवाथी शुं भय नथी लागतो? व्यंगार्थ एवो छे के, ए अयुक्त छे के नहीं? ए भव भुजंगनुं वदन (मुख) दुःखना समुहरूप हलाहल विषनी ज्वालानी जाल सरखुं छे. ते उपर आ प्रमाणे स्पष्ट सूत्र वचन छे. " अरिहंत चेइआणं करेमि काउस्सग्गं, वंदणवत्तिआए, पूअणवत्तिआएत्ति " आ सूत्रनो एवो अर्थ छे के–अर्हत अर्थात् भाव अर्हतना जे चैत्य एटले चित्त समाधिने उत्पन्न करनार प्रतिमा लक्षणरूप, तेमने वंदनादिकनी प्रतीतिरूप हुं कायोत्सर्ग करुंछुं. कायोत्सर्ग एटले स्थान, मौन अने ध्यान विना बीजी क्रियानो त्याग तेने हुं आचरूंछुं. ते शा निमित्ते आचरूंछुं. " वंदणवत्तिआए " वंदन अर्थात् श्रेष्ठ मन, वचन, कायानी प्रवृत्ति ते निमित्ते, अर्थात् वंदनथी जेवुं पुण्य थाय तेवुं कायोत्सर्गथी पण मने पुण्य थाउ. " वत्तिआए " ए रूप आर्ष ( रुषिप्रयोग ) होवाथी सिद्ध थायछे. " पूअणवत्तिआए " पूजन अर्थात् गंध माल्यादि-

वडे अर्चन इत्यादि पूजनथी जे फल प्राप्त थाय ते कायोत्सर्गथी प्राप्त थाउ. इत्यादि- २३

द्रव्यस्तव ते भक्ति अने हिंसा, बन्नेथी मिश्र होवाथी एकनी अनुमोदना करवाथी बीजानी अनुमोदना केम न थाय? आ प्रकारनी शंकाने नाश करता कवि पोतानी विद्वत्ता जणावेछे.

**किं हिंसानुमतिर्न संयमवतां द्रव्यस्तव श्लाघये,**
**त्येतल्लुंपक लुब्धकस्य वचनं मुग्धे मृगे वागुरा।**
**हृद्याधाय सरागसंयम इव त्यक्ताश्रवांशाः स्थिता,**
**भावांगांशमदूषणा इति पुनस्तच्छेदशस्त्रं वचः॥ २४॥**

अर्थ-संयमधारी अर्थात् चारित्रवाला पुरुषोने द्रव्यपूजानी अनुमोदना करवाथी शुं हिंसामां अनुमति न कहेवाय? अर्थात् कहेवाय. ते दया रसिक पुरुषो जुउ. आवुं लुंपक दुर्मतिरूप शिकारीनुं वचन बंध पाशरूप छे. पाशरूप कोने छे? ते कहेछे. मुग्ध अर्थात् जेणे बाह्य धर्माचार मात्र श्रवण कर्यो छे एवा हृदयवाला मृगरूप मनुष्योने अहिं मुग्धपद अज्ञ अने अश्रोतापणुं बतावेछे. व्यंगार्थ एवो छे के जेणे ते वचन सांभल्युं ते मरेलोज समजवो. अमारा संप्रदायनुं वचन ते दुर्मतिरूप शिकारीना पाशने छेदवामां शस्त्र तुल्य छे. आ द्रव्यस्तव जे द्रव्य अने भावात्मक छे, तेमां भाव जेनो अंगभूत छे तेवा अंशने हृदयमां स्थापन करी अमे दोषरहित रह्या छीए. चारित्रनी जेम- सरा संयममां आश्रवभागनी उपेक्षा करी अमे रह्या छीए. भावार्थ

एवो छे के, जेम सराग संयमनी अनुमोदना करवाथी ते अनुमोदना करनारनी कुक्षिनी अंदर राग पेसी जतो नथी, तेम द्रव्यस्तवनी अनुमोदना करवाथी तेमां हिंसानो जाग पेसी जतो नथी. संयमपणानी अनुमोदना करवामां रागनो अंश प्राप्त थतो नथी; अने द्रव्यस्तवनी अनुमोदना करवामां हिंसानीतो प्राप्तिज नथी. २४

विशेषार्थ– मूल अर्थमां समावेलो छे.

द्रव्यस्तव उपदेश करवा योग्य न होवाथी अनुमोदवा योग्य नथी, एवी लुंपक मतिनी वाणीने निरास करवा कहेछे.

**मिश्रस्यानुपदेश्यता यदि तदा श्राद्धस्य धर्मस्तथा,**
**सर्वः स्यात्सदृशी नु दोष घटना सौत्रक्रमोल्लंघनात्।**
**तत् सम्यग् विधिजक्तिपूर्व मुचितद्रव्यस्तवस्थापने,**
**विद्मो नापरमत्र लुंपकमुखम्लानिं विना दूषणं ॥२५॥**

अर्थः– जो मिश्र द्रव्यस्तव साधुजेन उपदेश करवा योग्य न होय तो, श्रावकनो सर्व धर्म उपदेश करवा योग्य न थाय. कारण के तेमां पण दोषनी घटना, सूत्रना क्रमनुं उल्लंघन करवाथी सरखीज छे. तेथी सम्यक् प्रकारे विधि जक्तिपूर्वक योग्य एवा द्रव्यस्तवनो उपदेश करवामां, ते लुंपक मतिना मुख उपर थयेली ग्लानि शिवाय बीजुं दूषण अमे जाणता नथी.

विशेषार्थ– नथी.

द्रव्यस्तवमां हिंसानी अनुमोदना संबंधी विशेष अभावथी सामान्य अभाव छे, ते कहे छे.

**नाशंसानुमतिर्दयापरिणति स्थैर्यार्थ मुद्यच्छतां,**
**संवासानुमतिस्त्वनाय तनतो दूरस्थितानां कथं ।**
**हिंसाया अनिषेधनानुमति रप्याज्ञास्थितानां न यत्,**
**साधूनां निरवद्यमेव तदिदं द्रव्यस्तव श्लाघनं ॥२३॥**

अर्थः– दयाना परिणामनी स्थिरताने माटे उद्यमवंत साधुओने हिंसानी अनुमोदना गणायज नहीं. तेमज हिंसाना स्थानथी दूर रेहेनारा साधुओने त्यां वास करवानी अनुमति क्यांथी होय. वली आज्ञा प्रमाणे वर्तनारा साधुओने हिंसाना अनिषेधनी अनुमति पण नथी तेथी तेओनाथी थती द्रव्यस्तवनी श्लाघा निर्दोषज छे.

विशेषार्थः– " श्री अरिहंत भगवंतनी पूजाना दर्शनथी घणा जीवो सम्यग् दर्शन निर्मल करी, चारित्रनी प्राप्तिवडे सिद्धिप्रासाद उपर आरुढ थाओ " एवी भावनाथी पूजा करवी जोइए. आवी दयाना परिणामनी स्थिरता माटे उद्यमवंत साधुओए हिंसानी अनुमोदना करी न गणाय. कारण के उपदेशफलनी इच्छामां हिंसानो विषय आवतोज नथी. वली हिंसाना स्थानथी दूर रहेनारा साधुओने त्यां वास करवानी अनुमोदनातो शी रीते होय ? अहिं जो पुष्पादिकनुं स्थान ते अनायतन कहेलुं होय तो समवसरणमां रहेला मुनियोने पण अनायतनवर्ती थवानो प्रसंग आवे. देवगृहमां पण त्रण स्तुति कर्या पछी वधारेवार

रेहेवानी साधुउने आज्ञा नथी, परंतु विधि वंदनादिकने माटे रेहेवामां दोष लागतो नथी. वली आज्ञामां रहेला अर्थात् क्रमना अविरुद्ध उपदेशनी आज्ञा प्रमाणे वर्त्तनारा साधुउने हिंसाना अनिषेधनी अनुमोदना पण न होय. ते कारणथी द्रव्यस्तवना महात्म्यने प्रकाश करवुं, ते शुन्नानुबंधी होवाथी साधुने निर्दोषछे. २६

अहिं कोइ शंका करे के, साधुउने जो द्रव्यस्तव अनुमोदवा योग्य होयतो तेनुं कर्त्तव्यपणुं पण तेउने प्राप्त थाय, जो तेम होयतो शुं आ स्वतंत्र साधन छे? वा प्रसंगथी संपादन थयेलुं साधनछे? प्रथम पक्षतो घटतोज नथी, कारण के साधुना कर्त्तव्यपणाने इच्छित नहीं होवाथी ते असाध्यछे. तेथी हवे बीजा पक्ष माटे कहे छे.

साधूनामनुमोद्यमित्यथ न किं कर्त्तव्यमर्चादिकं,
सत्यं केवलसाहचर्यकलनान्नेष्टानुमानप्रथा ।
व्याप्तिः क्वापि गता स्वरुपनिरयाचाराडुपाधेस्तव,
क्लीबस्येव वृथा वधूनिधुवने तद्बालतर्के रतिः ॥ २७ ॥

अर्थ—जो द्रव्यस्तव साधुने अनुमोदवा योग्य होय तो पूजा विगेरे केम कर्त्तव्य नथी? तमारो प्रश्न सत्यछे, परंतु केवल साहचर्यने आगल करी तेवुं अनुमान करवुं ते इष्ट नथी. ते अनुमोदना स्वरुपे निर्दोष आचार रूप उपाधिथी तने प्राप्त थयेली व्याप्तितो दूर नाशी गई. माटे हे बालक जेवा अविवेकी दुर्मति

स्त्रीना रति विषयमां थयेली नपुंसकनी प्रीतिनी जेम, आ तारी तर्क शास्त्र उपरनी प्रीति वृथा छे. २३

विशेषार्थ—जो द्रव्यस्तव साधुने अनुमोदवा योग्य होय तो जिनपूजननी कर्त्तव्यता तेमने केम न होय ? जे अनुमोदवा योग्य होय ते करवा योग्य होय, अने जे करवा योग्य न होय ते अनुमोदवा योग्य न होय.

हे कुमति ! आ तारूं अनुमान उपर चोटीआ प्रसंग उपरथी थयुं परंतु मात्र साहचर्यने आगल करी आवुं अनुमान करवुं, इष्ट नथी. अहिं साहचर्य अर्थात् व्याप्ति. जेमके जे जे अनुमोदन करवा योग्य होय, तेते कर्त्तव्य होय छे. अहिं ते व्याप्तितो क्यांइ दूर नाशी गई, अने ते स्वरूपना निर्दोष आचारनी उपाधिना कारणथी नाशी गई. एटले ज्यां साधु कर्त्तव्यपणुं छे त्यां स्वरूपथी निर्दोषपणुं छे, अने ज्यां अनुमोदवा योग्यपणुं छे त्यांपण स्वरूपथी निर्दोषपणुं छे. हवे कहे के कारणथी करवा पडेला वर्षाविहारादि तथा नदी उतरवा विगेरे संयमना अवलंबनादिकना अनुमोदनमां तारी व्याप्ति केम नथी ? इत्यादि. आ प्रमाणे कुमति तर्क करेछे, तेथी तेनुं उपहास्य करेछे. हे अविवेकी ! अंतरंग शक्तिना अभावथी तारी जे तर्कमां प्रीति छे ते वृथा छे. कोनी जेम नपुसंक पुरुषनी प्रीति स्त्रीपरत्वे रतिविषय करवामां जेम होय तेम. विद्याना मुखने मात्र चुंबन करवाथी तेना भोगनुं सौभाग्य कांइ मलतुं नथी. ते उपर सुभाषितमां लखेछे के "वेश्यानामिव विद्यानां, मुखं कैः कैर्न चुंबितं । हृदय ग्राहिण स्तासां, द्वित्राः संति न संति च ॥ १ ॥ वेश्यानी जेम विद्याना

मुखने कोणे कोणे चुंबन नथी कर्युं? परंतु तेना हृदयने ग्रहण करनारा बे त्रण होय के न होय." आ प्रमाणे जे अचेलक विगेरेने एक चेलादि आचारनुं अनुमोदवापणुं छे, तेपण ते कर्त्तव्य न मानवाथी सूत्रनीतिवडे स्पष्ट दोष छे, परंतु ते केवलिगम्य छे. २७

जो कदि भावस्तवनी वृद्धिने अर्थे द्रव्यस्तवनी अनुमोदना अपेक्ष्य होय, तो द्रव्य पूजानी अपेक्षा केम न कराय? आ शंका उपर कहेछे.

**दुग्धं सर्पिरपेक्षते नतु तृणं साक्षाद्यथोत्पत्तये,**
**द्रव्यार्चानुमतिप्रभृत्यपि तथा भावस्तवो नत्विमां।**
**इत्येवं शुचिशास्त्रतत्वमविदन् यत्किंचिदापादयन्,**
**किं मत्तोसि पिशाचकी किमथवा किं वातकी पातकी॥**

अर्थ– जेम घी पोतानी उत्पत्तिने अर्थे दुधनी अपेक्षा करेछे. तेम घासनी अपेक्षा करतुं नथी. अर्थात् घीनी उत्पत्ति दुध उपर आधार राखेछे, घास उपर आधार राखती नथी. तेम भावस्तव जेवी द्रव्यस्तवनी अनुमोदननी अपेक्षा राखेछे, तेवी द्रव्य पूजानी अपेक्षा राखतुं नथी. आ प्रकारना शास्त्रना पवित्र तत्वने नहीं जाणता एवा हे कुमति! शुं तुं मत्त थयोछुं? के तने पिशाच वलग्यो छे? वा तने संनिपात थयोछे? वा शुं पातकी थयोछे? जेथी आवुं असंबद्ध बोल्या करेछे. २८

विशेषार्थ– जेम घी, उत्पत्तिमाटे दुधनी अपेक्षा करेछे, तेम तृणनी अपेक्षा करतुं नथी. कारण के दुधमांथी घी व्यवधान वगर साक्षात् उत्पन्न थयेलुं जोवामां आवेछे. अने गायोए भक्षण

करेलुं तृण परिणाम पामी दुध थायछे, तेने दुध करता घी साथे व्यवधान छे. आ प्रमाणे भावस्तव, के जे उपचित अर्थात् वृद्धि पामेला अवयवीने स्थानेछे, ते द्रव्यपूजानी अनुमति विगेरे जे पोतानुं अवयव रूप व्यवधानरहित कारण छे, तेनी अपेक्षा करेछे, पण द्रव्यपूजानी प्रत्यक्ष अपेक्षा करतुं नथी. कारणके तेमां व्यवधान छे. तेज कारणथी साधुउने द्रव्य अग्निकारिकानो निषेध करी भाव अग्निकारिकानी आज्ञा करेली छे. तेविषे श्रीमद् हरिभद्रसूरिना अष्टकमां लखेछे के "कर्मेंधनं समाश्रित्य, दृढा सद्भावनाहुतिः । धर्मध्यानाग्निना कार्या, दीक्षितेनाग्निकारिका" ॥ १ ॥ दीक्षावाळा साधुए कर्मरूप इंधननो आश्रय करी अग्निकारिकाकरवी. अग्निकारिका अर्थात् अग्निकर्म–ते केवा प्रकारनी करवी ते कहेछे. दृढ एटले कर्मरूप इंधननो दाह करवाने समर्थ अने सद्भावना एटले सारो भाव तेरूप आहूति ( घी नाखवुं ) छे जेमां, एवी करवी. अहिं उपलक्षणथी धर्मध्यान अने शुक्लध्यान जाणी लेवुं. हे लुंपक! आवा प्रकारना पवित्र शास्त्रना तत्वने नहीं जाणतो, अने जे कांइ जातिप्राय प्राप्त करता सभामां जेनुं उपहास्य थयेलुं छे एवो तुं शुं उन्मत्त थई गयो छे? इत्यादि. २८

पुनः ते अर्थने उत्तेजित करेछे.

**द्रव्यार्चामवलंबते नहि मुनिस्तर्तुं समर्थो जलं,**
**बाहुभ्यामिव काष्ठमत्र विषमं नैतावता श्रावकः ।**
**बाहुभ्यां भववारितर्तुमपटुः काष्ठोपमानाश्रयेद्**
**द्रव्यार्चामपि विप्रतारकगिरा भ्रांतीरनासादयन्** २९

अर्थ– बाहुवडे ज्ञवसागरना जलने तरवाने समर्थ एवा मुनि कांटावाला काष्ठनी जेम द्रव्यपूजानुं अवलंबन करता नथी. तेवीज रीते बाहुवडे ज्ञवसागर तरवाने असमर्थ एवो श्रावक कांइ काष्ठोपमावाली द्रव्यपूजानुं अवलंबन न करे एम नहीं. अर्थात् अवलंबन करेछे. परंतु जो ते लुंपक दुर्मतिनी वाणीथी ज्रमने प्राप्त थयो न होय तो तेम करेछे. अर्थात् जो ते लुंपकनी वाणीथी ज्रमायो होय तो तेम करतो नथी. २ए

विशेषार्थ– नथी. २ए

हवे ते विशे विशेष कहेछे.

**अक्षीणा विरति ज्वराहि गृहिणो द्रव्यस्तवं सर्वदा,**
**सेवंते कटुकौषधेन सदृशं नानीदृशाः साधवः ।**
**इत्युच्चैरधिकारिज्ञेदमविदन् बालो वृथा खिद्यते,**
**नैतस्य प्रतिमाद्विषो व्रतशतैर्मुक्तिः परं विद्यते ॥३०॥**

अर्थ–जेमनो अवरतिरूप ज्वर नाश पाम्यो नथी तेवा गृहस्थो निरंतर द्रव्यस्तवनुं सेवन करेछे, जे द्रव्यस्तव ते ज्वरने नाश करनारा कटु औषधरूप छे अने जेमनो अविरतिरूप ज्वर क्षीण थयोछे, एवा साधुर्ज द्रव्यस्तवनुं सेवन करता नथी. लोकमां पण रोगी औषधनुं सेवन करे एवुं सिद्ध छे. आप्रमाणे छतां मलिनारंज्ञी अने निर्मलारंज्ञी एवा अधिकारी ज्ञेदने नही जाणतो एवो अज्ञानी वृथा खेद पामेछे, अने तेवा प्रतिमाद्वेषीनी सेंकडो व्रतोथी पण मुक्ति नथी. कारणके प्रवचनना अर्थ उपर श्रद्धा नही राखनारा पुरुषना सो योगपण निष्फल छे. ३०

विशेषार्थनो अर्थमां समावेश करेलो छे. ३०

हवे द्रव्यस्तवमां गुण बतावेछे.

**वैतृष्ण्यादपरिग्रहस्य दृढता दानेन धर्मोन्नतिः,**
**सद्धर्मव्यवसायतश्च मलिनारंभानुबंधच्छिदा ।**
**चैत्यानत्युपनम्रसाधु वचसा माकर्णनात्कर्णयो**
**रक्ष्णोश्चामृतमञ्जनं जिनमुखज्योत्स्ना समालोकनात्**

अर्थ– तृष्णानो विछेद थवाथी अपरिग्रह व्रतनी दृढता थायछे. दान आपवाथी धर्मनी उन्नति थायछे, सद्धर्मना व्यवसायथी मलिनारंभना अनुबंधनो छेद थायछे. चैत्यने नमवा नम्र थयेला साधुनां वचन सांभलवाथी कर्णमां अमृतनुं सिंचन थायछे अने श्री जिनप्रतिमाना मुखचंद्रनी ज्योत्स्नाना दर्शनथी नेत्रविषे अमृतांजन थायछे. ३१

विशेषार्थ–तृष्णाना विच्छेदथी अपरिग्रहव्रतनी दृढता थायछे, दानथी धर्मनी उन्नति थायछे, सद्धर्मव्यवसाय अर्थात् कर्तव्यतानुं अनुसंधान, जेमां सारा आरंभनुं प्राधान्य छे अने बीजानुं आनुसंगिक ( अवांतररूप ) पणुं छे ( कारणके तेना प्रवाहमां प्रवृत्तिवडेज वंश तरवानी सिद्धि थायछे ) तेवा सद्धर्मना व्यवसायथी मलिनारंभना अनुबंधनो उछेद थायछे. अर्हंत प्रतिमाने नमवाने नम्रशील एवा साधुउ, जेउ मात्र देशनामांज उद्यमवंत छे, तेउना वचननुं श्रवण करवाथी कर्णमां अमृतनुं सिंचन थायछे. अने भगवंतनी प्रतिमाना वदनचंद्रनी ज्योत्स्नाना अवलोकनथी नेत्रमां अमृतांजन थायछे, अर्थात् बीजुं कांइ

जाणवानुं नही रेहेवाथी उभयने आनंदस्वरूप शांतरसनो उद्बोध थायछे. ३१

पुनः तेविशे विशेष कहेछे.

**नानासंघसमागमात् सुकृतवत्सद्गंधहस्तिव्रज,**
**स्वस्तिप्रश्नपरंपरापरीचयादप्यद्भुतोद्भावना ।**
**वीणावेणुमृदंगसंगमचमत्काराच्च नृत्योत्सव,**
**स्फारार्हद्गुणलीनताभिनयनाद् भेदभ्रमप्लावना।३२।**

अर्थ- अनेक देशना संघना समागमथी अने सुकृती पुरुष रूप गंध हस्तिना समूह साथे कल्याण प्रश्ननी चर्चाथी अद्भूत रसनो उद्बोध थायछे, तथा वीणा वेणु अने मृदंग विगेरे संगीतना चमत्कारथी अने नृत्योत्सव समये अर्हंतना गुणोमां लीन थई विभाव, अनुभावरूप अभिनय करवाथी भेद भ्रमनो नाश थायछे. ३२

विशेषार्थ-अनेक देशना संघना समागमथी अने सुकृतवाला सज्जन पुरुषोरूप गंध हस्तिउना समूहनी साथे कल्याण प्रश्ननी परंपराथी अर्थात् तेमना परिचयथी अद्भूत रसनो उद्बोध थायछे, अर्थात् सज्जनयोग तथा अवंचक क्रमथी परम समाधिनो लाभ थायछे. आहिं सज्जन पुरुषने गंध हस्तिनुं रूप आप्युं, तेथी एम सूचव्युं के जेम गंध हस्तिना गंधमात्रथी प्रतिहस्तिनो पराभव थाय, तेम सज्जनना वादप्रसारथी वादीरूप प्रतिहस्तिनो पराभव थायछे. वली वीणा, वेणु अने मृदंग ए तौर्यत्रिक संगीतनी संपत्तिथी जे चमत्कार थायछे, तेथी तथा नृत्योत्सव समये

विस्तारथी वर्णवाता अर्हतना गुणोनी लीनतामां विभाव, अनुभावरूप अभिनय करवाथी विपरीत भ्रमनो नाश थायछे. रहस्य ए छे के, समापत्ति विगेरे भेदवडे अर्हतनुं दर्शन थवुं जोइए. समापत्तिनुं लक्षण योगशास्त्रना ग्रंथमांथी जाणी लेवुं.३१

हवे बाकीनुं तेज विषयने पुष्टिरूप कहेछे.

**पूजा पूजकपूज्यसंगतगुणध्यानावधानक्षणे,**
**मैत्री सत्वगुणेष्वनेन विधिना भव्यः सुखी स्तादिति ।**
**वैरव्याधिविरोधमत्सरमदक्रोधैश्च नोपप्लव,**
**स्तत्को नाम गुणो न दोष दलनो द्रव्यस्तवोपक्रमे ३३**

अर्थ– पूजा, पूजक अने पूज्य, आ त्रिपुटीसाथे मलेला गुणना ध्यान वखते आ द्रव्यस्तवना विधिथी सर्व भव्यजन सुखी थाओ ! एवी धारणा करवाथी सर्व प्राणी उपर मैत्री थायछे, तेमज वैर, व्याधि, विरोध, मत्सर, मद अने क्रोधसंबंधी कांइपण अनर्थ थतोनथी. तेथी द्रव्यस्तवना उपक्रम (आरंभ)मां दोष नाशक कयो गुण नथी ? अर्थात् सर्व गुणो दोषनाशक छे.३३

विशेषार्थ– नथी.

**सत्तंत्रोक्त दशत्रिकादिकविधौ सूत्रार्थ मुद्राक्रिया-**
**योगेषु प्रणिधानतो व्रतभृतां स्याद् भावयज्ञो ह्ययं ।**
**भावापद्धिनिवारणाद् बहुगुणे ह्यप्यत्र हिंसामति-**
**मूढानां महती शिला खलु गले जन्मोदधौ मज्जतां।३४।**

अर्थ–उत्तम शास्त्रमां कथन करेला दशत्रिक विगेरे विधिमां

सूत्र, अर्थ मुद्रा, क्रिया अने योगमा ध्यान करवाथी देशविरति पुरुषोने आ द्रव्यस्तव भावयज्ञरूप थायछे. भाव आपत्तिने निवारवाथी, घणां गुणवाला आ द्रव्यस्तवमा पण मूढ कुमतियोने जे हिंसाबुद्धि छे ते आ संसारमां डुबता एवा तेमने गळे शिलारूप छे. ३४

विशेषार्थ—व्रतधारी एटले देशविरति प्राणीउने आ द्रव्यस्तव भाव यज्ञरूप थायछे. कारणके अभ्युदयरूप कल्याणनो हेतु ते यज्ञ छे. सत्शास्त्रमां पूजाना पूर्वअंगरूप तेने कहेलो छे. ते माटे "दहतिग अहिगम पणगं" इत्यादि गाथा अवलोकन करवी. आ दश त्रिकादि, विधि छे. तेमां सूत्र, अर्थ, मुद्रा अने क्रियालक्षणवाला योगने विषे तेनो निर्णय करेलो छे. जिनविरहथी प्रयोजेली तेना विनयनी असंपत्तिरूप भावआपत्ति, तेना निवारणथी, घणां गुणवाला आ द्रव्यस्तवमां जेमनी हिंसा बुद्धि छे ( अहिं "भावपद्विनिवारणोचितगुणो" आवो पाठ लइएतो, तेनो एवो अर्थ थाय के, भावआपत्तिना निवारणने योग्यछे गुण जेमां एवा आ द्रव्यस्तवमां पण जेउनी हिंसाबुद्धि छे ) ते मूढ कुमतीयोने संसारसमुद्रमां डुबता तेमने गले ते एक शिला छे. पापीउने डुबाडवा सारू तेमने गले शिलारोपण करवुं अयोग्य नथी. ३४

हवे भाव आपत्तिने निवारण करवाना गुणवडे करेली स्थापनाने दृढ करेछे.

**सम्यग्दृष्टिरयोगतो भगवतां सर्वत्र भावापदं,**
**भेत्तुं तद्भवने तदर्चनविधिं कुर्वन्न दुष्टो भवेत् ।**

**वाहिन्युत्तरणाद्यतो मुनिरिव द्रव्यापदं निस्तरन्,**
**वैषम्यं किमिहेति हेतुविकलः शून्यं परः पश्यतु ॥३५॥**

अर्थ—जेम मुनि द्रव्यआपत्तिने छेदवाने नदी ऊतरवा उद्यमवंत थाय, तोपण दुषित थता नथी, तेम भावआपत्तिने छेदवाने जिनालयमां भगवंतनी पूजा करवाने उद्यमवंत थयेलो सम्यग् दृष्टि प्राणी दूषित गणातो नथी. अहिं बंनेमां शुं विषमपणुं छे? ते बाबत प्रत्युत्तर आपवाने असमर्थ एवो प्रतिमानो शत्रु दुर्मति दिग्मूढ थइ रह्यो. ३५

विशेषार्थ—भगवंतना विरहथी सर्व ठेकाणे भावआपत्तिने छेदवाने ते भगवंतना मंदिरमां भगवंतनी प्रतिमाने पूजा करतो एवो सम्यग् दृष्टि प्राणी दोषवान न थाय. दृष्टांत के—जेम विहारने अनुचित एवी द्रव्यआपत्तिने दूर करवा इच्छता एवा मुनि नदी उतरवानो उद्यम करवाथी दूषित न थाय तेम, ते प्राणी दूषित थतो नथी. आ बंनेमां शुं विषमपणुं छे? अल्प व्यय अने बहुलाभमां ते ते अधिकारीने योग्य एवा आज्ञाना योगनुं तुल्यपणुं छे. अर्थात् जेमां बहुलाभ अने व्यय अल्प होय ते आचरवानी आज्ञा छे. आ हेतु जाणवामां विकल अने प्रत्युत्तर आपवाने असमर्थ एवो लुंपकमति प्रतिमानो शत्रु केवल शून्यतानुं अवलोकन करो ३५

हवे विषमपणामां हेतुनी आशंका बतावतां तेनुं निराकरण करेछे.

**नो नद्युतरणे मुनेर्नियमताद्वैषम्यमिष्टं यतः,**
**पुष्टालंबनकं न तन्नियमितं किं तु श्रुते रागजं ।**

अस्मिन् सत्ववधे वदंति किल येऽशक्यप्रतीकारतां,
तैर्निंदामि पिबामि चांत्र इति हि न्यायः कृतार्थः कृतः

अर्थ–मुनिने नदी उतरवी एवा संख्यानामनां नियमथी विषमपणुं इष्ट छे, एम न कहेवुं जोईए, कारणके तेमां काई पुष्टालंबन नियमित नथी, पण ते शास्त्रना रागथी नियमित थयेलुं छे. तेथी नदी उतरवामां जीवनो वध थवानो प्रकार अशक्य परिहाररूप छे, एम जे लुंपको कहेछे, तेउए " हुं जल निंदुवुं अने पीवुंछुं " एवा न्यायने कृतार्थ कर्योछे. ३६

विशेषार्थ–मुनिने नदी उतरवामां संख्यानियम कहेलो छे, अने श्रावकने जिन पूजामां तेवो कांई नियम कहेलो नथी, एवा हेतुने लईने तेमां विषमपणुं इष्ट छे. आ प्रमाणे कहेवुं तने योग्य नथी. कारणके नदीनुं उतरवुं कांइ ज्ञानादि लाभना कारण रूपे नियमित कर्युं नथी, परंतु ते आगम ( शास्त्र ) ना रागथी नियमित करेलुं छे. जेम नखना घसाराथी थता घातना निषेधमाटे प्रोक्षण विधिमां कह्युंछे तेम.

पूर्वपक्ष–द्रव्यस्तवनो विधि तो गृहस्थने अपूर्व छे, तेथी समानपणानो अहीं योग नथी अर्थात् विषमपणुं छे.

उत्तरपक्ष–जो एम होय तो पुष्टालंबन तरफ जोइशुं तो वर्षा कालमां पण गामोगाम विहार करवानी आज्ञा आपेली छे, तो तेमां संख्या नियम शो रह्यो ?

ते विषे श्रीस्थानांग सूत्रमां कह्युं छे के " वासा वासं पज्जोसविआणं नो कप्पइ निगंथाणं वा २ गामानुगामं दूईजित्तए पंचहिं

गणे हिं कप्पइ तंणाणठयाए दंसणठयाए " इत्यादि सारांशके मुनिने जो लाभ होयतो वर्षामांपण गामोगाम विहार कल्पेछे. तेमां मालवा विगेरे देशोमां एक दिवसे घणीवार नदी उतरवानो संभव छे, त्यां शुं करवुं? तेथी संख्या नियमपण अशक्य परिहार थई शके नहीं तेवे प्रसंगे संभवेछे. आप्रमाणे नदी उतरवामां अप्काय विगेरे जीवोनी हिंसा थाय, अने ते हिंसा न लागे तेवो उपाय थवो अशक्य छे एमजे लुंपको बोले छे, ते तेमणे " हुं जलने निंडुवुं अने पीवुंबुं" एवा न्यायने कृतार्थ कर्यो, अर्थात् तेथी वदतोव्याघात जेवुं थायछे. ३६

हवे दृष्टांत आपी नदी उतरवामां निर्दोषपणुं छे, एम न्यायथी सिद्ध करेछे.

**यन्नद्युत्तरणं प्रवृत्तिविषयो ज्ञानादिलाभार्थिनां,**
**दुष्टं तद् यदि तत्र कः खलु विधिव्यापारसारस्तदा।**
**तस्मादीदृशकर्मणी हितगुणाधिक्येन निर्दोषतां,**
**ज्ञात्वापि प्रतिमार्चनात् पशुरिव त्रस्तोऽसि किं दुर्मते॥**

अर्थ—ज्ञानादि लाभना अर्थीजने नदीनुं उतरवुं प्रवृत्तिनुं विषयरूप छे, ते जो दूषित होयतो, एवो विधिव्यापार करवानुं तात्पर्य शुं? तेमाटे इष्ट गुणना अधिकपणाथी नदी उतरवाना कर्ममां निर्दोषता जाणीने पण हे दुर्मति! तुं पशुनी जेम प्रतिमा पूजाथी केम त्रास पामेछे? ३७

विशेषार्थ—ज्ञानादि लाभना अर्थीजने नदीनुं उतरवुं प्रवृत्तिनुं विषय छे, ते जो दूषित होयतो तेमां विधिव्यापार एटले विधिना

अर्थनुं तात्पर्य शुं थाय? अर्थात् विधिअर्थ अनिष्टना बाधनेमाटे करवामां आवेछे. पण ज्यारे पाप बलवत् थाय अने अनिष्ट थतुं होय त्यारे विध्यर्थनो बाध थायछे. तेवा अधिकारीने योग्य एवा नदी उतरवा विगेरे कर्ममां इष्ट गुणनी अधिकतावडे निर्दोषता जाणीने, एटले स्वरूपवडे सावद्यपणुं छतां, पण बलवान् अनिष्टना अनुबंधना अभावने जाणीने पण हे दुर्मति! पशुनी जेम प्रतिमानी पूजाथी तुं शामाटे त्रास पामेछे? विशेष दर्शी पुरुषने त्रास थवानुं कारणरूप कुमतिने दूर करवाथी आ त्रास थतो नथी. एवो भावार्थ छे. नदी उतरवाना संबंधमां उत्सर्गापवाद सूत्र छे, ते वृत्तिथी जाणी लेवुं. ३१

हवे बीजुं दृष्टांत आपी उपर कहेला विषयने समर्थ करेछे.

**गर्त्तादंगविघर्षणैरपि सुतं मातुर्यथाहेर्मुखा-**
**त्कर्षंत्या न हि दूषणं ननु तथा दुःखानलार्चिर्भृतात्।**
**संसारादपि कर्षतो बहुजनाद्द्रव्यस्तवोद्द्योगिन-**
**स्तीर्थस्फाति कृतो न किंचन मतं हिंसांशतो दूषणं३०**

अर्थ—जेम विवरमांथी अतित्वरावडे, अंगना घसारा साथे सर्पना मुखमांथी पुत्रने बहार खेंचती माताने दूषण लागतुं नथी, तेम जिनशासननी उन्नति करनार, द्रव्यस्तवमां उद्यमवंत अने दुःखरूप अग्निनी ज्वालाथी भरपूर एवा संसारमांथी घणां प्राणियोने उद्धार करता एवा श्रावकने हिंसाना कोइ अंशथी दूषण लागतुं नथी. ३०

विशेषार्थ—कारणके स्वरूप हिंसाना दोषनुं निर्बलपणुं छे, अने श्रेष्ट फलना साधनपणाने लीधे अनुबंधवडे तेनुं निष्फलपणुं छे. ३८

उपर कहेलुं दृष्टांत न्यायथी चालता विषयमां योजवाने कहेछे.

**एतेनैव समर्थिता जिनपतेः श्रीनाभिभूपान्वय,**
**व्योमेंदोः सुतनीवृतां विभजना शिल्पादिशिक्षापि च।**
**अंशोऽस्यां बहुदोषवारणमतिश्रेष्ठो हि नेष्टोऽपरो,**
**न्यायोसावपि दुर्मत द्रुमवनप्रोद्दामदावानलः ॥ ३९॥**

अर्थ—उपर बतावेला पुत्रना दृष्टांतवडे नाभिराजना वंशरूपी आकाशमां चंद्रसमान श्रीऋषभदेव भगवंते करेली पोताना पुत्रोने जुदा जुदा देशोनी वेहेंचण अने प्रजाने बतावेली शिल्प विगेरेनी शिक्षापण निर्दोष दर्शावेली छे. तेमां एक अंश बहुदोषने वारनार होवाथी अति श्रेष्ठ छे अने बीजो अंश आनुषंगिक हिंसारूप होवाथी उपेक्षा करेलो छे. आ न्याय दुष्टमतरूप वृक्षसमूहने विषे अति प्रबल एवो दावानलरूप छे. ३९

विशेषार्थ—उपर कहेला सर्प मुखमांथी खेंचवाना दृष्टांतवडे श्रीऋषभदेव भगवाने करेली, पुत्रोने जुदा जुदा देशनी जे वेहेंचण अने प्रजाउने बतावेली शिल्प विगेरेनी शिक्षा, ते निर्दोषपणे दर्शावी छे. श्री ऋषभदेव भगवान, नाभिराजनो वंश जे अति विशाल होवाथी आकाशरूप छे तेमां चंद्रसमान छे, अर्थात् चंद्रनी जेम परम सौम्य मूर्त्ति छे. अहिं विशेषणथी विशेष्यनी प्राप्ति छे. नीवृत् शब्द साथे युक्त एवा सुत शब्दने शिक्षामां जुदो अन्वय थतो नथी, तेथी सुतेभ्यः एवो अध्याहार

करवो, नहीं तो एवो विग्रह करवो के सु एटले सारि छे ता लक्ष्मी जेमां ते सुत कहेवाय. तेवो नीवृत् एटले देश ते सुतनीवृत् कहेवाय. अहिं सामानाधिकरण विशेषण प्रमाणे व्याख्या करवी. श्री हेमचंद्र कोषमां लखेछे के "तासा श्रीः कमलेंदिरा" इत्यादि. ए पुत्रोने देशोनी वेहेंचणमां अने प्रजाने शिल्पादि शिक्षा बतावववामां अधिकारी एवा भगवंते आ अति श्रेष्ठ अंश कह्यो छे. जे अंश मात्स्य न्यायवडे अन्यायनी प्रवृत्ति थवा रूप बहु दोषने वारनारो छे, अने बीजो अंश जे आनुषंगिक हिंसारूप हतो तेनी उपेक्षा करीछे. आ निर्देश लक्षण न्याय पण दुष्टमत अर्थात् द्रव्यस्तवने न स्वीकारनार मत, तेरूपी वृक्षना समूहने विषे अतिशय प्रबल एवो दावानलरूप छे, कारण के उन्मार्गे चालनार कुमतिने ते भस्म करनारो छे.

हवे प्रमाणपूर्वक श्री महानीशीथ सूत्रना अक्षरो दर्शावे छे.

**किं योग्यत्वमकृत्स्न संयमवतां पूजासु पूज्या जगुः,**
**श्राद्धानां न महानिशीथसमये भक्त्या त्रिलोकीगुरोः।**
**नंदीदर्शितसूत्रवृंदविदितप्रामाण्यमुद्राभृतो,**
**निद्राणेषु पतंति डिंडमडमत्कारा इवैता गिरः॥ ४०॥**

अर्थ—श्री महानिशीथ सूत्र (सिद्धांत)मां पूज्य गणधरोए देशविरति श्रावकोने भक्तिवडे त्रण भुवनना गुरू श्रीतीर्थंकरने पुष्पादिकथी पूजा करवानी योग्यता शुं नथी कही ? अर्थात् कहेली छे. श्रीनंदीसूत्रमां दर्शावेला सूत्रवृंदमां प्रसिद्ध प्र-

माणनी मुद्रारूप ते जगवंतनी वाणी प्रमत्त थई सुई गयेला प्रमादी पुरुषोने विषे ढोल उपर डंकानी जेम पडेछे. ४०

विशेषार्थ–श्रीमहानिशीथ सूत्रनो आलावो आप्रमाणे छे.

"अकसिण पवत्तगाणं विरया विरयाण एसखलुजुत्तो जे कसिण संजम विउ पुप्फाईअं न कप्पएतउ बुज्जगोअमाणी संसयं देस विरयाणं तुविणि उगमुत्तयत्र" इत्यादि ते स्थले विस्तारथी जोवुं

हवे ते विषे समुच्चयरूपे कहेछे.

**यद्दानादिचतुष्कतुल्यफलतासंकीर्त्तनं या पुन,**
**र्द्वौ श्राद्धस्य परो मुनेः स्तव इति व्यक्ता विज्ञागप्रथा।**
**यच्च स्वर्णजिनौकसः समधिकौ प्रोक्तौ तपःसंयमौ,**
**तत्सर्वं प्रतिमार्चनस्य किमु न प्राग्धर्मताख्यापकं४१**

अर्थ–दान विगेरे चार प्रकारनुं सरखुं फल मले छे, एम जे कहेलुं छे, श्रावक ने द्रव्यस्तव अने जावस्तव बंने योग्यछे अने मुनिने जाव स्तव एकज योग्य छे, एवा जे विज्ञाग पाडेला छे, तथा सुवर्णनुं जिनालय करावावाथी तप अने संयम अधिक छे. आ प्रमाणे जे कहेलुं छे, ते सर्व प्रतिमापूजनना धर्मने शुं सूचवता नथी? अर्थात् ते प्रतिमा पूजननेपूर्णरीते सूचवे छे. ४१

विशेषार्थ–दान विगेरे चार प्रकारना समान फलपणानुं जे संकीर्त्तन छे, वली श्रावक ने द्रव्यस्तव अने जावस्तव बंने करवा योग्य छे अने मुनिने मात्र जावस्तवज करवा योग्य छे, एवा जे विज्ञाग पाडेला छे, तेमज सुवर्णनुं जिनालय करावबुं ते रूप उत्कृष्ट द्रव्यस्तवथी पण तप अने संयम अधिक छे. आ प्रमाणे जे क-

थन छे ते सर्व प्रतिमापूजन ने सूचवनारूं नथी ? अर्थात् छेज. कारणके अतिशय उत्कृष्टनी स्तुति हीनना मुकाबलानी साथे करवी ते योग्य नथी परंतु उत्कृष्टना मुकाबला साथे करवी योग्य छे, अने तेज स्तुतिगणाय. जेम सामान्य माणसथी चक्रवर्तीनी अधिकता कहेवी ते स्तुति नथी, परंतु महान् राजाथी चक्रवर्तीनी अधिकता कहेवी ते तेनी स्तुति गणाय. ४१

आ अमारूं कथन श्रीमहानिशीथ सूत्रनुं प्रमाण रूप छे, ते सिद्धकरी कुमतियोने दूषण आपी कहेछे.

**प्रमाण्यं न महानिशीथसमये प्राचामपीत्यप्रियं,**
**यत्तुर्याध्ययनेन तत्परिमितैः केषांचिदालापकैः ।**
**वृद्धास्त्वाहुरिदं न सातिशयमित्याशंकनीयं क्वचित्,**
**तत्किं पाप तवापदः परगिरां प्रामाण्यतो नोदिताः॥४२॥**

अर्थ—श्रीमहानिशीथ सूत्रमां प्राचीन एवा तमारा संप्रदायवालानी प्रमाणता नथी अने चोथा अध्ययनमां केटलाएक बे त्रण आचार्योना आलापक छे, तेपण प्रमाण गणाया नहीं. आ वचन घणुं अप्रिय छे. कारणके वृद्धो एम कहेछे के, आ महानिशीथ सूत्र अति गंभीर अर्थवालुं छे, तेथी तेमां कोइ स्थले शंका करवी नहीं. माटे हे पापी ! ते उत्कृष्ट वाणीवाला अमारा संप्रदायक शुद्ध शास्त्रना प्रमाणथी तने आपत्तिउनो उदय शुं नहीं थाय ? अर्थात् उदय थशेज. ४२

विशेषार्थ—नथी. ४२

श्री महानिशीथ सूत्रमां पण ते कुमतियो अन्यथा वचननी शंका करेछे, ते कहेछे.

**भ्रष्टैश्चैत्यकृतेऽर्थितः कुवलयाचार्यो जिनेंद्रालये,**
**यद्यप्यस्ति तथाप्यदः स तमइत्युक्त्वा भवं तीर्णवान्।**
**एतत्किं नवनीतसार वचनं नो मानमायुष्मतां,**
**यत्कुर्वंति महानिशीथबलतो द्रव्यस्तवस्थापनं ॥४३॥**

अर्थ—भ्रष्ट कुमतियोए चैत्यालय करवाविषे श्री कुवलयप्रभ आचार्यनी प्रार्थना करी, त्यारे ते आचार्ये कह्युं के, चैत्यालय विषे कहेवानुं छे पण ते पापसहित छे; आवुं वचन कही ते आचार्य संसारसमुद्र तरी गया हता. आ प्रमाणे नवनीतसार अध्ययननुं वचन श्रेष्ठ आयुष्यवाला एवा तमने शुं प्रमाण नथी? के जेथी तेओ महानिशीथ सूत्रना बलथी द्रव्यस्तवनुं स्थापन करे छे. ४३

विशेषार्थ—ज्यां मात्र एक वचनथी पण द्रव्यस्तवनी प्रशंसा करवानो निषेध होय त्यां चैत्यनुं करवुं के करावबुं विगेरे केम विहित थशे. ४३.

हवे तेनो उत्तर आपेछे.

**भ्रांतप्रांतधिया किमेतदुदितं पूर्वापरानिश्चयात्,**
**येन स्वश्रुम क्लृप्तचैत्यममता मूढात्मनां लिंगिनां।**
**उन्मार्गस्थिरता न्यषेधि न पुनश्चैत्यस्थितिः सूरिणा,**
**वाग्भंगी किमु यद्यपीति न मुखं वक्रं विधत्ते तव ॥४४॥**

अर्थ—हे भ्रांत! ग्रंथना पूर्वापर तात्पर्यनो विचार कर्याविना

हीन बुद्धिवाला एवा तें आवुं कुवचन केम कह्युं? श्रीकुवलयाचार्ये, जाते श्रम लइ करेला चैत्य संबंधे ममतावडे जेउनो आत्मा मूढ थइ गयो छे, तेवा लिंगधारीउनी उन्मार्गनी स्थिरता निवारी हती, परंतु चैत्यनी स्थितिनो निषेध कर्यो न हतो. आ प्रमाणे चैत्यप्रवृत्ति संबंधी तेमनी वाक्यरचना, हे दुर्मति! शुं तारा मुखने वक्र करती नथी? अर्थात् करेछे. ४४

विशेषार्थ–जिनालयमां स्वभावथी सावद्यपणुं नथी अर्थात् चैत्य स्थिति स्वभावथी दुष्ट नथी, परंतु मठप्रवृत्तिनी उपाधिवडे दुष्ट छे, एम समजवुं. ४४

आप्रामाणे व्याख्यान करी, सूत्रनुं निःशंकपणुं बतावी प्रवज्ञानी सार्थकता सिद्ध थाय छे, ते कहेछे.

**यत्कर्मापरदोषमिश्रिततया शास्त्रे विगीतं भवेत्,**
**स्वाऽभीष्टार्थलवेन शुद्धमपि तल्लुंपंति दुष्टाशयाः ।**
**मध्यस्थास्तु पदे पदे धृतधियः संबंध्य सर्वं बुधाः,**
**शुद्धाशुद्धविवेकतः स्वसमयं निःशल्यमातन्वते॥४५॥**

अर्थ–जे कर्म स्वरूपथी शुद्ध होय पण बीजा दोष साथे मिश्र थवाथी निषिद्ध थाय तेवुं होय, तेवा शुद्ध कर्मने दुष्टबुद्धिवाला लुंपक कुमतियो पोताने रूचतो लवमात्र अर्थ लागु पाडी लोपेछे; अने जे मध्यस्थ–गीतार्थ पुरुषो छे, तेउतो स्थाने स्थाने बुद्धिथी विचार करी, संबंध बेसारी, शुद्धाशुद्ध विवेकपूर्वक स्वसिद्धांत निर्दोषपणे विस्तारेछे. ४५

विशेषार्थ– नथी. ४५

हवे प्रदेशांतरनो विरोधपण आप्रमाणे दूर थई गयो, ते कहेछे.

**तेनाकोविदकल्पितश्चरणभृद्यात्रानिषेधोद्यत,**
**श्रीवज्रार्यनिदर्शनेन सुमुनेर्यात्रानिषेधो हृतः ।**
**स्वाछंद्येन निवारिता खलु यतश्चंद्रप्रज्ञस्यानतिः,**
**प्रत्यज्ञायि महोत्तरं पुनरियं सा तैः स्वशिष्यैः सह ।४६।**

अर्थ–चारित्रधारी मुनियोने यात्रानो निषेध करवामां उद्यवंत एवा श्रीवज्रसूरिनुं दृष्टांत आपी, उत्तम मुनियोने यात्रा करवानो निषेध दूर करी दीधो. जे निषेध तात्पर्यने जाण्याबगर कुमतियोए पोतानी कल्पनाथी करेलो हतो. वली ते स्थले गुरुउंए पोताना शिष्योसहित स्वछंदपणे (आज्ञारहितपणे) श्री चंद्रप्रज्ञस्वामिने वंदना करवानो पण निषेध कर्यो हतो. वली एजस्थले संघयात्रानो उत्सव थया पछी ते आचार्योए चंद्रप्रज्ञस्वामीनी यात्रा अंगीकार करी हती. ४६

विशेषार्थ–उपर वर्णवेला हेतुथी चारित्रधारी मुनियोने यात्रानो निषेध करवामां उद्यमवंत एवा श्री वज्रसूरिनुं दृष्टांत आपी उत्तम साधुउंने यात्रा करवानो निषेध निराकरण कर्यो. जे निषेध तात्पर्यने जाण्याविना कुमतिए कल्पनाथी कर्यो हतो. वली ते ग्रंथमां गुरुउंए पोताना शिष्योसहित स्वछंदपणे श्री चंद्रप्रज्ञस्वामीने वंदना करवानोपण निषेध कर्यो हतो. वली एज स्थले संघयात्रानो उत्सव थवा पछी ते आचार्योए चंद्रप्रज्ञस्वामीनी यात्रा अंगीकार करी हती. ते यात्रा संघयात्राना महोत्सवनी पछी करवी एम सूचव्युं. आ विषे सावद्याचार्य अने श्री वज्रा-

चार्यना संबंधो श्री महानिशीथ सूत्रथी जाणी लेवा. ते स्थले एक काव्य लखे छे. यथा- " कुवलय प्रजचंद्र मुनिषयो, श्रित युग्ममिदं विनिषम्यज्नो ॥ कुमतिज्निर्जनितं मतिविज्रमं, त्यजतयुक्त मङुक्त विज्ञावका ॥ १ ॥ अर्थ-श्री कुवलयाचार्य अने चंद्रप्रज्ञाचार्यना चरित्रो सांजली, हे जव्य प्राणीउं ! मारां योग्य वचननो विचार करी कुमतियोए उत्पन्न करेला विज्रमने छोडीद्यो. ते चरित्रोमध्येना पेहेला चरित्रमां अधिकारीवगरना कर्त्ताए कहेली चैत्यप्रवृत्तिनी अनुमोदना न करवी ए तात्पर्य छे, अने बीजा चरित्रमां अविधिथी यात्रा करवानो निषेध कहेलोछे ४६

हवे सिंहावलोकन न्यायथी जिन बिंबने नमवाना अनुकूल व्यापारमां यात्रापदना अर्थना बाधनी शंका करी तेनो परिहार करेछे.

**नो यात्रा प्रतिमानतिर्व्रतभृतां साक्षादनादेशनात्,**
**तत्प्रश्नोत्तरवाक्य इत्यपि वचो मोहज्वरावेशजं ।**
**मुख्यार्थैः प्रथितायतोऽव्यवहृतिः शेषान्गुणान् लक्षयेत्**
**सामग्र्येणहि यावतास्तियतना यात्रास्मृतातावता ४७**

अर्थ-ते प्रश्नोत्तर वाक्यमां व्रतधारी मुनियोने साक्षात् जिनबिंबने नमवानो आदेश नथी, तेथी प्रतिमाने नमवुं, ते व्रतधारीउंनी यात्रा न कहेवाय, आवीरीतनुं जे कुमतियोनुं वचन ते मोहरूप ज्वरना आवेशथी यद्वा तद्वा प्रलाप करेलुं वचन छे; अने मुख्य अर्थवडे प्रसिद्ध एवो व्यवहार शब्द प्रयोगवाला

समग्र गुणोने लक्ष करे छे, कारण के जेटली सामग्रीवडे यतना थाय तेटली सामग्रीवडे यात्रा कहेली छे. ४१

विशेषार्थ—ते प्रश्नोत्तर वाक्यमां व्रतधारीउने साक्षात् अर्थात् कंठपाठथी जिनबिंबने प्रणाम करवानो आदेश नथी, तेथी प्रतिमाने नमवुं ते व्रतधारीउनी यात्रा न कहेवाय. आ प्रकारनुं कुमतियोनुं वचन ते मोहरूप ज्वरना आवेशथी प्रलाप करेलुं वचन छे, एटले ज्वरना तोरमां परवश थई जेमतेम बोलाय तेना जेवुं ते वचन छे. ते प्रश्नोत्तर वाक्य ग्रंथते– शुकसोमिलादिके करेला यात्रा पदना अर्थ विषे प्रश्नो, तेमना थावच्चापुत्र अने भगवंतवच्चे थयेला उत्तरो, जाणवा. वली मुख्य अर्थवडे प्रसिद्ध एवो व्यवहार शब्द प्रयोगरूप समग्र गुणोने सूचवी आपेछे. अने तेथी जेटली सामग्रीवडे यतना थाय तेटली सामग्रीवडे यात्रा कथन करेली छे. तेविषे कह्युं छे के " यात्रामां तप, नियम, संयम, स्वाध्याय, ध्यान अने आवश्यकादि सारी यतना पूर्वक करवा." अहिं विगेरे शब्द एवुं बतावेछे के, यात्रा पदनो अर्थ यतिना आश्रमने योग्य एवा योगमात्रनी यतना करवी, एवो थायछे. तेथीज सोमिल प्रश्नोतरमां शास्त्रना अर्थवडे यात्रा फलितार्थ छे, एम समजवुं. ४१

हवे वैयावच्चना साक्षात् आदेशनी स्थिति कहेछे.

**वैय्यावृत्ततया तपोभगवतां भक्तिः समग्रापि वा,**
**वैयावृत्यमुदाहृतंहि दशमे चैत्यार्थमंगे स्फुटं।**

नैतत् स्यादशनादिनैव भजनाद्वारापि किं त्वन्यथा,
संघादेस्तदुदीरणे बत कथं न व्याकुलः स्यात् परः ४७

अर्थ—वैयावच्चथी श्री भगवंतनी सर्व प्रकारे भक्ति करवी ते तप कहेवाय छे, ते वैयावच्च दशमा प्रश्न व्याकरण नामना अंग ( सूत्र )मां स्फुटरीते कथन करेल छे. ते वैयावच्च प्रतिमासंबंधी कांइ अशनपान विगेरेथी थतुं नथी, पण भक्तिद्वारा थायछे, परंतु जो तेम न होय तो संघ विगेरेनुं वैयावच्च करवुं एवो उच्चार करवामां कुमति व्याकुल केम न थाय? अर्थात् व्याकुल थइजाय, कारणके ते तेना विरूद्ध पक्षमां छे. ४७

विशेषार्थ—पोतपोताना अधिकारनी योग्यताप्रमाणे, करवी, कराववी अने अनुमोदवी ए रूप सर्व जातनी भगवंतनी भक्ति ते तप कहेवायछे. कारणके भक्ति ते वैयावच्चरूप छे. ते उपरथी एवो भावार्थ निकलेछे के, तप शब्दवडे मुनिने यात्रानो साक्षात् उपदेश छे. हवे ते भक्ति अर्थात् वैयावच्चपणुं शीरीते सिद्ध छे, ते कहेछे. प्रश्नव्याकरण नामना दशमा अंगमा चैत्यसंबंधी वैयावच्च स्फुटरीते कहेलुं छे. ते वैयावच्च प्रतिमासंबंधी अशनपान विगेरे संपादन करवाथी थाय एम न समजवुं, परंतु भक्तिद्वारा थाय एम कहेलुं छे. अहिं "अशनादि" मां आदि शब्दवडे भक्ति विगेरे ग्रहण करवा, मात्र अशनपान नहीं. वली वैयावच्चनो अर्थ अन्यथा थतो होय तो ते कुमति संघ विगेरेनुं वैयावच्च करवाना उच्चारमां व्याकुल केम न थाय? वली श्री प्रश्नव्याकरणनो पाठ आप्रमाणे छे. "अह के रिसए पुणाइं आ-

राह एवय मिणं जेसे उवरि जत्तपाण दाण संगहण कुसले अ-
च्चंत बाल दुब्बलादि पाठे एइपठे" इत्यादि- तेथी चैत्य अ-
र्थात् जिनप्रतिमासंबंधी वैयावच्च घणा प्रकारथी, निर्जरा अर्थात्
कर्मक्षयनी इच्छावाळोप्राणी कीर्तिनी अपेक्षा विना करे. ४८.

हवे चैत्य शब्दना अर्थांतरवादसंबंधी अधिकार बतावे छे.

**ज्ञानं चैत्यपदार्थमात्र वदतः प्रत्यक्षबाधैकतो**
**धर्मिद्वारतयामुनावधिकृते स्वाधिक्यधीरन्यतो ।**
**दोषायेति परः परःशतगुणप्रच्छादनात्पातकी,**
**दग्धागच्छतु पृष्ठतश्च पुरतः कांकांदिशीको दिशं ॥४९॥**

अर्थ–ए प्रश्नव्याकरण सूत्रमां चैत्यपदनो अर्थ ज्ञान छे, एम
कहेनारा लुंपकने एक पक्षे प्रत्यक्ष प्रमाणनो बाध आवे छे अने
धर्मिने विषे धर्मनो उपचार थाय एवा अभिप्रायथी मुनिने अ-
धिकारी गणीए तो बीजा पक्षे अधिकपणानी अर्थात् पुनरुक्ति-
पणानी बुद्धि दोषकारक थाय छे. आप्रमाणे पूर्वे कहेला प्रकारथी
ते कुमति चैत्य शब्दनो अर्थ बताववामां तेना सेंकडो गुणोने
निन्हवकरी ( उलवी ) पातकी बने छे, तेथी ते आगल पाछल
दग्ध थयेली कई दिशामां नाशी जाय! अर्थात् कोइ ठेकाणे
नासवाने समर्थ नथी. ४९

विशेषार्थः–प्रश्नव्याकरण सूत्रमां चैत्य शब्दनो अर्थ ज्ञान छे
एम कहेतां लुंपकने एकपक्षे प्रत्यक्ष प्रमाणनो बाध आवेछे. का-
रणके विश्रामण आदि वैयावच्चनी चैत्यशब्दनो ज्ञान अर्थ थ-
वामां सिद्धि थती नथी अने धर्मिद्वारपणाथी अर्थात् धर्मिने

विषे धर्मनो उपचार थाय एवा अभिप्रायथी ज्ञान अने ज्ञानी तरीके मुनिने अधिकारी मानीए तो बीजा पक्षे पुनरुक्तिपणानी बुद्धि दोषने माटे थाय. अर्थात् ते स्थले बाल विगेरे पदोथी मुनिने ग्रहण करवामां आवेल छे, तेथी चैत्य शब्दना अर्थमां पुनरूक्ति थाय. आ प्रमाणे पूर्वे कहेला प्रकारथी चैत्य शब्दना निर्देशमां योजेला सेंकडो गुणोने छेलवी पातकी थई, मिथ्याभिशंकी बनी, भय पामी, आगल पाछल दग्ध थयेली दिशामां नासवाने समर्थ थतो नथी. ४९

हवे वैयावच्चविषे निश्चित अर्थनी सिद्धि न थवाथी शंका करतां तेनुं निराकरण करेछे.

**वैयावृत्त्यमथैवमापततिवस्तुर्ये गुणस्थानके,**
**यस्माद् भक्तिरभंगुरा भगवतां तत्रापि पूजाविधौ ।**
**सत्यं दर्शनलक्षणेत्र विदितेऽनंतानुबंधिव्ययया,**
**न्नो हानिं त्वयि निर्मलांधियमिव प्रेक्षामहे कामपि५०**

अर्थः—जो एवी रीते पूर्वे कहेला वैयावच्चनो अर्थ भक्ति लइए तो तमारा चोथा गुणस्थानमां ते आवी पडशे, कारण के त्यांपण अर्हत प्रभुनी पूजाविधिमां अभंग भक्ति रहेली छे. आ चोथुं गुणस्थानक जेनेविषे वैयावच्च, समकितनुं लक्षणरूप छे, ते अनंतानुबंधिकषायना क्षय, क्षयोपशथी छे एम जाणी अमे तारामां निर्मल बुद्धिनी हानि शिवाय बीजी कांइपण हानिने जोता नथी. ५०

विशेषार्थ—अविरति सम्यग्दृष्टि प्राणीने अनंतानुबंधिकषा-

यना क्षय, क्षयोपशमथी वैयावच्च गुणना संभवमां काइपण बाधनो अभाव छे. ५०

जो तेम लइए तो तेमने चारित्रना लेशना संभवमां, अविरतिपणानी जे सिद्धि न थाय तेज बाध आवे छे, तेम कहेतां निराकरण करे छे.

**श्राद्धानां तपसः परं गुणतया सम्यक्त्वमुख्यत्वतः,**
**सम्यक्त्वांगमिथं तपस्विनि मुनौ प्राधान्यमेषाश्नुते ।**
**धीर्लीलांगतयोपसर्जनविधां धत्ते यथा शैशवे,**
**तारुण्ये व्यवसायसंभृततया सा मुख्यतामंचति ५१**

अर्थ—दर्शनधारी श्रावकोने तपना गौणपणाने लीधे अने समकितना मुख्यपणाने लीधे आ भक्तिसमकितनुं अंग थाय छे. परंतु ए भक्ति तपस्वी मुनिनेविषे प्रधानपणाने पामेछे. दृष्टांत के बालवयमां क्रीडा प्रधान होवाथी बुद्धि गौणपणाने पामेछे, पण तेनी ते बुद्धि यौवन वयमां व्यवसाय पूर्ण होवाथी मुख्यपणाने पामेछे. ५१

विशेषार्थ—दर्शनधारी ( समकितदृष्टि ) श्रावकोने तपनी गौणता छे, परंतु मुख्यता नथी, तेथी आ भक्ति तेओने समकितनुं अंग थाय छे, अर्थात् प्रधानपणे समकितनुं अंगरूप थइ समकितना फलवडेज फलवाली थायछे, कारण के फलवालानी सांनिध्ये तेनुं अंग निष्फल छे, एवो न्याय छे,तेथी तेटलाथी अविरतिपणाने हानि पहोंचती नथी. जेम एक दोकडामात्रथी धनवन्त अने एक गायमात्रथी गायवालो न कहेवाय तेम. तेविषे पंचाशक

ग्रंथनी वृत्तिमां श्री अन्नयदेवसूरिजी कहे छेके, बाल्यावस्थामां क्रीडा पधान अंगरूप होवाथी बुद्धि गौणपणाने पामे छे अने तेज बुद्धि यौवनावस्थामां प्रौढ पराक्रमपणाथी मुख्यपणाने पामे छे. तेज-प्रमाणे तपना प्राधान्यपणाथी चारित्रधारी मुनियोने आ न्नक्ति प्रधानरूप थाय छे. ५१

हवे सूत्रनीतिपूर्वक हिंसानी शंका करी उद्वेगनो देखावकरी कहे छे.

**अर्थं काममपेक्ष्य धर्ममथवा निघ्नंति ये प्राणिनः,**
**प्रश्नव्याकरणे हि मंदमतयस्ते दर्शितास्तत्कथं,**
**पुष्पांन्नोदहनादिजीववधतो निष्पाद्यमानां जनैः**
**पूजां धर्मतया प्रसह्य वदतां जिह्वाननः कंपतां ॥ ५२ ॥**

अर्थ– जे प्राणीउ अर्थ, काम अने धर्मनी अपेक्षा करी प्राणीउनी हिंसा करे छे, तेउने श्री प्रश्नव्याकरण सूत्रमां मंद बुद्धिवाला दर्शाव्या छे. तेथी तत्वने नहीं जाणनारा लोकोए पुष्प, जल अने अग्नि विगेरेना जीवोनो वध करी, करेली पूजाने बलात्कारे धर्म कहेतां अमारी जिव्हा केम न कंपे ? अर्थात् कंपेज.

विशेषार्थ–धर्मवंत पुरुषोनी जिव्हा मृषावाद बोलतां बहुज कंपे छे तेथी हे मूर्तिपूजको ! जे पूजामां प्राणीवध थाय छे, तेने धर्म केम कही शकाय ? ५२

पूर्वपक्षनो उत्तर आपतां वैद्यस्वरूप धारण करी तेनुं औ-षध बतावे छे.

**न्नोः पापा न्नवतां न्नविष्यति जगद्वैद्योक्तिशंकाभृतां,**
**किं मिथ्यात्व मरुत्प्रकंपवशतः सर्वांगकंपोपि न ।**

**यो धर्मांगतया वधः कुसमये दृष्टोऽत्र धर्मार्थिका,**
**सा हिंसा नतु सत्क्रियास्थितिरिति श्रद्धैव सद्भेषजं॥**

अर्थ–हे पापीउं ! जगतना उपकारी वैद्यरूप श्रीन्नगवंतना वचनमां शंका लावतां, तमारा सर्व अंगमां, मिथ्यात्वरूप वायुना कोपने आधीन थवाथी शुं तमने कंप थशे नहीं? अर्थात् थशेज. जे वधने कुशास्त्रमां धर्मरूप कथन करेलो होय तेज वध, वध कहेवाय छे. लोकोमां धर्मार्थिका हिंसा कहेली छे, परंतु सत्क्रियानी स्थिति हिंसा कहेवाती नथी, तेथी न्नगवंतना वचनमां श्रद्धाराखवी तेज उत्तम औषध रूप छे. ५३

विशेषार्थ–हे पापीउं ! जगतना उपकारी वैद्यरूप श्री न्नगवंतना वचनमां शंका लावता, तमारा सर्व अंगमां मिथ्यात्वरूप वायुनो प्रकोप थवाथी तमने कंप थयाविना रहेशे नहीं; अने तेम थशे तो अमे ते बाबतमां शुं उपाय करी शकीए? कारणके वैद्यना वचन उपर शंका लावनार रोगीने ब्रह्मापण निरोगी करी शके तेम नथी. अहिं रोगनुं औषध बतावबानी इच्छा थवाथी तेनुं वर्णन करेछे. जे वधने कुशास्त्रमां धर्मना अंगरूप वर्णव्यो होय तेज वधने परीक्षक लोको धर्मार्थिका हिंसा कहेछे, परंतु सत्क्रियानी स्थिति हिंसा कहेवातीज नथी. कारण के अप्रमत्तपणे कार्य करतां, ते कार्यमां हिंसानी प्राप्ति थतीज नथी. तेथी न्नगवंतना वचनमां श्रद्धा राखवी तेज परम औषधरूप छे. जो तेप्रमाणे न मानीएतो श्रीज्ञातासूत्रमां खाईना जलने शोधवामां सुबुद्धि मंत्री महा हिंसा करनार अने मंद बुद्धिवालो गणाय, परंतु शुन्न अध्यवसाययुक्त होवाथी ते शुद्धज छे. ५३

उपर वर्णवेला धर्मना अंगरूप वधने माटे विवेचन करे छे.

**यागीयो वध एव धर्मजनकः प्रोक्तः परैःस्वागमे,**
**नास्मिन्नौधनिषेधदर्शितफलं कार्यांतरार्थाश्रिते ।**
**दाहे क्वापि यथा सुवैद्यकबुधैरुत्सर्गतो वारिते,**
**धर्मत्वेन धृतोप्यधर्मफलको धर्मार्थिकोयं वधः ॥५४॥**

अर्थ—वेद मतवाला मिथ्यात्वीउ पोताना शास्त्रमां यज्ञस्थलने विषे करेलो पशुनो वध, धर्मजनक छे एम कहेछे. परंतु संपत्तिनी प्राप्तिरूप पशुना दाहमां सामान्यरीते निषेध करायेला कर्मनुं फल प्राप्त थतुं नथी एम समजवुं नही, अर्थात् थायछे. कारण के उत्तम वेदज्ञ पंडीतोए उत्सर्गथी वारेला एवा पशुदाहमां तेनुं फल दुःखरूप कहेलुं छे, तेथी धर्मपणावडे मानेलो आ वध धर्मार्थ गणातां छतां अधर्मना फलने आपनारो छे. ५४

विशेषार्थ—वेदमतवाला पोताना शास्त्रमां यज्ञस्थलमां करेला पशुवधने धर्मजनक कहेछे. तेउना शास्त्रमां लखेछेके " भूति कामः पशुमालभेत ". संपत्तिनी इच्छावाला पुरुषे यज्ञमां पशुनो होम करवो. कार्यांत्तर अर्थात् संपत्तिनी प्राप्तिरूप कार्यना अर्थने आश्रित अने मुक्तिरूप फलथी भिन्न, तेमज उत्तम वेदज्ञ पंडीतोए उत्सर्गथी निवारेला आ पशुदाहविषे, उघनिषेध अर्थात् सामान्य निषेधवडे दर्शावेला फलनो निषेध करी, दुर्गतिमां जवारूप फल नथी मलतुं एम समजवुं नहीं, अर्थात् मले छे. तेथी उत्सर्ग निषेधने अनुकूल एवुं दुःखरूप फल न थाय एम समजवुं नहीं, अर्थात् थायज, एम निश्चयपूर्वक जाणवुं. धर्मने

अर्थे करेलो वध, धर्मरूप मानी लीधो होय, अर्थात् भ्रांतिथी तेने धर्मरूप मान्यो होय, तोपण ते अधर्मरूपज छे. शास्त्रमां कह्युं छे के “ मिथ्या दृष्टिजए आम्नायरूपे मान्यो होय, छतां जो ते हिंसा विगेरेथी कलुषित होयतो, तेने धर्मरूप मानी आचरवाथी आ संसारमां ते परिभ्रमणनुं कारणरूप थाय छे.” तेथी धर्मने अर्थे हिंसा यज्ञमांज थाय छे, परंतु जिनपूजामां थती नथी. एम श्रद्धा राखवी. ५४

अहिं शंका थाय के, सामान्यपणे निषेध करेली हिंसानुं फल तमने मले छतां पूजामां थती हिंसानुं फल केम न मले? तेना समाधानमां कहेछे.

**अस्माकं त्वपवादमाकलयतां दोषोऽपि दोषांतरो,**
**छेदी तुछफलेछया विरहितश्चोत्सर्गरक्षाकृते ।**
**यागादावपि सत्वशुद्धिफलतो नेयं स्थितिर्दुष्टतः,**
**श्येनादेरिव सत्वशुद्ध्यनुदयात्तत्संभवादन्यतः ॥५५॥**

अर्थ—अपवादने प्राप्त थयेला अमारा दोषपण उत्सर्गनी रक्षा करवाने अर्थे बीजा दोषने उछेदन करनारा अने तुछ फलनी इछाथी रहित छे. वली हृदयनी शुद्धि थवानो संभव, गायत्री विगेरे बीजा जप विगेरेथी छे, परंतु दुष्ट एवा श्येनयाग विगेरेथी नथी. तेथी हृदयनी शुद्धिना फलने उद्देशी याग विगेरेमां आ मर्यादा रहेती नथी. ५५

विशेषार्थ—अपवाद एटले उत्सर्गसंबंधी अपवाद— जे नीचा अने उंचा एवा न्यायथी तुल्य संख्यावालो छे. तेने प्राप्त थता

एवा अमारा द्रव्यस्तवमां उत्पन्न थतो दोष मलिनारंनवालो वा सदारंनवालो होय तोपण ते उत्सर्गनी रक्षाने माटेज प्रवर्त्ते छे. ते दोषअनुबंध हिंसारूप नहीं होवाथी बीजा दोषने उच्छेदन करनारो छे. कारणके संपत्तिरूप तुछ फलनी इछाथी रहित छे. एज अविरोध छे. यज्ञ विगेरेमां आ मर्यादा बिलकुल नथी. गायत्री विगेरे जप करवाथी अंतःकरणनी शुद्धि थवानो संनव छे, परंतु स्वरूपथी दुष्ट एवा श्येनयाग विगेरेथी सत्व ( अंतःकरण )नी शुद्धिनो संनव नथी. कारणके तेवा कार्यथी सत्वशुद्धि करवी अशक्य छे. तेथी सत्वशुद्धिना फलने उद्देशी यज्ञ विगेरेमां थती हिंसा सत्व शुद्धिनुं कारणरूप नहीं थवाथी आ मर्यादा ते कार्यमां बिलकुल नथी अने जिनपूजामां लान, हानिनो विचार करतां, अपवादना आश्रयमां पण सत्वशुद्धिनो असंनव नथी. ५५

ज्यारे बीजी गति रही नहीं त्यारे पूजामां अन्यथा रीते सिद्धिनी शंका करे छे.

**नन्वेवं किमु पूजयापि नवतां सिद्ध्यत्यवद्योज्झिता,**
**नावापद्धिनिवारणोचितगुणः सामायिकादेरपि ।**
**सत्यं योधिकरोति दर्शनगुणोल्लासाय वित्तव्यये,**
**तस्येयं महते गुणाय विफलो हेतुर्न हेत्वंतरात् ॥५६॥**

अर्थ–जो एम छे तो तमारे दोषवाली पूजा शामाटे करवी जोइए? ते पूजाथी सर्युं. कारणके निर्दोष सामायिक विगेरेथी नावआपत्तिने निवारण करनार, योग्य गुणनी सिद्धि थाय छे.

तमे कह्युं ते सत्य छे, परंतु समकित गुणनी वृद्धि करवाअर्थे, उत्तम क्षेत्रमां धन वापरवाने अधिकारी एवा श्रावकने आ पूजा मोटो गुण करे छे. कारणके बीजा हेतुथी कांइ मुख्य हेतु निष्फल थतो नथी. ५६

विशेषार्थ—जो सत्वशुद्धि करवानी इच्छा राखता होतो, तमारे स्वरूपथी सावद्य एवी पूजा करवानुं शुं काम छे? अर्थात् तेवी पूजाथी सर्युं. कारणके निरवद्य एवा सामायिक विगेरे अनुष्ठानथी भावआपत्तिने निवारण करनार मोटो गुण सिद्ध थाय छे. कारण के सामायिक, पौषध विगेरे सत्वशुद्धिना परम साधनो छे. तेना उत्तरमां कहेछे के, ते तमारू कथन सत्यछे, परंतु जे श्रावक दर्शनगुणना उल्लासने माटे अर्थात् समकितगुणोनी वृद्धिने माटे उत्तम क्षेत्रमां धन वापरवाने अधिकारी थयो होय, ते श्रावकने आ पूजा मोटो गुण करे छे. कारणके अधिकारीविशेषथी कारणविशेष थाय छे. तेथी श्रावकने द्रव्यस्तव हस्तिना शरीर जेवुं छे अने भावस्तव जे अमुक काल सुधी सामायिकरूप छे, ते तेमने हस्तिना नेत्ररूप छे. तेथी बीजा हेतुने ध्यानमां लेतां मुख्य हेतु निष्फल थतो नथी; तेथी सिद्ध थयुं के दान, सामायिक अने देवपूजा, श्रावकने अमुक हेतुने लइने करवा योग्य छे अने तेम करतां बिलकुल दोष लागतो नथी. ५६

हवे चैत्यपूजामां आरंभनी शंका करवाथी जे दोषो लागेछे ते कहेछे.

**अन्यारंभवतो जिनार्चनविधावारंभशंकाभृतो,**
**मोहः शासननिंदनं च विलयो बोधेश्च दोषाः स्मृताः।**

संकाशादिवदिष्यते गुणनिधिर्धर्मार्थमृद्धयर्जनं,
शुद्धालंबनपक्षपातनिरतः कुर्वन्नुपेत्यापि हि ॥ ५७ ॥

अर्थ–श्री जिन पूजानी विधिमां आरंभनी शंका करता अने अन्य आरंभना कार्योने करता एवा श्रावकने त्रण दोष लागे छे एम कह्युं छे. प्रथम मोह, बीजो दोष शासननी निंदा अने त्रीजो दोष बोधि ( सम्यक्त्व )नो नाश· तेथी जे श्रावक शुद्ध आलंबननो पक्षपाती होय, ते संकाश नामना श्रावकनी जेम धर्मार्थे द्रव्योपार्जन करीने पण गुणनिधितरीके सर्व जनने इष्ट थाय छे. ५७

विशेषार्थ–बीजा आरंभ करनार अर्थात् जिनमंदिर, जिनपूजाविधिमां आरंभनी शंका धारण करी ते नहीं करनार एवा अन्य कार्योना आरंभ करनार नीच श्रावकने मुख्यत्वे करी त्रण दोष लागे छे. प्रथम दोष मोह छे, कारण के पोताना इष्ट अर्थनी संपत्तिने माटे तेने मतिविभ्रम थाय छे अने तेथी शुभानुबंधी अनुष्ठानने आरंभ मानी ते करतो नथी. बीजो दोष, शासननिंदा छे, कारणके अन्य जनसमुदाय कहे छे के आ मनुष्य केवो कृपण छे, अन्य कार्योमां द्रव्यनो व्यय करे छे, परंतु पोताना इष्ट देवना आराधनने माटे मंदिर के पूजाविधिमां द्रव्यनो व्ययतो बिलकुल करतो नथी, तेथी तेमना इष्टदेव तेवो उपदेश करी गया हशे; एवीरीते अनुक्रमे ते श्रावक पोताना कृत्यथी बीजा मनुष्यो पासे शासननी निंदा करावे छे. त्रीजो दोष बोधि अर्थात् सम्यक्त्वनो नाश, कारण के परमात्मानी

द्रव्य अने भावथी भक्ति कर्याविना मात्र सांसारिक आरंभनां कार्योने करता एवा श्रावकने सम्यग्दर्शननुं विद्यमानपणुं केम होय? तेथी तेनो नाशज छे, एम समजवुं. माटे जे शुद्ध आलंबननो पक्षपाती होय एवो श्रावक धर्मनेअर्थे द्रव्योपार्जन करीने पण संकाश नामना श्रावकनी जेम गुणनो भंडार थइ, सर्व लोकमां इष्ट थाय छे. ते संकाश श्रावक प्रमादथी चैत्यद्रव्य खाइ गयो हतो, तेनुं वृत्तांत विस्तारथी जोवुं होय तो श्राद्धविधि विगेरे ग्रंथ अवलोकन करवा. ५७

अहिं कोइ शंका करे के मलिनारंभी वा सदारंभी तो द्रव्यपूजानो अधिकारी थइ शके, परंतु जे तेवो न होय ते केम अधिकारी थइ शके? तेनुं समाधान करे छे.

**यः श्राद्धोपि यतिक्रियारतमतिः सावद्यसंक्षेपकृद्,**
**भीरुः स्थावरमर्दनाच्च यतनायुक्तः प्रकृत्यैव च।**
**तस्यात्रानधिकारितां वयमपि ब्रूमो वरं दूरतः,**
**पंकास्पर्शनमेव तत्कृतमलप्रक्षालनापेक्षया॥ ५८॥**

अर्थ.—जे श्रावक सर्व सावद्य कर्मने संक्षेप करनार होय, पृथ्वी विगेरे स्थावर जीवने मर्दन करवामां भीरु होय, स्वभावथीज यतना करनार होय अने जेनी बुद्धि मुनिना जेवी क्रिया करवामां उत्सुक होय, तेवो श्रावक आ पूजानो अधिकारी नथी, एम अमे पण कहीए छीए. कारण के कादवना स्पर्शथी लागेला मलने धोइ नाखवा करतां, ते मलथी दूर रेहेवुं तेज वधारे सारुं छे. ५८

विशेषार्थ- जे श्रावक सर्व सावद्यकर्मनो संक्षेप करनार होय, जे पृथ्वी, जल, अग्नि आदि स्थावर जीवोने मर्दन करवामां बहुज भीरु होय, जे स्वभावथीज यतनापूर्वक सर्व प्रवृत्ति करतो होय अने जेनी बुद्धि मुनिनी क्रिया करवामां निरंतर कर्त्तव्य तरीके उत्सुक होय, तेवो श्रावक आ द्रव्यपूजानो अधिकारी नथी. एम अमे पण कहीए छीए. कारण के तेनामां आत्माने नाश करनार मलिनारंभनो अभाव छे अने चारित्रनी इच्छाना योगथी अनारंभनी सिद्धि छे. ते बाबतमां दृष्टांत ए छे के कादवना मलने स्पर्श करी तेने धोइ नाखवाना करतां, ते कादवनो स्पर्श नहींज करवो ते वधारे उत्तम छे. तेथी मलिनारंभी तथा सदारंभी बंनेने आ द्रव्यपूजानो अधिकार छे; अने यतिक्रियाना अभ्यासवालो श्रावक तो श्रमणोपासक छे, परंतु आ स्वरूप आधुनिक उत्पन्न थयेला कुमतियोने जाणवामां नथी, कारण के तेउनो सर्व मत कपोलकल्पित छे. ५७

सिंहावलोकन न्यायवडे द्रव्यस्तवमां कल्पेली हिंसाना अंशनी बुद्धिने दूर करेछे.

**धर्मार्थं सृजतां क्रियां बहुविधां हिंसां न धर्मार्थका,**
**हिंसांशेन यतः सदाशयभृतां वांछा क्रियांशे परं ।**
**न द्रव्याश्रवतश्च बाधनमपि स्वाध्यात्मभावोन्नते,**
**रारंभादिकमुच्यते हि समये योगस्थितिव्यापकं ५८**

अर्थ. धर्मने अर्थे अनेक प्रकारनी क्रिया करनारा श्रावकोने धर्मार्थ हिंसा न थाय, कारण के शुभ भाववाला श्रावकोने हिं-

साना अंशमां इच्छा होती नथी, मात्र क्रियाना अंशमांज इच्छा होय छे. वळी द्रव्याश्रवथी पोताना अध्यात्मभावनी उन्नतिने पण बाध आवतो नथी, कारण के सिद्धांतमां योगस्थिति होय त्यांसुधी आरंभ विगेरे कहेवाय छे. ५९

विशेषार्थ—धर्मने अर्थे घणा प्रकारनी पूजनादि क्रिया करनारा श्रावकोने धर्मार्थ हिंसानो दोष लागे नहीं, कारण के सदाशय अर्थात् शुभभाव जे के यतना करवाथी वृद्धि पामेलो जेने होय एवा शुभ भाववाळा श्रावकोने कोइ पण अंशे हिंसा करवानी अभिलाषा होतीज नथी. मात्र तेओने क्रियापूर्वक प्रवृत्ति करवानी इच्छा होय छे. तेथी अनुबंध हिंसा के हेतु हिंसा ते क्रियामां होतीज नथी, मात्र स्वरूप हिंसा रहेछे, तेथी कहेछे के, तेवा द्रव्याश्रवथी पोताना अध्यात्मभावनी उन्नतिने पण बाध आवतो नथी. वळी सिद्धांतमां पण योगस्थितिमां व्यापक अर्थात् ज्यांसुधी योग रहे त्यांसुधी आरंभ विगेरे छे. ते विषे कह्युं छे के "जावंचणं एयइ वेयइ तावंचणं आरंभइ सारंभइ समारंभइ" इत्यादि वचन छे. जो द्रव्याश्रवमात्रथी बंध थाय तो तेरमा गुणस्थानमां पण बंध थाय. ५९

आ विषयमां कूपनिदर्शन जणावी कहेछे.

पूजायां खलु भावकारणतया हिंसा न बंधावहा,
गौणीदं व्यवहारपद्धतिरियं हिंसा वृथा निश्चये ।
भावः केवलमेक एव फलदो बंधो विरत्यंशज,
स्त्वन्यः कूपनिदर्शनं तत इहाशंकापदं कस्यचित् ॥६०॥

अर्थ– द्रव्यस्तव भावनुं कारण होवाथी, पूजामां थयेली हिंसा बंध करनार थती नथी. व्यवहारनयनी पद्धतिथी विचारीए तो आ हिंसा गौणी अर्थात् उत्तम हिंसा छे अने निश्चयनयथी विचारीए तो आ हिंसा वृथा छे, कारण के पूजामां मात्र भाव एकज फलने आपनार छे अने अविरतिना अंशथी उत्पन्न थयेलो बंध जुदो छे. तेथी आ स्थले अपातुं कुवानुं दृष्टांत कोइकने शंकानुं स्थान थइ पडे छे. ६०

विशेषार्थ– द्रव्यस्तव भावनुं कारण रूप होवाथी पूजामां थती स्नानादि सामग्रीमां करेली हिंसा बंध करनारी होती नथी, कारण के जो तेम होय तो दूर्गता स्त्री प्रमुखने सद्गतिनी असिद्धिज होय, परंतु सिद्धांतमां तेओने सद्गतिनां प्राप्त करनारां वर्णव्यां छे. वली व्यवहारनयनी पद्धतिए जोतां आ हिंसा गौणी अर्थात् श्रेष्ठ छे, कारण के परम पुण्यबंधनी हेतुरूप होवाथी "घी बले छे" एवा न्यायथी इष्ट छे अने निश्चयनयथी विचारीए तो आ हिंसा वृथा छे, कारण के बंधनी कारणरूप थती नथी. मात्र शुभभाव एकज फलदायक छे, अर्थात् ते जो श्रेष्ठ होय तो श्रेष्ठ फल मले अने मंद होय तो मंद फल आपवाने समर्थ थाय. आ प्रमाणे विविक्तनो विवेक करतां अविरति सम्यग्दृष्टि प्राणीने पण पूजामां बंध नथी, अने अविरतिपणाना अंशथी लागतो बंध ते तो जुदोज छे. पूजाना योगमां ते योजेलो नथी, नहीं तो जिनवंदन विगेरेमां पण ते थवानो प्रसंग आवे. ते कारणथी आ स्थले कुवानुं दृष्टांत केटलाएक श्रुत जाणनारने आशंकानुं स्थान थइ पडेछे. ते विषे आवस्यक सू-

त्रमां द्रव्यस्तवना प्रसंगमां समाधानने स्थले अवलोकन करवुं. ६०

पूर्वोक्त दृष्टांतनुं विवेचन करेछे.

**अत्रास्माकमिदं हृदि स्फुरति यद्द्रव्यस्तवे दूषणं,**
**वैगुण्येन विधेस्तदप्युपहतं जक्त्येति हि ज्ञापनं ।**
**कूपज्ञातफलं यतो विधियुताप्युक्तक्रिया मोक्षदा,**
**जक्त्यैव व्यवधानतः श्रुतधराः शिष्टाः प्रमाणं पुनः ६१**

अर्थ– अहिं अमारा हृदयमां एवुं स्फुरे छे के द्रव्यस्तवमां जे दूषण कहेवाय छे, ते दूषण विधिना विकलपणाथी छे, परंतु ते दूषण जक्तिजावथी हणाइ जाय छे. ए ज्ञापन कुवाना दृष्टांतथी जाणवामां आवे छे. कारण के अविधिए करेली क्रिया परंपराथी जक्तिवडे मोक्षदायक थाय छे. ए विषयमां शास्त्रने धारण करनारा शिष्टपुरुषोज प्रमाण छे. ६१

विशेषार्थ– आ विषे अमारा हृदयमां एवुं स्फुरे छे के, द्रव्यस्तवमां जे दूषण छे, ते दूषण विधिना विगुणपणाथी छे, अर्थात् जक्तिमात्रमां एकतान थइ जवाथी विधिमां विकलपणुं वा अजाव थइ जाय छे, तेवा विधिना विकलपणा वा अजावथी योजेलुं द्रव्यस्तवनुं दूषण पण अधिक जक्तिजावथी हणाइ जाय छे. आप्रकारनुं ज्ञापन ते कूप दृष्टांतनुं फल छे अर्थात् कुवाना दृष्टांतथी ते जणाय छे. जेथी अविधियुक्त क्रियाना व्यवधानथी पण परंपराए जो जक्तिनुं प्राधान्यपणुं होय तो तेथी मोक्षदायक कथन करेल छे. आ विषयमां मात्र शिष्टपुरुषोज प्र-

माणरूप छे. ते विषे शिष्टपुरुषोना वचन विरुद्ध कुमतियोनी कपोलकल्पित कल्पनानी रचना न थाउं. ६१

हवे पूजामां हिंसानो संभव छे एवी उक्तिने विकल्पे दूषित करी कहे छे.

**धर्मार्थप्रतिमार्चनं यदि वधः स्यादर्थदंडस्तदा,**
**तत्किं सूत्रकृते न तत्र पठितो भूताहियक्षार्थवत् ।**
**या हिंसा खलु जैनमार्गविहिता सा स्यान्निषेध्या स्फुटं,**
**नाधाकर्मिकवन्निहंतुमिह किं दोषं प्रसंगोद्भवं ॥६२॥**

अर्थ– जो जिनपूजामां हिंसा लागती होय तो ते हिंसा अनर्थ दंडरूप थाय के अर्थ दंडरूप थाय ? प्रथमपक्षतो संभवतो नथी अने बीजो पक्ष अर्थदंडनो लइए तो सूत्रकारे अर्थदंडना अधिकारमां भूतादि यक्षना अर्थनी जेम ते केम कह्यो नथी ? तेथी आधार्मिक दोषनी जेम प्रसंगे उत्पन्न थयेला दोषने हणवाने जैनमार्गविहित हिंसा केम प्रगट रीते निषेध करवा योग्य न थाय ? अर्थात् थायज ६२

विशेषार्थ– जो कुमति पूजामां हिंसा थाय एम कहे तो, शुं ते हिंसा अनर्थदंडरूप छे के अर्थदंडरूप छे ? प्रथमपक्ष अनर्थदंडरूप तो कही शकायज नही. कारण के तेमां प्रयोजननी सिद्धि छे. बीजो पक्ष अर्थदंडरूप अर्थात् प्रतिमापूजनरूप धर्म अर्थदंडपणाथी व्यवहार करे एटले के तेने अर्थदंड कहेतो सूत्रकारे अर्थदंडना अधिकारमां भूताहियक्षना अर्थनी जेम ते केम जणाव्यो नथी ? जो तेम होय तो निश्चयपूर्वक जै-

नमार्गविहित हिंसानो प्रगट रीते आधाकर्मिक दोषनी जेम प्रसंगना दोषने हणवा केम निषेध न करे ? अर्थात् जो तेम होय तो करवो जोइए. ते स्थले उतादि यज्ञ विषे " पढमे दंड समादाणे " इत्यादि पाठ विस्तारपूर्वक आपेलो छे. जो जिनप्रतिमानी पूजाने अर्थे थयेलो वध, हिंसा थात तो त्यां " जिणपडिमा हेउं जिण हेउं वा " ए प्रमाणे पाठ सूत्रकार जणात, परंतु, त्यां तेम कह्युं नथी. तेथी जिनपूजा, हिंसा न गणाय, एम अर्थ थाय. ६२

हवे सूत्रोनां बीजां दृष्टांतो आपी कुमतियोनी मूढता बतावी आपे छे.

**आनंदस्य हि सप्तमांगवचसा हित्वा परिव्राड्वर,**
**आरूढस्य प्रथितौपपातिकगिरा चैत्यांतरोपासनां ।**
**अर्हच्चैत्यनतिं विशिष्य विहितां श्रुत्वा न यो दुर्मतिं,**
**स्वांतान्मुंचति नाश्रयप्रियतया कर्माणि मुंचंति तं ६३**

अर्थ—जे लुंपक दुर्मति सप्तमांग ( उपासग दशांग ) ना वचनथी आनंद श्रावकनी चैत्यवंदना श्रवण करी अने उव्वाइ ( औपपातिक ) उपांगनी वाणीथी अन्यतीर्थना चैत्यनी उपासनानो त्याग करी पोताना हृदयमांथी दुर्मतिने तजतो नथी, तेवा दुर्मतिने, जाणे पोताने सारो आश्रय मळ्यो होय तेम ज्ञानावरणादि कर्मो छोडतां नथी, अर्थात् ते दुर्मति कदापि कर्मथी मुकातो नथी ६३

विशेषार्थ—जे लुंपक दुर्मति, श्रीउपासकदशांग नामना सातमा

अंग मध्येनी आनंद श्रावकनी कथा श्रवण करी, तेमणे करेली नामग्रहणपूर्वक कर्त्तव्यरूपे कहेली वंदनाने सांभली, तेमज तापसोमां श्रेष्ठ एवा अंबड श्रमणोपासकनी औपपातिक ( उववाइ ) अंगमां वर्णवेली, अन्यतीर्थना चैत्यनी उपासनानो त्याग करावनारी कथा श्रवण करी पोताना हृदयमांथी दुर्मतिने छोडतो नथी तेवा दुर्मतिने, पोताने अत्यंत प्रिय आश्रय मल्यो छे एम धारी ज्ञानावरणादि कर्मो छोडतां नथी. " तेणं से आणंदे गाहावती समणस्स भगवओ महावीरस्स " इत्यादि सप्तमांगनो आलापक छे. ते आलापकमां लख्युं छे के हे भगवंत ! मारे ते कल्पे नहीं. इत्यादि विस्तारथी सप्तमांगमां अवलोकन करवुं. ते कथामां अन्यतीर्थीकोए ग्रहण करेला चैत्यने वांदवाना निषेधमां, निश्रीत अर्हंत चैत्यवंदनादिकनी विधि स्फुट रीते दर्शावी छे. वली औपपातिक उपांगमां अंबड तापसे अर्हंत चैत्यने पोताना कंठथीज नमस्कार करेलो छे, एम उत्तराध्ययनना सम्यक्त्व पराक्रम नामना अध्ययनमां स्फुटरीते कथन करेल छे, तथापि लुंपको पूजाविधिने जोता नथी ते तेमनो पोतानोज अपराध छे. अंधपुरुषो थांभलाने जोवे नहीं, अने चालतां थांभलो वागे, तेमां थांभलानो अपराध न कहेवाय. वली उत्तराध्ययनना सम्यक्त्व पराक्रम अध्ययनना समकित आलापकमां सूक्ष्मदृष्टिए जोवाथी गुरु साधार्मिकनी सेवाना फलने बतावतां पूजानुं फल पण ते स्थले जणावेलुं छे, एम विद्वानोए जाणी लेवुं. ६३

हवे बीजां दृष्टांतो आपी स्थापना सिद्ध करे छे.

**प्रश्नव्याकरणे सुवर्ण गुलिकासंबंधनिर्द्धारणे,**
**शस्ते कर्मणि दिग्द्वयग्रहरहः ख्यातौ तृतीयांगतः।**
**सम्यग् नावित चैत्यसाक्षिकमपि स्वालोचनाज्ञाश्रुतौ,**
**सूत्राच्च व्यवहारतो नवति नः प्रीतिर्जिनेंद्रे स्थिरा ६४**

अर्थ—प्रश्न व्याकरणमां आपेला सुवर्णगुलिका दासीना संबंधथी, श्रीस्थानांग सूत्रमां आपेला श्रेष्ठ कर्मवाला पूर्व उत्तर बे दिशारूप ग्रहना तात्पर्यनी सिद्धिथी अने सद्भावने प्राप्त करेला चैत्योनी साक्षीए व्यवहारसूत्रथी करेली आलोचनाना श्रवणथी अमारी प्रीति श्रीस्थापना प्रभुने विषे दृष्टपणे स्थिर थयेली छे.

विशेषार्थ—श्रीप्रश्नव्याकरण नामना दसमा अंगमां सुवर्णगुलिकाना संबंधनुं निर्धारण छे, तेने लीधे, तथा श्रीस्थानांग सूत्रथी श्रेष्ठ एवा कर्ममां पूर्व अने उत्तर दिशारूप ग्रहना तात्पर्यनी जे सिद्धि, ते थये छते अने सारीरीते सद्भावने प्राप्त करेला चैत्योनी साक्षीए व्यवहारसूत्रथी सम्यक् प्रकारे करेली आलोचनानुं श्रवण कर्येछते, अमारी प्रीति श्रीस्थापना जिनेंद्रने विषे स्थिर थयेली छे. दसमा अंगना तूर्याश्रवद्वारने विषे सुवर्णगुलिकानुं आख्यान छे. यथा " सुवन्नगुलिआएत्ति " इत्यादि—सिंधु सौवीर देशमां विदर्भक नगरने विषे उदायन नामे राजा हतो, तेने प्रभावती नामनी राणी हती. ते राणीने देवदत्ता नामनी एक दासी हती. ते दासीने देवताए निर्माण करेली श्री महावीर भगवंतनी प्रतिमा प्राप्त थइ, तेनी उपासना करता

कोइ श्रावके देशांतरथी लावी सो गुटिका आपी. ते गुटिकानां प्रनावथी, दासी कुबडापणुं गेडी सुरूपा थइ अने ते सुवर्णगुलिका एवा नामथी प्रख्यात थइ इत्यादि, विस्तारथी ते स्थले जोवुं. दिग्द्वय अनिग्रहने विषे श्रीस्थानांग सूत्रनो आलापक छे, ते बीजा स्थानना प्रथम उद्देशामां छे. यथा " दोदिसाउ अनिगि ज्ञछप्पइ निग्गंथाणवाणिग्गंथीणवा पव्वावित्तए पाइणं चेव उदीणंचेव " इत्यादि. पूर्व अने उत्तर ए बे दिशा तरफ जे सन्मुख करवुं एम कहेलुं छे, ते अर्हंत अने अर्हंतचैत्योने सन्मुख करवाने माटेज छे. तेथी ते विनयनुं श्रेष्ठकर्म पूर्वांगपणाथी गणायछे. अधिकारी गृहस्थने लोकोपचार अने विनयात्मक पूजानुं प्रधानपणुं योग्यज छे. आवो तेनो तात्पर्य छे. श्रीव्यवहार सूत्रनुं आलापक आप्रमाणे छे. " निखुअणयरं अकिच्चठाणं सेविज्जा आलोइत्तए " इत्यादि. तात्पर्य ए छे के–ते देवताना अनावे अर्हत प्रतिमानी आगल पोताने प्रायश्चित्त आपवाना ज्ञानमां कुशल पुरुष पोतानी मेलेज आलोचना करेछे. ए आलापकमां " सम्मंनाविआइं " एवुं विशेषण छे, ते देवता अने चैत्यने लागु पडेछे. आप्रमाणे सम्यक् प्रकारे नावना करवाथी प्रतिमानी पूजा, मननी विशेष शुद्धिने अर्थे थाय छे. ६४

हवे द्रौपदीनुं दृष्टांत आपी लुंपकमतिनी मूढता प्रगट करे छे.

तीर्थेशप्रतिमार्चनं कृतवती सूर्याननवद्भक्तितो,<br>
यत्कृष्णापरदर्प्पमाथि तदिदं षष्ठांगविस्फूर्जितं ।

सच्चक्रे खलु या न नारदमृषिं मत्वा वृता संयतं,
मूढानामुपजायते कथमसौ न श्राविकेति भ्रमः ॥६५॥

अर्थ-द्रौपदीए सूर्याभ देवनी जेम भक्तिथी तीर्थंकर भगवाननी प्रतिमानुं पूजन करेलुं हतुं, आवुं प्रतिवादीना गर्वने नाश करनार छठ्ठा ( ज्ञाता सूत्र ) अंगनुं कथन छे. वळी जे द्रौपदीए नारदऋषिने व्रतरहित जाणी, तेमनो सत्कार कर्यो न हतो, छतां ते द्रौपदी श्राविका नथी एवो मूढ लोकोने केम भ्रम थाय छे? ६५

विशेषार्थ-सती द्रौपदीए राजप्रश्नीय उपांगमां कथन करेला वृत्तांतवाला सूर्याभदेवनी जेम भक्तिपूर्वक तीर्थंकर भगवाननी प्रतिमानुं पूजन कर्युं हतुं. आ प्रमाणेना अर्थने सूचवनारूं श्री ज्ञातासूत्र नामना छठ्ठा अंगनुं कथन लुंपकमतिना गर्वने मथन करनारूं छे. अहिं लुंपक दुर्मति मिथ्या गर्वरूप एवो कुतर्क करे छे के द्रौपदीए प्रतिमापूजन करेलुं होय तो भले, परंतु तेणीने पांचमुं गुणस्थान प्राप्त थयुं न होतुं. तेना समाधानमां कहे छे के, ते द्रौपदीए नारदऋषिने व्रतरहित जाणीने तेनो सत्कार पण कर्यो नहतो, छतां द्रौपदी श्राविका नथी, एवो भ्रम हे मूढपुरुषो ! तमने केम थाय छे ? वळी प्रतिमापूजन करतां तेमने समकित प्राप्त थयेलुं छे, एम पण सूत्राक्षरे दर्शाव्युं छे. तथा नियाणाना फलना भोग पछी द्रौपदीने देशविरतिपणानो संभव नहतो एवुं वचन पण बुद्धिनी अंधतामात्रनुं फल छे. नियाणाना प्रतिबंधपणामां तेनुं पार्यंतिक फल प्राप्त थया विना कृ-

णवासुदेव विगेरेनी जेम ते जन्ममांज विरति लाभनो असंभव छे. आप्रमाणे यत्किंचित् जाणी लेवुं. ६५

द्रौपदीए करेली पूजामां तेने आलोक संबंधी अर्थनी वांछा नहती ते कहे छे.

**तत्पाणिग्रहणोत्सवे कृतमिति प्रौढ्या प्रमाणं न चेत्,**
**स्वःसन्निर्मितवंदनादिकमपि स्थित्युत्सवे किं तथा।**
**क्लिष्टेछाविरहो द्वयोरपि समस्तुल्यश्च भक्तेर्गुणो,**
**नागादिप्रतिमार्चनादिह खलु व्यक्ता विशेषप्रथा ६६**

अर्थ- द्रौपदीए पोताना पाणिग्रहणना उत्सवमां उत्सुकपणाथी तीर्थंकरनी प्रतिमानुं पूजन कर्युं हतुं, एम जो प्रमाण न होयतो, सूर्याभदेवे पण इंद्रमहोत्सवनी स्थितिने समये करेलुं वंदनादिक पण उत्सुकपणाथी करेलुं केम कहेवाय ? सूर्याभदेव अने द्रौपदी बंनेने कामभोगनी इच्छानो विरह सरखो छे, तेमज ते बंनेने भक्तिनो गुण पण सरखो छे; परंतु नागादि प्रतिमाना पूजननी अपेक्षाए द्रौपदीनी जिनपूजामां विशेष दृष्टि प्रगट जणाइ आवे छे. ६६

विशेषार्थ-द्रौपदीए पाणिग्रहणना उत्सवमां उत्सुकपणाथी श्रीतीर्थंकर भगवंतनी प्रतिमानुं पूजन कर्युं हतुं, ते जो तमने सत्य लागतुं न होयतो, सूर्याभदेवे इंद्रमहोत्सवनी स्थितिने समये उत्सुकपणाथी करेलुं वंदनादिक पण तमोने केम वास्तविक लागशे अर्थात् ते वंदनादिक पण उत्सुकपणाथी करेला हता एम तमने लागशे नही. परंतु बुद्धिपूर्वक विचार करशो तो ज-

णाशे के, जेम सूर्याभदेव अने द्रौपदी बंनेने कामभोगादिकनी इच्छानो अभाव समान छे, तेम ते बंनेने भक्तिनो उल्लास पण समान छे. वली नागादि प्रतिमाना पूजनथी द्रौपदीनी जिनपूजाने विषे विशेष दृष्टि प्रगट जणाय छे. कारणके नागादि प्रतिमाना पूजनमा भद्रासार्थवाहीए पुत्रनी प्रार्थना करी हती एम सांभलीए छीए. यथा " तेणं सा भद्दा साथ्थवाही धणेणं सत्थवाहेणं " इत्यादि. जेम भद्रासार्थवाहीए नागादिकनी पूजा करी पुत्रनी मागणी करी हती, तेम द्रौपदीए जिनप्रतिमानुं पूजन करी कांइपण वरदान माग्युं नहतुं, तेज यथार्थ ध्यानमां लेवानुं छे. ६६

हवे ते विषयमां अवशेष छे तेनुं वर्णन करे छे.

**एतेनैव समर्थिता भ्युदयिकी धर्म्या च कल्पोदिता,**
**श्रीसिद्धार्थनृपस्य यागकरणप्रौढिर्दशाहोत्सवे ।**
**श्राद्धः खल्वयमादिमांगविदितो यागं जिनार्चां विना,**
**कुर्यान्नन्यमुदाहृता व्रतभृतां त्याज्या कुशास्त्रस्थितिः॥**

अर्थ–द्रौपदीना चरित्रना सामर्थ्यथी, श्रीवीरभगवंतना पिता सिद्धार्थ राजानी, दस दीवस सुधी महोत्सवपूर्वक याग करवानी प्रौढता सिद्ध थयेली छे, जे प्रौढता अभ्युदयवाली अने धर्मयुक्त एवी श्रीकल्पसूत्रमां वर्णन करेली छे. ते सिद्धार्थ राजा श्रीपार्श्वनाथ भगवंतना साधुओना उपासक हता एम प्रथम अंगमां कहेलुं छे, ते श्री जिनपूजारूप याग विना बीजा लोक प्रसिद्ध

यज्ञ करेज नहीं, कारणके व्रतधारीउंने कुशास्त्रनी स्थिति त्याग करवा योग्य होय छे. ६७

विशेषार्थ—श्रीवीर परमात्माना पिता सिद्धार्थ राजा श्रीपार्श्वनाथ ज्ञगवंतना मुनियोना उपासक हता एम श्रीआचारांग सूत्रमां कथन करेल छे, तेमणे द्रौपदीना चरित्रना सामर्थ्यथी दस दीवस सुधी मोटा महोत्सवपूर्वक श्रीजिनपूजा करी हती. ते सिद्धार्थ राजानी यज्ञ करवानी प्रौढता अभ्युदयवाळी अने धर्मयुक्त छे, एम श्री कल्पसूत्रमां वर्णन करेल छे, ते यज्ञ श्री जिनेश्वर ज्ञगवाननी पूजाविना लोक प्रसिद्ध यज्ञ होइ शके नही, कारणके व्रतधारीउ कुशास्त्रमां वर्णन करेला विधिमार्गनो त्याग करे छे. कुशास्त्रमां वर्णवेला याग हिंसामय छे, ते पार्श्वनाथ ज्ञगवंतनो उपासक श्रावक एवा याग कदापि करेज नही. एम कल्पसूत्रनो पाठ छे. यथा " जाए अदाए अज्ञाए " इत्यादि प्रसिद्ध छे. याग एटले देवपूजा जाणवी. परम श्रावक सिद्धार्थ राजाने जिनपूजाथीज श्रमणोपासकपणुं छे, एम श्री आचारांग सूत्रमां कहेलुं छे. ते राजा अनशन करी अच्युत देवलोकमां देवता थइ, महाविदेहमां मुक्ति पामशे. ६७

सर्व लुंपकोना मतनो उपसंहार करी कहेछे.

इत्येवं शुचिसूत्रवृंदविदिता निर्युक्तिज्ञाष्यादिज्ञिः,
सन्न्यायेन समर्थिता च ज्ञगवन्मूर्त्तिः प्रमाणं सतां ।
युक्तिस्त्वंधपरंपराश्रयहता माजाघटीदुर्धिया,
मेतद्दर्शनवंचिता दृगपि किं शून्येव न ज्राम्यति ॥६८॥

अर्थ– उपर प्रमाणे पवित्र सूत्रोना समूहमां वर्णवेली, निर्युक्तिभाष्य विगेरेथी, तथा उत्तम न्यायपूर्वक सिद्ध करेली, एवी भगवंतनी प्रतिमा सत्पुरुषोने आराध्य होवाथी प्रमाणरूप छे; अने दुर्मति लोकोनी कुयुक्ति अंधपरंपराथी हणाइ गयेली होवाथी तेमां अवकाश पामती नथी अर्थात् घटती नथी. वली भगवंतनी प्रतिमाना दर्शनथी ठगायेली तेमनी दृष्टि पण जाणे शून्य होय तेम शुं नथी भमती? अर्थात् भमे छे. ६८

विशेषार्थ– आ प्रकारे निर्दोषसूत्रोना समूहमां कथन करेली, निर्युक्ति, भाष्य, वृत्ति विगेरेथी तथा सारी युक्ति अने सत्प्रकरणथी निष्कलंक निश्चय नयवडे सिद्ध करेली, भगवंतनी प्रतिमा सज्जन पुरुषोने आराध्य होवाथी प्रमाणरूप छे; अने अंधपरंपराथी हणाइ गयेली दुर्मति लोकोनी युक्ति तेमां घटती नथी, कारण के युक्तिना नाशनी परंपरामां युक्तिनुं ग्रहण असिद्ध थाय. छे. वली भगवंतनी प्रतिमाना दर्शनथी वंचित थयेली तेमनी दृष्टि पण जाणे शून्य होय तेम भम्या करे छे. ते उपर त्रण काव्य छे. यथा–

तिलकयुतललाटभ्राजमानाः स्वभाग्यां–
कुरमिवसमुदितं दर्शयंते जनानां ।
स्फुरदगुरुजमाला सौरभोद्गारसाराः;
कृतजिनवरपूजा देवरूपा महेभ्याः ॥ १ ॥

भावार्थ– तिलकवाला ललाटथी शोभता, तेमज विकस्वर एवी अगुरु चंदननी मालानी सुगंधीना उद्गारथी उत्तम एवा

श्रावको श्री जिनराजानी पूजा करी, जाणे पोताना ज्ञाग्यना अंकुरा प्रगट थया होय तेम तिलक लोकोने बतावे छे. १. वली–

आनंदमांतरमहो समुदाहरंती,
रोमांचिते वपुषि सस्पृहमुल्लसंती ।
पुंसां प्रकाशयति पुण्यरमासमाधि,
सौज्ञाग्यमर्चनकृतां निभृता दृगेव ॥ २ ॥

ज्ञावार्थ.– जिनेश्वर ज्ञगवाननी पूजा करनारा श्रावकोनी दृष्टि अंतरना आनंद प्रगट करती अने रोमांचित शरीरमां स्पृहाथी उल्लास पामती थकी तेमनी पुण्यलक्ष्मीना सौज्ञाग्यने प्रकाशित करे छे. २. वली–

स्पृशति तिलकशून्यं नैव लक्ष्मीर्ललाटं,
मृतसुकृतमिव श्रीः शौचसंस्कारहीनं ।
अकलितज्ञजनानां वल्कलान्येव वस्त्रा–
एयपि च शिरसि शुक्लं छत्रमप्युग्रज्ञारः ॥३॥

ज्ञावार्थ– सुकृत तथा शौचसंस्कारथी रहित पुरुषनी जेम, तिलकरहित ललाटने लक्ष्मी स्पर्श करती नथी. ज्ञजन तिलकरहित पुरुषोने वस्त्रो वल्कलरूप छे अने मस्तक उपर रहेलुं श्वेत छत्र पण मोटा बोजारूप छे. ॥ ३ ॥

लुंपकोनी मिथ्या कल्पना परास्त करता, प्रतिमापूजन निदान लाज्ञमय छे, ते दर्शावे छे.

प्राप्या नूनमुपक्रिया प्रतिमया नो कापि पूजा कृता,
चैत्यन्येन विहीनया तत इयं व्यर्थेति मिथ्या मतिः॥
पूजाभावत एव देवमणिवत् सा पूजिता शर्मदे,
त्येतत्तन्मतगर्वपर्वतभिदावज्रं बुधानां वचः ॥ ६९ ॥

अर्थ– चैतन्यविनानी प्रतिमानी पूजा करनार पुरुष कोई पण उपकृतिने प्राप्त थतो नथी, तेथी ते प्रतिमानी पूजा व्यर्थ छे, एवी लुंपकोनी वाणी तदन मिथ्या छे. कारण के जो ते प्रतिमानी पूजा भावथी करी होय तो ते देवमणिनी जेम सुखदायक छे. आप्रमाणे विद्वानोनुं वचन तेमना मतना गर्वरूप पर्वतने भेदवामां वज्ररूप छे. ॥ ६९ ॥

विशेषार्थ– चैतन्यथी रहित एवी प्रतिमानुं पूजन करनार पुरुष कोइ पण उपकारने प्राप्त करतो नथी, ते कारणथी आ पूजा व्यर्थ छे. आवी लुंपकोनी वाणी तदन असत्य छे. कारण के तीर्थंकर भगवाननी प्रतिमानी पूजा जो भावपूर्वक करी होय तो ते देवमणिनी जेम सुखदायक आप्रमाणे विद्वानोनुं वचन तेमना मतना गर्वरूप पर्वतने भेदवामां वज्रसमान छे, ते बाबतमां आप्रमाणे काव्य छे.

एवं युक्त्या शंभोर्भक्त्या सूत्रे व्यक्ता लुंपाका,
श्चित्तोद्रिक्ता मायासिक्ताः क्लृप्तारिक्ताः किंपाकाः॥
एतत् पुण्यं शिष्टैर्गुण्यं निर्वैगुण्यं सद्बोधै,
स्तत्वं बोध्यं मत्या शोध्यं नैवायोध्यं निःक्रोधैः ॥१॥

ज्ञावार्थ–एवी युक्तिवडे चित्तमां गर्व धारण करनारा, मायावी अने विषवृक्ष जेवा लुंपक पुरुषोए सूत्रनी स्पष्टताथी अने शंजु-जिननी ज्ञक्तिपूर्वक पुण्यना तत्वनो बोध करेलो छे, तेथी क्रोध-रहित पुरुषोए तेउनी सामे युद्ध करवुं नहीं, परंतु जे सत्य तत्व छे, ते बुद्धिपूर्वक शोधी लेवुं. वली–

**आत्मारामे शुक्लास्यामे हृद्विश्रामे विश्रांता,**
**स्त्रुट्यद्बंधाः श्रेयः संधाश्चित्संबंधादभ्रांताः ।**
**अर्हद्भक्ता युक्तौ रक्ता विद्यासक्ता येऽधीता,**
**निष्टातेषामुच्चैरेषा तर्कोल्लेखा निर्णीता ॥ २ ॥**

ज्ञावार्थ–जे अर्हतना ज्ञक्तो उज्वल–प्रकाशित स्वरूपवाला, हृदयने विश्रामरूप एवा आत्माराम ( आत्मारूप आराम ) ने विषे विश्रांत थयेला छे, जेमना कर्मना बंध त्रुटी गयेला छे, जेउ चैतन्यना संबंधथी कल्याणनी साथे जोडायेला छे, जेउ ज्रांतिरहित युक्तिमां तत्पर अने विद्यामां आशक्त छे, ते अर्हत ज्ञक्तोनी जे ( प्रतिमा पूजारूप ) निष्टा छे, ते तर्क वितर्कथी निर्णय करी उत्तम प्रकारे कथन करेली छे. २

आ बंने काव्योथी लुंपकनो सर्वमत निराश थइ जाय छे.

इति लुंपकमतं निराकृतम् ॥

हवे धर्मसागरना मतनुं निराकरण करवा कहे छे.

**वंद्यास्तु प्रतिमा तथापि विधिना सा कारिता मृग्यते,**
**स प्रायो विरलस्तथा च सकलं स्यादिंद्रजालोपमं ।**

**हंतैवं यतिधर्मपौषधमुखश्राद्धक्रियादेर्विधे,**
**दौर्लभ्येन तदस्ति किं तव न यत् स्यादिंद्रजालोपमं१०**

अर्थ–कदि ते प्रतिमा वंदवायोग्य भले हो परंतु ते प्रतिमा जो विधिथी प्रतिष्ठा करेली होय तोज सर्वने वंदन करवा योग्य छे अने तेवो प्रतिष्ठा विधि आ दुषम कालने विषे विरल छे, तेमज प्रतिमा संबंधी प्रतिष्ठा, वंदन विगेरे इंद्रजालना जेवुं छे. आ शंकानो उत्तर आपे छे. जो ते सर्वे इंद्रजाल जेवुं होय तो, आ सर्व, चारित्र धर्म, पौषध विगेरे श्रावकोनी क्रिया विगेरे पण विधिपूर्वक थवी दुर्लभ छे, तेथी तेपण तमारे इंद्रजाल जेवुं जाणवुं. १०

भावार्थ–कदि ते प्रतिमा वंदवा योग्य भले हो, कारणके सैकडो अक्षरोथी तेनी व्यवस्था करवामां आवेली छे, परंतु ते प्रतिमा विधिपूर्वक करवामां आवेली छे के केम? एम शोधक वृत्ति थाय छे अर्थात् विधिए प्रतिष्ठा करेली प्रतिमाने सर्वलोको इच्छे छे, कारणके सारीरीते भावना करेली प्रतिमाने भावग्रामपणाथी कथन करेली छे. ते प्रतिमानी प्रतिष्ठा करवानो विधि प्राये करीने आ कालमां विरल छे, कारणके आधुनिक ( दुषमकाल ) समयना लोको प्राये करीने अविधिमां प्रवर्त्ते छे, ए प्रत्यक्ष सिद्ध छे. वली प्रतिमासंबंधी सर्व प्रतिष्ठा वंदना विगेरे इंद्रजालना जेवुं छे, कारणके मोटो आडंबर असत्यनुं आलंबन करीने रहे छे. आ शंकानो उत्तर आपे छे.

जो एम होय तो वर्तमान कालमां यतिधर्म–मुनिनो आचार देश विरतिधर्म–श्रावकोने पर्वने दिवसे करवानी पौषध विगेरे

क्रिया पण एप्रमाणे विधि विगेरेना दुर्लभपणाथी, अर्थात् तेवो विधि आ दुषम काळमां थवो दुर्लभ छे तेथी तेपण तमने प्रतिमानी जेम इंद्रजालना जेवुं लागशे. अहिं विगेरे शब्दथी अपुनर्बंधक विगेरे योग्य आचार पण ग्रहण करवा. ७०

हवे तेविशे विशेष कथन करे छे.

**योगाराधनशंसनैरथविधेर्दोषः क्रियायां न चेत्**
**तत् किं न प्रतिमास्थलेपि सदृशं प्रत्यक्षमुद्वीक्ष्यते।**
**किं चोक्ता गुरुकारितादि विषयं त्यक्ताग्रहं भक्तितः,**
**सर्वत्राप्यविशेषतः कृतिवरैः पूज्याकृतेः पूज्यता ७१**

अर्थ—अनुकुल परिवारनी संपत्ति, आराधन, बहुमान अने द्वेषना अभावथी जो विधि क्रियामां दोष न होयतो, प्रतिमानी पूजामां पण निर्दोषिपणुं केम न होय? अर्थात् ते पण निर्दोष होय; एम जाणीने प्रतिमा पूजानो द्वेष छोडी देवो जोइए. मुख्य पंडितोए मातपिता विगेरे वडीलोए करावेली प्रतिमानो कदाग्रह छोडी सर्व स्थले चैत्यने विषे अविशेषपणे भक्तिपूर्वक श्रीभगवंतनी प्रतिमानी पूजा करवी कथन करेल छे, अर्थात् ममता के दुराग्रह त्याग करी सर्व प्रतिमाने समभावे भक्तिथी पूजवा योग्य कहेल छे.

भावार्थ—योग एटले विधिने अनुकूल परिवारनी संपत्ति, आराधन एटले पोताथीज निर्वाह, बहुमान अने द्वेषनो अभाव ते सर्वेथी जो विधि क्रियामां दोष न होय तो तेवीज रीते प्रति

माना संबंधमां पण विधि विगेरेनुं निर्दोषपणुं केम न जोवाय? अर्थात् त्यांपण जोवाय. एवीरीते जिनप्रतिमानी पूजामां द्वेष छोडी देवो जोइए. ते संबंधमां शकुंतलानुं दृष्टांत ध्यानमां लेवुं. पंडित पुरुषोए, आ प्रतिमा माता, पिता, पितामह विगेरे वडिलोए करावेली छे, एवो कदाग्रह ( अभिनिवेश ) छोडी दई अविशेष पणे सर्व चैत्यने विषे भक्तिथी श्रीभगवतनी प्रतिमानी पूज्यता कथन करेली छे; कारणके एप्रमाणे काल विगेरेना आलंबनथी बोधि सुलभ थाय छे. तेविषे श्राद्धविधिमां आप्रमाणे पाठ छे. प्रतिमाओ विविध प्रकारनी छे. तेओना पूजाविधिना सम्यक्त्व प्रकरणमां आप्रमाणे कह्युं छे. " गुरुकारियाइ केइ अन्ने सयं-कारियाइतंबिंति विहि कारियाइ अन्ने पडिमाए पूअणविहाणं " तेनी व्याख्या आप्रमाणे छे. केटलाएकश्रावको पोतानां मात-पिता विगेरे वडीलोए स्थापेली प्रतिमाओनी पूजाविधिमां अत्याग्रह राखे छे, कोइ पोते स्थापेली प्रतिमानी पूजाविधिमां अत्याग्रह राखे छे अने कोइ तो सुविधिथी प्रतिष्ठा करवामां आवेली होय तेज प्रतिमा पूजवी एवो आग्रह राखे छे. मुख्य पक्षतो एवो छे के वडिल विगेरेए स्थापेली प्रतिमाओज पूजवी एवो कदाग्रह अने ममत्व तजीदइ सर्व प्रतिमा अविशेषपणे अर्थात् सामान्य बुद्धिथी पूजवी जोइए. कारणके सर्व स्थले तीर्थंकरनी आकृति जोवाथी तेवी बुद्धि थइ शके छे. जो दुरा-ग्रह राखी तीर्थंकरनी प्रतिमा उपर पक्षपात राखे तो श्रीअर्हंत भगवंतना बिंबनी अवज्ञा करी कहेवाय अने तेवी अवज्ञा कर-नारने आ दुरंत संसारमां परिभ्रमण करवारूप दंड बलात्कारे

लागे छे. कदि अविधिए करेली प्रतिमानी पूजा करे तोपण तेने तेनी अनुमोदना द्वारा आज्ञाभंगरूप दोषनी प्राप्ति न थाय. कारण के तेवुं आगम प्रमाण छे. वली श्रीकल्पभाष्यमां " निस्सकड " इत्यादि गाथा छे, तेनो भावार्थ एवो छे के, निश्रीकृत एटले गच्छसाथे प्रतिबंध थयेल अथवा तेथी विपरीत एवा चैत्यमां सर्व स्थाने त्रण स्तुतिउ कराय छे. जो प्रत्येक चैत्ये त्रण त्रण स्तुतिउ करतां अतिवेला थइ जायतो प्रत्येक चैत्यै एक एक स्तुति पण करवी. ७१

उपर कह्युं ते सर्व मनमां निर्धार करी कहे छे.

**चैत्यानां खलु निश्चितेतरतया भेदेपि तंत्रे स्मृतः,**
**प्रत्येकं लघुवृद्धवंदनविधिः साम्ये तु यत्सांप्रतं ।**
**इच्छाकल्पितदूषणेन भजना संकोचनं सर्वतः,**
**स्वाभीष्टस्य च वंदनं तदपि किं शास्त्रार्थबोधोचितं७२**

अर्थ–निश्रित अने अनिश्रितपणाना भेदमां पण शास्त्रमां प्रत्येक लघु अने वृद्ध वंदनविधि कथन करेल छे. जो प्राये बंनेमां तुल्यपणुं होय तो, तेमां आवा चालता विषम दुःखम कालमां जे इच्छाथी कल्पेला दूषणवडे सेवानो संकोच करेलो छे अने जे स्वेच्छामात्र विषयनी वंदना कहेली छे ते शुं शास्त्रार्थना बोधने उचित छे ? अर्थात् उचित नथी. ७२

भावार्थ–अर्थने मलतो छे. विशेष ए छे के, तेनुं फलमात्र केटला एक मुग्ध वणिकने अंध करवा जेवुं छे. ७२

उपर कहेला भावमां व्यंग्य अर्थने कंठवडे स्पष्ट करवा कहे छे.

**चैत्यानां नहि लिंगिनामिव नतिर्गछांतरस्योचिते,**
**त्येतावद्वचसैव मोहयति यो मुग्धाञ्जनानाग्रही।**
**तेनावश्यकमेव किं न ददृशे वैषम्यनिर्णायकं,**
**लिंगे च प्रतिमासु दोषगुणयोः सत्वादसत्वात्तथा ७३**

अर्थ—बीजा लिंगधारीनी जेम बीजा गछना चैत्यने नमस्कार करवो योग्य नथी. आवां वचनोथी जे मुग्धजनोने मोहित करे छे अने जे मिथ्यात्वना आग्रहवाला छे, तेणे शुं आवश्यक निर्युक्ति नामनुं शास्त्र जोयुं नथी ? के जे शास्त्र लिंगने विषे दोष तथा गुणना सत्वथी अने प्रतिमाने विषे दोष अने गुणना असत्वथी विषमपणाने निर्णय करनारूं छे. ७३

भावार्थ—जेम बीजा लिंगधारीओने नमस्कार करवो योग्य नथी, तेम बीजा गछना चैत्यने नमस्कार करवो योग्य नथी. आ प्रकारनां वचनोथी जे भोला अंतःकरणना मनुष्योने भरमावे छे. अहिं पांच अवयवनो प्रयोग आ प्रमाणे करवो—जेमके बीजा गछनी प्रतिमा वांदवी नही, कारणके बीजा गछना लोकोए ग्रहण करेली छे तेथी; जेजे बीजा गछवालाए ग्रहण करेल होय ते ते वांदवा योग्य नथी. जेम बीजा गछनो साधु वंदनीय नथी तेम. वली अमारा गुरुए जे कह्युं ते असत्य केम होय ? आवा अने जे मिथ्यात्वना आग्रहवाला छे, तेमणे शुं आवश्यक निर्युक्ति नामनुं शास्त्र जोयुं नथी ? के जे शास्त्रमां लिंग अने प्रतिमा संबंधमां विषमपणाने निर्णय करनारो भाव प्रतिपादन

करेलो छे. लिंगमां दोष अने गुण बंनेनुं सत्व छे अने प्रतिमामां दोष अने गुणनुं असत्व छे अर्थात् अछतापणुं छे, तेथी लिंगनेविषे ज्ञावनुं आरोपण थइ शके नहीं, परंतु प्रतिमामां थइ शके. ७३

वली उपर कहेला ज्ञावनुं विशेष विवेचन करी वादीनुं मुग्धपणुं दर्शावे छे.

**लिंगे स्वप्रतिबद्धबुद्धिकलनाद्भाज्या ज्ञवेद्वंद्यता,**
**सैकांतात् प्रतिमासु ज्ञावज्ञगवद्भूयोगुणोद्बोधनात् ।**
**तुल्ये वस्तुनि पापकर्मरहिते ज्ञावोपि चारोप्यते,**
**कूटद्रव्यतया धृतेत्र न पुनर्मोहस्ततः कः सतां॥७४॥**

अर्थ–लिंगने विषे पोताना संबंधी धर्मबुद्धिना स्मरणथी तेनी वंद्यता थाय अने असत् धर्मनी प्राप्तिमां तेना आलंबनवडे तेनी निंद्यता थाय, एवो अर्थ थाय छे; अने ज्ञाव ज्ञगवंत संबंधी घणा गुणोना बोधथी ते वंद्यता प्रतिमाने विषे तो एकांतपणे कहेली छे. ते ज्ञावपण तुल्य एटले उज्ञयना अज्ञावथी पापचेष्टाथी रहित एवी वस्तुमां आरोपित थाय छे, परंतु कूट द्रव्यपणे रहेली ए वस्तुमां ज्ञाव आरोपित थतो नथी. ते कारणथी उत्तम पुरुषोने शुं मोह छे ? ७४

ज्ञावार्थ–पोताना संबंधी जे धर्म तेनी बुद्धिना स्मरणथी अर्थात् एक संबंधी ज्ञानमां अपर संबंधीनुं स्मरण थाय, ए न्यायथी, लिंग संबंधी सद् धर्मनी स्थितिना आलंबनपणाथी तेनी वंद्यता थाय अने असद् धर्मनी प्राप्तिमां तेना आलंबनवडे

तेनी निंद्यता थाय. आवो अर्थ थाय छे; अने भाव भगवंत संबंधी अनेक गुणोना बोधथी प्रतिमाने विषे वंद्यतातो एकांतपणे रहेली छे. कारणके भाव पण तुल्य एटले. गुणदोष बंनेना अभावथी, आ कृतिमां तुल्यतावाली, सावद्य कर्मथी रहित एवी वस्तुमां आरोपित थाय छे, परंतु कूट द्रव्यपणे रहेली ए वस्तुमां भाव आरोपित थतो नथी. अंगारमर्दक आचार्यने विषे भाव आचार्यना गुणनी जेम. ते कारणथी उत्तम पुरुषोने तेमां बिलकुल मोह उत्पन्न थतो नथी. ७४

जो उपरप्रमाणे होय तो प्रतिष्ठा व्यर्थ थाय ते शंका उपर समाधान करे छे.

**नन्वेवं प्रतिमैकतां प्रवदतामिष्टा प्रतिष्ठापि का,**
**सत्यं सात्मगतैव देवविषयोद्देशेन मुख्योदिता ।**
**यस्याः सा वचनानलेन परमा स्थाप्ये समापत्तितो,**
**दग्धे कर्ममले भवेत्कनकता जीवायसः सिद्धता ॥७५**

अर्थ-एवीरीते आकृतिमात्रथी प्रतिमानी ऐक्यताने कहेता एवा तमोने कइ प्रतिष्ठा इष्ट छे ? अर्थात् कोइ इष्ट नथी, त्यारे ते प्रतिष्ठा पण व्यर्थ थाय. तेना उत्तरमां कहे छे. जे देव विषयना उद्देशथी आत्मगत प्रतिष्ठा छे, ते मुख्य प्रतिष्ठा कहेली छे. जे प्रतिष्ठाथी वचनरूप अग्निवडे कर्मरूप मल दग्ध थइ जवाथी स्थापवा योग्य परमात्माने विषे समापत्ति प्राप्त करी जीवरूप लोहने सिद्धतारूप कनकपणुं प्राप्त थाय छे. ७५

भावार्थ-एवीरीते आकृतिमात्रथी प्रतिमानी वंद्यता प्रयो-

जनवाली ऐक्यताने कथन करता एवा तमोने कइ प्रतिष्ठा इष्ट थाय. ? अर्थात् कोइपण इष्ट थाय नहीं; अने तेथी तेनी व्यर्थता थाय. तेना उत्तरमां कहे छे के–सत्यरीते ते प्रतिष्ठा देव विषयना उद्देशथी आत्माने विषे प्राप्त थयेली मुख्यपणे कथन करेली छे, कारणके विधिथी उत्पन्न थयेल जे अदृष्ट नामे आत्मगत अतिशय ते पूजाना फलना प्रयोजनरूप छे; तेथी करीने आत्मगत एवा अतिशयने समानाधिकरणने पर्यंते मुक्तिनुं फल पण प्राप्त थाय छे, ते कहे छे. जे प्रतिष्ठाथी नियोग वाक्यरूप अग्निवडे परमात्मारूप पात्रने विषे समापत्ति प्राप्त करी जीवरूप लोढाने सिद्धपणारूप कनकपणुं थइ जाय छे. ते प्रतिष्ठा सर्वोत्कृष्ट छे. ७५

अहिं शंका थाय के आत्माना प्रतिष्ठापणामां पण प्रतिमानुं अप्रतिष्ठितपणुं थाय अने ज्यारे प्रतिष्ठाना कर्त्ताना अदृष्टनो क्षय थाय त्यारे प्रतिमानी पूज्यतानी असिद्धि थाय, ते शंकाना समाधानमां कहे छे.

**बिंबेसावुपचारतो निजहृदो भावस्य संकीर्त्यते, पूजा**
**स्याद्विहिता विशिष्टफलदा द्राक् प्रत्यभिज्ञा यथा।**
**तेनास्यामधिकारिता गुणवतां शुद्धोशयस्फुर्त्तये,**
**वैगुण्ये तु ततः स्वतोप्युपनतादिष्टं प्रतिष्ठाफलं ॥७६॥**

अर्थ–पोताना हृदय संबंधी अध्यवसायना उपचारथी ए प्रतिष्ठा जिनबिंबने विषे कथन करेली छे, जेम सत्वर करेली प्रत्यभिज्ञा– एंधाणीनी पूजा विशेष फल आपनारी थाय. तेथी ए प्र-

निष्ठामां श्रेष्ठ गुणवाला कर्त्ताउनो अधिकार शुद्ध आशयनी स्फुर्त्तिने माटे छे. जो तेवी प्रतिष्ठाविधिनी सामग्रीनो अभाव होय तो ते प्रत्यभिज्ञा के जे बाह्य सामग्रीविना मनमांथी प्राप्त थइ होय तो पण तेथी प्रतिष्ठानुं फल इष्ट थाय. छे. ७६

भावार्थ– पोताना हृदय संबंधी भाव– अध्यवसायना उपचारथी ए प्रतिष्ठा जिनबिंबने विषे कथन करेली छे. जेम सत्वर करेली प्रत्यभिज्ञा– एंधाणीनी पूजा विशेषफल आपनारी थाय. अहिं विशेषफल, प्रतिमानी आकृतिमात्र आलंबनना अध्यवसायना फलनुं अतिशायी जाणवुं तेमज प्रतिष्ठित विषयवालु समजवुं. जे यथार्थ प्रत्यभिज्ञान– एंधाणी छे ते पूजाना फलनुं प्रयोजनरूप छे; तेथी ए प्रतिष्ठामां श्रेष्ठगुणवाला कर्त्ताउनो अधिकार शुद्ध आशयनी स्फुर्त्तिने माटे छे कारण के, आ प्रतिमा विशेष गुणवान पुरुषे प्रतिष्ठित करेली छे, एवी एंधाणी करवाथी विशिष्ट अध्यवसायनुं प्रत्यक्ष सिद्धपणुं थाय छे. अने जो तेवी प्रतिष्ठाविधिनी सामग्रीनो अभाव होय तो ते प्रत्यभिज्ञा के जे बाह्य सामग्रीविना मनमांथी प्राप्त थइ होय तो पण तेथी प्रतिष्ठानुं फल देखवामां आवे छे. सारांश के कटुक दिगंबरोए प्रतिष्ठा करेल तथा द्रव्यलिंगीना द्रव्यथी जे प्रतिष्ठा करवामां आवेली होय ते शिवाय बीजी सर्व प्रतिमाउ वंदवा योग्य छे. आ प्रमाणे श्री हीरविजयसूरिनी आज्ञा छे. ७६

एवी शंकानो शेष भाग पण निराश थइ जाय छे ते कहेछे.

**चैत्येनायतनत्वमुक्तमथयत्तीर्थांतरीयग्रहा-**
**त्तत्किं तन्ननु दुर्मतिग्रहवशाद्दृष्टश्रयाशीतिचेत् ।**

**साम्राज्ये घटमानमेतदखिलं चारित्रभाजां भवेत्,**
**पार्श्वस्थस्त्वसतीसतीचरितवन्नो वक्तुमेतत्प्रभुः ॥७७॥**

अर्थ–भावार्थ युक्त. अन्य तीर्थना परिग्रहथी चैत्यने विषे अनायतनपणुं कहेलुं छे, तेथी दुष्ट बुद्धिवाळा पार्श्वस्थ विगेरेना आग्रहने वश थइ दोषवाळा एवा ते चैत्यनो शुं हुं आश्रय करूं? आप्रमाणे जे तुं कहे छे, ते सर्व आ प्रवर्तमान एवा चारित्रधारीना राज्यमां घटे छे कारण के, विधिगुणनो पक्षपात करवो सर्वने सुगम छे; अने पार्श्वस्थ एटले अर्थशुन्य धर्मसागर पार्श्वस्थनो मध्यवर्ती एवो तुं जेणे आ दर्शाव्युं छे ते असतीस्त्री, सती स्त्रीना चरित्रने कथन करवाने जेम समर्थ नथी तेम समर्थ थइश नही. ७७

हवे उपसंहार करे छे.

**सर्वासु प्रतिमासु न ग्रहकृतं वैषम्यमीक्षामहे,**
**पूर्वाचार्यपरंपरागतगिरा शास्त्रीययुक्त्यापि च ।**
**इत्थं चाविधिदोषतापदलनं शक्त्याविधातुं विधि,**
**स्वैरोज्झागररागसागरविधुज्योत्स्नेव भक्तिप्रदा ॥७८॥**

अर्थ–पूर्वाचार्योनी परंपरागत वाणीथी अने शास्त्रसंबंधवाळी युक्तिवडे अमे निश्रित के अनिश्रित विगेरे भेदवाळी प्रतिमाने विषे आग्रहथी कांइपण विषमपणुं जोता नथी परंतु सर्वत्र समानपणुंज जोइए छीए. आप्रमाणे विधिरूपी वृद्धि

पामेला रागरूप सागरमां चंद्रकान्तिना जेवी नक्ति अविधि दोषना परितापने विनाश करवाने समर्थ छे. ७ठ

नावार्थ–नथी. ७ठ

जाणे उपस्थित नक्तिथी प्रेरायेला होय तेम ग्रंथकार नगवंतनी प्रतिमानी स्तुति करे छे.

**उत्फुल्लामिवमालतीं मधुकरो रेवामिवेनः प्रियां,**
**माकंदद्रुममंजरीमिव पिकः सौंदर्यनाजं मधौ ।**
**नंदच्चंदनचारुनंदनवनी नूमी मिव द्योः पति,**
**स्तीर्थेशप्रतिमां नहि क्षणमपि स्वांताद्विमुंचाम्यहं ७ए**

अर्थ–जेम न्रमर प्रफुल्लित मालतीने छोडे नही, जेम हाथी मनोहर रेवानदीने छोडे नहीं, जेम कोकिलपक्षी वसंतऋतुमां सौंदर्यवाली आम्रवृक्षनी मंजरीने छोडे नही अने जेम स्वर्गपति इंद्र, चंदन वृक्षोथी सुंदर एवी नंदनवननी नूमिने छोडे नहीं, तेम हुं तीर्थंकर नगवंतनी प्रतिमाने मारा हृदयमांथी क्षणवार पण छोडीश नहीं. ७ए

नावार्थ–जेम न्रमर प्रफुल्लित मालतीने छोडे नहीं, कारणके ते मालतीना गुणने जाणनारो छे अने तेथी तेनी असंपत्तिमां पण तेना पक्षपातने तजतो नथी. जेम हाथी पोताना मनने हरनारी नर्मदानदीनो त्याग करतो नथी, कारणके तेने नर्मदानदीनी गहन क्रीडाथीज रति उत्पन्न थाय छे. वसंतऋतुमां सौंदर्यने प्राप्त थयेली आम्रवृक्षनी मंजरीने जेम कोकिलपक्षी तजे नहीं;

ते पछी आम्रमंजरीना स्वादथी मधुरकंठ प्राप्त करी काकली स्वरना टौकाराथी युवान पुरुषोना मनने मदवालुं करे छे. वळी जेम स्वर्गपति इंद्र चंदनवृक्षोनी घटाथी सुशोभित एवी नंदनवननी भूमिने तजे नही, कारणके ते इंद्र पोतानी प्रियाना विरहतापने नंदनवनना सौंदर्यनो चमत्कार जोइ भुली जाय छे. तेम हुं श्रीतीर्थंकर भगवंतनी अलौकिक शांत रसमय प्रतिमाने मारा हृदयमांथी क्षणवार पण छोडीश नहीं. ७९

वळी ग्रंथकार भव्य प्राणीओने उपदेश करता थका भगवंतनी प्रतिमानी स्तुति करे छे.

**मोहोद्दामदवानलप्रशमने पाथोदवृष्टिः शम,**
**स्त्रोतोनिर्झरिणी समीहितविधौ कल्पद्रुवल्लिः सतां ।**
**संसार प्रबलांधकारमथने मार्त्तंडचंद्रद्युति,**
**जैनी मूर्तिरुपास्यतां शिवसुखे भव्याः पिपासास्तिचेत्**

अर्थ–हे भव्य प्राणीओ, जो तमारे मोक्ष सुख प्राप्त करवानी इच्छा होयतो तमे श्रीतीर्थंकर भगवंतनी प्रतिमानी उपासना करो. जे प्रतिमा मोहरूपी दावानलने शमाववामां मेघवृष्टिरूप छे, जे शमतारूप प्रवाहनी नदी छे, जे सत्पुरुषोने वांछित आपवामां कल्पलता छे अने जे संसाररूपी उग्र अंधकारने नाश करवामां सूर्यनी तीव्र कान्तिरूप छे. ८०

अर्थ–हे भव्य प्राणीओ, जो तमारे मोक्षनुं अक्षय सुख प्राप्त करवानी प्रबल इच्छा होयतो तमे श्रीतीर्थंकर भगवंतनी अपरि-

मित शांत रसमय प्रतिमानी एकाग्रताए उपासना करो. जे प्रतिमा, मोहरूपी प्रचंड दावानल के जे सर्व शमतारूप पवनने दहन करनार छे तेने शमाववामां मेघवृष्टि रूप छे. वली जे प्रतिमा शमताने वहन करनार होवाथी शमतारूप प्रवाहनी नदीरूप छे, तथा जे प्रतिमा अविलंबे सर्व सिद्धि आपनारी होवाथी सत्पुरुषोना वांछितने आपवामां कल्पलतारूप छे अने जे प्रतिमा संसाररूपी उग्र अंधकारने टालवामां सूर्यनी तीव्र कान्तिरूप छे. ज्यारे विवेकरूप दिवस तरुण होय त्यारे मोहनी छाया पण रहेती नथी. ८०

उपर बे श्लोकवडे जगवंतनी प्रतिमानी स्तुति करी हवे बीजा वादनो आरंज करे छे अने तेथी पाशचंद्रनो मत तोडी पाडे छे.

**श्राद्धेन स्वजनुः फले जिनमतात् सारं गृहीत्वाखिलं,**
**त्रैलोक्याधिपपूजने कलुषता मोक्षार्थिनामुच्यतां ।**
**धृत्वा धर्मधियं विशुद्धमनसा द्रव्यस्तवे त्यज्यतां,**
**मिश्रोसाविति लंबितः पथि परैः पाशोपि चाशोजनः ८१**

अर्थ—मोक्षार्थी श्रावक जैन प्रवचनमांथी सर्व तात्पर्य ग्रहण करी पोताना मनुष्य जन्मना फलरूप जगत्पति श्रीतीर्थंकरना पूजनमां शंका तजीदे अने शुद्ध मन करी द्रव्यस्तवने विषे धर्मबुद्धि धारण करी, परमतवालाउं ए " आ द्रव्यस्तव मिश्र एटले धर्म अधर्म रूप छे " एवो जे मार्गमां पाश नाख्यो छे तेने पण छोडीदे. ८१

नावार्थ—मोक्षना अर्थी एवा श्रावक जैन सिद्धांतमांथी सर्व तात्पर्य ग्रहण करी पोताना मनुष्य जन्मने सफल करवा वास्ते त्रण जगतना अधिपति श्रीतीर्थंकर नगवंतना पूजनमां सर्व शंकानो त्याग करी दे; तेमज ते श्रावक शुद्ध मनवडे द्रव्यस्तवने विषे धर्म बुद्धि धारण करी ते नगारा पाशने तजीदे. जे पाश परमतवालाउए आ द्रव्यस्तव मिश्र एटले धर्म अधर्मरूप ढे एम कही मार्गने विषे लंबाव्यो ढे. अहिं पाश शब्दथी पाशचंद्रनो मत सूचव्यो. जे मत मुग्धजनरूप मृगोने पाशमां पाडवा जेवुं काम करे ढे. ८१

उपर जे धर्माधर्मरूप मिश्रपणुं कह्युं, तेने चार पक्षे विकल्पवडे विनाग करी खंडन करवानो आरंन करे ढे.

**नावेन क्रियया तयोर्नतु तयोर्मिश्रत्ववादे चतुर्नंग्यां नादिम एकदानजिमतं येनोपयोगद्वयं ।**
**नावो धर्मगतः क्रियेतरगतेत्यल्पो द्वितीयः पुनर्नावादेव शुनात् क्रियागतरजो हेतु स्वरूपक्षयात् ८२**

अर्थ—१ धर्म गतनाव अधर्म गतनाव २ धर्म गतनाव अधर्मगत क्रिया ३ अधर्मगत नाव धर्मगत क्रिया अने ४ धर्मगत क्रिया अधर्मगत क्रिया—आ चार नांगा ढे. तेमां जे प्रथम पक्ष ढे, ते घटतो नथी कारणके एकीसाथे बे उपयोग थवा संनव नथी. धर्म गतनाव अने अधर्मगत क्रिया ए बीजो नांगो अल्प ढे कारणके शुन नावथी क्रियागत अशुननाव द्वारवालुं रजोगुणना हेतुनुं जे स्वरूप तेनो क्षय थाय ढे. ८२

विशेषार्थ—पूर्व पक्षे ज्ञावथी, क्रियाथी, ते ज्ञावक्रियाना ड्रव्य-स्तवमां धर्म अधर्मना मिश्रपणामां चौज्ञंगी थाय छे. ते आप्रमाणे—१ धर्मगतज्ञाव अधर्मगतज्ञाव २ धर्मगतज्ञाव अधर्मगत क्रिया ३ अधर्मगतज्ञाव धर्मगत क्रिया ४ धर्मगत क्रिया अधर्मगत क्रिया. चार ज्ञांगामां जे प्रथम ज्ञांगो धर्मगत ज्ञाव अने अधर्मगत ज्ञाव अर्थात् ज्ञाववडे ज्ञावना मिश्रपणानो छे, ते घटतो नथी कारणके, एकी साथे बे उपयोग थवानो संज्ञव नथी. ड्रव्यस्तवना तथा उपयोग एकी साथे होता नथी, तेथी बेज्ञाव मिश्र थाय नही. जे अनारंज्ञमां यत्नवान् होय तेनो आरंज्ञमां उपयोग होय नहीं कारणके, तेनी स्थिरतामां अतिचारना ज्ञयनो अज्ञाव छे, एम सूक्ष्मदृष्टिए विचारवुं. आप्रमाणे प्रथम ज्ञंग थाय छे. हवे ज्ञाव धर्मगत अने क्रिया इतरगत अर्थात् अधर्मगत एवी आरंज्ञ नामनी क्रिया, आ बीजो ज्ञांगो अल्प छे, अर्थात् चूर्ण करवाने समर्थ नथी. कारणके शुज्ञ ज्ञावथीज क्रियागत एवुं अशुज्ञज्ञावद्वारवालुं रजोगुणना हेतुनुं स्वरूप तेनो क्षय थाय छे, तेथी आ बीजो ज्ञांगो अल्प छे अने जे क्रिया छे ते अशुज्ञ ज्ञावद्वारा अधर्मनुं अने शुज्ञज्ञावद्वारा धर्मनुंकारण छे, कांइ स्वरूपथी नथी. ७२-

ज्यारे बीजा ज्ञंगनो पक्ष लागु पडयो नही त्यारे वादीने अनिष्टा पतिथइ, ते कहे छे.

**वाहिन्युत्तरणादिके परपदे चारित्रिणामन्यथा,**
**स्यान्मिश्रत्वमपापज्ञावमिलितां पापक्रियां तत्वतां ।**

किं चाकेवलिनं विचार्यसमये द्रव्याश्रयं भाषितं,
शुद्धं धर्ममपश्यतस्तनुधियः शोकः कथं गच्छति ॥७३॥

अर्थ–धर्म स्वभावी अध्यवसायनी साथे मलेली पापक्रियाने आचरता एवा चारित्रधारी भाव साधुर्जने अन्यथा रीते नदी उतरवा विगेरेना अपवाद मार्गमां मिश्रपणुं थाय अने वली सिद्धांतमां केवली सुधी कहेलुं जे द्रव्याश्रय वचन तेने विचारी शुद्ध धर्मने नहीं जोता एवा तुच्छ बुद्धिवाला पुरुषने थयेलो शोक शीरीते मटे अर्थात् मटेज नही. ७३

विशेषार्थ–अपाप एटले धर्मस्वभावी भाव जे पुष्टालंबनना अध्यवसाय रुप तेनीसाथे मलेली जे नदी उतरवा रुप पापक्रियाने आचरता एवा चारित्रधारी भाव साधुर्जने अन्यथा रीते एटले कहेला स्वरूपथी आश्रवपणाने अभिमत एवा आचरणने अधर्मपणुं कहेवामां नदी उतरवा विगेरेना अपवाद मार्गमां मिश्रपणुं थाय. गर्भित अर्थ एवो छे के, जे अहिं मिश्रपणुं छे ते मिश्रपक्षना आश्रयवालुं जाणवुं ते परनेपण इष्टनथी कारणके, साधुर्जने तो एक धर्मपक्षज लेवानो छे, तेथी स्वरूपे करी धर्मभावमां सावद्यक्रियानुं जे मिश्रण ते द्रव्यस्तव छे. वली सिद्धांतमां केवलीपर्यंत कहेलुं जे द्रव्याश्रय वचन तेने विचारी शुद्धधर्मने नहीं जोता एवा तुच्छ बुद्धिवाला पुरुषने थयेलो शोक शीरीते मटे ? अर्थात् धमपक्षना स्थाननो उच्छेद थवाथी अयेलो शोक कोइरीते पण न जाय. तेथी परमसुंदरमुनि अयोगी केवलीमांज सर्वथा संवर रहेलो छे एम सूक्ष्मपणे जाणी

केवलज्ञानसुधी देशविरतिपणानी संभावना करे छे. यथा "जावंचणं एसजीवे एयइवेयइ तावंचणं आरंभ इति" एवीरीते द्रव्यभावनी मिश्रता केवलीमां पण थाय. तेथी पाशचंद्र छाती कूटी शोक करे तेने कोणवारे. आप्रमाणे मिश्रपणुं नथी एम सिद्धांत छे. ७३

हवे वादीना प्रसंगनुं समाधान करे छे.

**वाहिन्युत्तरणादिकेपि यतनाभागे विधिर्न क्रिया,**
**भागे प्राप्तविधेयता हि गदिता तंत्रेखिलैस्तांत्रिकैः।**
**हिंसा न व्यवहारतश्च गृहिवत् साधोरितीष्टं तु नो**
**मिश्रत्वं ननु नोमते किमिह तद्दोषस्य संकीर्त्तनं॥७४॥**

अर्थ–नदी उतरवा विगेरे कर्ममां यतनाना भागविषे विधि छे अने क्रियाभागमां विधि नथी कारणके सर्व तांत्रिकमत वालाओए तंत्रशास्त्रमां अप्राप्तनी प्राप्तिमां विधि कथन करेलो छे अने व्यवहार नयथी गृहस्थनी जेम साधुने नदी उतरवा विगेरेनी हिंसा न लागे, तेथीते हिंसामिश्रणनो अभाव छे माटे मिश्रपणुं इछेलुं नथी. तेथी अमारा मतमां शुं ते दोषनुं कीर्त्तन थाय ? अर्थात् न थाय. ७४

विशेषार्थ–हवे वादी जे पोताना मतने समर्थ करे छे, ते कहे छे–नदी उतरवा विगेरे कर्ममां यतनाना भाग विषेविधि छे कारणके, ते प्राप्त नथी अने क्रियाभागमां विधि नथी कारणके, सर्व तंत्र मतवाला विद्वानोए तंत्रशास्त्रमां अप्राप्त पणामां विधि कथन करेलो छे. मीमांसामां पण लखे छे के " अप्राप्त प्रापणं

विधि " एटले अप्राप्तमां जे प्राप्ति ते विधि कहेवाय. अमे अहिं ए न्यायनो आश्रय करीए छीए. अहिं यतना अने भाव, तेमां यतना भावनी साथे मिश्रित नथी कारणके, अन्यनी साथेज ते मिश्रथवानो संभव छे; त्यारेतो नदी उतरवा विगेरे क्रियावडे ते मिश्रित थाय. तेविषे कहे छे. व्यवहार नयथी साधुने गृहस्थनी जेम नदी उतरवा विगेरे हिंसा न थाय. कारणके गृहस्थ अने साधुने यतना अने अयतना वडेज विशेष व्यवहार रहेलो छे, माटे ते हिंसा मिश्रपणनो अभाव छे तेथी मिश्रपणुं इच्छेलुं नथी, तेथी अमारामतमां शुं ते दोषनुं कीर्त्तन थाय. अर्थात् न थाय अहिं मिपश्रक्षमां वादीनो एवो हृदयाशय छे के तमारा द्रव्यस्तवमां साधुने योग्य एवी यतनानो अभाव छे तेथी हिंसावर्जवा योग्य नथी, तेनो उत्तर हवे पछीना काव्यमां आपेछे ७४

उपरना पक्षने दूषण आपी ग्रंथकार वादीना मतने दूषित करे छे.

**हिंसा सद्व्यवहारतो विधिकृतः श्राद्धस्य साधोश्च नो,**
**सा लोकव्यवहारतस्तु विदिता बाधाकरी नोभयोः ।**
**इच्छाकल्पनयाभ्युपेत्य विहिते तथ्या तदुत्पादनो,**
**त्पत्तिभ्यां तु भिदा न कापि नियतव्यापारके कर्मणि॥७५**

अर्थ–सद्व्यवहारथी विधिकरनार श्रावक अने साधुने हिंसा थती नथी अने बाहेरना लोक व्यवहारनी अपेक्षाए ते हिंसा गृहस्थ अने साधु बंनेने बाधाकारी न थाय अने इच्छा

कल्पनावडे करेली हिंसा संबंधी कर्ममा, तेनुं उत्पादन तथा उत्पत्तिवडे करीने कांइपण सत्यभेद नथी. ७५

विशेषार्थ—सद्व्यवहार एटले सिद्धांतमां बतावेला जनव्यवहारथी विधिकरनार श्रावक अने साधुने हिंसा थती नथी कारणके प्रमादना योगथी प्राणीउना प्राणनो वियोग करवो तेज हिंसा कहेवाय छे एम सिद्धांतमां कहेलुं छे. वली पोताना गुण स्थानने योग्य एवी यतना वडे प्रमादनो त्याग करवामां ते बंनेमां विशेष भेद नथी तेथी धर्मकर्ममां हिंसाज नथी एम सिद्धथयुं. वली बाहेरना लोक व्यवहारनी अपेक्षाए ते प्राण वियोग रुप हिंसा गृहस्थ अने साधु बंनेने बाधाकारी न थाय अर्थात् मिश्रपक्षनो प्रवेश करनारी न थाय, अने इच्छा कल्पना एटले रसपूर्वक करेली इच्छावडे करेला नियमित व्यापारवाला हिंसा संबंधी कर्ममां तेनुं उत्पादन अने उत्पत्तिवडे करीने कांइपण सत्यभेद नथी परंतु ते स्वकपोल कल्पित कल्पनावडे मुग्ध जनना मनने विनोद करवा मात्र छे. ७५

अपवादात्मक कर्ममां विधि न होय पण यतना आगमांज होय तेथी स्वछंदपणे प्राप्त थवाथी तेमां मिश्रपणुं थाय—ते विषे कहे छे.

**पूर्णेऽर्थेपि विधेयतावचनतः सिद्धा लिङर्थात्मिका,**
**भागे बुद्धिकृता यतः प्रतिजनं चित्रा स्मृता सा करे।**
**नोचेज्जैनवचः क्रियानयविधिः सर्वेश्च मिश्रो भवे,**
**दित्थं भेदमयं न किं तव मतं मिश्राद्वयं लुंपति॥७६॥**

अर्थ–यतना विशिष्ट एवा कर्ममां वचनथी लिङ लकारना अर्थ रूप एवी विधेयता सिद्ध थाय छे अने जे बुद्धिकृत विशेष रूप विधेयता छे ते जले जागने विषेरहे तेथीकांइ हानिनथी कारणके ते प्रत्येक जनमां विचित्रपणे रहेली छे एम स्याद्वाद रत्नाकरमां कहेलुं छे. एवी रीते यतना अने क्रिया जागवडे मिश्रपणुं होयतो तेने प्रतिपादन करनारु जैनवचन अने सर्व क्रिया नयनो विधि ते मिश्रथाय. आप्रमाणे धर्मपक्ष पण बंने जागवडे मिश्र थाय एटले बे मिश्रा थाय. ते बे मिश्रा जेदमय एवातारा मतनो केम न लोपकरे अर्थात् लोप करेज. ८६

विशेषार्थ–पूर्ण अर्थ एटले यतना विशिष्ट एवा कर्ममां वचन थी लिंङ लकारना अर्थ स्वरूपी एवी विधेयता सिद्ध रहेली छे कारणके, श्रुति मात्रवडे प्रवर्त्तना तेने अर्थेज छे अने जे बुद्धिकृत विशेष रूप विधेयता छे. ते जले जागने विषे रहे तेथी कांइ हानिनथी कारणके, ते प्रत्येक जनमां विचित्रपणे रहेली छे. आप्रमाणे स्याद्वाद रत्नाकरमां कहेलुं छे, अर्थात् ते स्थले "स्वपरव्यवसायिज्ञानं प्रमाणं" स्वअने परनो निश्चय करनार जे ज्ञान ते प्रमाण, छे एम कहेलुं छे. जो एम न होय अने यतना अने क्रिया जागवडे मिश्रपणुं होयतो तेने प्रतिपादन करनारूं जैनवचन अने सर्व क्रियानयनो विधि ते मिश्र थाय. आप्रमाणे धर्मनो पक्षपण तेबंने जागवडे मिश्रथाय, एटले बे मिश्राथाय. बीजा बेनो लोपथइ ते एकज अवशेष रहे छे. वली ते बंने मिश्रा तारामतनो केम न लोपकरे कारणके तेमत जेदमय अने त्रण पक्षने प्रतिपादन् करनारो छे अर्थात् पोतानुं

शस्त्र पोतानो घात करे एवो न्याय थयो. एवीरीते आ बीजो-ज्ञंग सिद्ध कर्यो. ७६

हवे त्रीजा ज्ञांगाविषे कहे छे.

**ज्ञावो धर्मगतः क्रियेतरगतेत्यत्रापि ज्ञंगे कथं,**
**मिश्रत्वं तमधर्ममेव मुनयो ज्ञावानुरोधाद्विडुः।**
**ज्ञक्त्यार्हत्प्रतिमार्चनं कृतवतां न स्पृश्यमानः पुन,**
**र्ज्ञावश्चित्तमिवाग्रहाविलधियां पापेन संलक्ष्यते॥७७॥**

अर्थ–त्रीजो ज्ञांगो जे अधर्मगतज्ञाव अने धर्मगत क्रिया, तेमांपण मिश्रपणुं केवीरीते घटे ? कारणके विद्वान लोको ज्ञा-वने लइने तेने अधर्म कहे छे. जेम डुराग्रहथी मलिन बुद्धि-वाला पुरुषोनुं चित्त जेवुं पापना स्पर्शवालुं जणाय, तेवुं ज्ञक्ति करनारा माणसनुं चित्त पापना स्पर्शवालुं जणातुं नथी, तेवी-जरीते ज्ञक्तिवडे अर्हंतनी प्रतिमानी पूजा करता एवा ज्ञव्य-प्राणीर्जनोज्ञाव पापना स्पर्शवालो थतो नथी. ७७

विशेषार्थ–त्रीजो ज्ञांगो जे अधर्मगत ज्ञाव अने धर्मगत क्रिया–तेमां पण मिश्रपणुं शीरीते घटे ? कारणके ज्ञावना अनु-रोधथी मुनिजनो ते अधर्मज कहे छे. कारणके डुष्टज्ञाव पूर्वक विहित एवी क्रियानुं पण बहु प्रत्यवायने लीधे अधर्मपणुं छे अने तेथीज निन्हव विगेरेनुं जे निर्ग्रंथ रूप छे, ते डुरंत संसा-रनुं हेतु रूप होवाथी तेमां अधर्मपणुं छे. वली ज्ञक्ति तथा वि-धिवडे अर्हंत ज्ञगवंतनी प्रतिमानी पूजा करतां एवा ज्ञव्य प्राणीर्जनो ज्ञाव पापथी स्पर्श थयेलो जोवामां आवतो नथी.

ते उपर व्यतिरेकथी दृष्टांत आपे छे. जेम दुराग्रहथी मलिन बुद्धिवाला पुरुषोनुं चित्त पापथी स्पर्श थयेलुं जोवामां आवे छे, तेम भक्ति करनारानुं चित्त पापथी स्पर्श थयेलुं जोवामां आवतुं नथी. आप्रमाणे अर्थ योजना करवी जेमके "हुं पुष्पादिकनुं मर्दन करूं अने पछी प्रतिमानी पूजाकरूं" आवोजे भावते पापगत भाव एम जो होयतो "हुं नदीना जलजंतुओने हणुं अने पछी नदी उतरीने विहारकरूं" एवो साधुने पण दूषितभाव गणाय. एवीरीते त्रीजा भांगानुं निराकरण कर्युं. ८७

हवे चोथा भांगानुं निराकरण करे छे.

**धर्माधर्मगते क्रिये च युगपद्धत्तो विरोधं मिथो,**
**नाप्येते प्रकृतस्थले क्वचिदतस्तुर्योंपि भंगो वृथा ।**
**शुद्धाशुद्ध उदाहृतो ह्यविधिना योगोर्चनाद्यश्च यः,**
**सोप्येको व्यवहारदर्शनमतो नैव द्वयोर्मिश्रणात्॥८८**

अर्थ–धर्मगता क्रिया अने अधर्मगता क्रिया–आ चोथो भांगो छे. ते बंने क्रिया परस्पर विरोधने पामे छे, तेथी ते बंने क्रिया आ चालता स्थलमां एटले द्रव्यस्तवने स्थाने न थाय. तेथी चोथो भांगो पण वृथा थाय छे. अने अविधिवडे जे जिन पूजनादि शुद्ध अशुद्ध योग कहेलो छे, ते योग व्यवहार दर्शन रूप छे; तेथी ते बंने क्रियाना मिश्रणथी न थाय. आप्रमाणे चोथा भांगानुं निराकरण थाय छे. अने मिश्र पक्षनो तदन नाश थाय छे. ८८

विशेषार्थ–चोथो भांगोजे धर्मगता क्रिया अने अधर्मगता क्रिया, ते बंने क्रिया परस्पर विरोधने पामे छे. कारणके भिन्न विषय वाली बे क्रिया एक समये निषिद्ध थाय छे. तेमज ते बंने क्रिया प्रकृतस्थले एटले कोइपण द्रव्यस्तवने स्थाने न थाय. तेथी चोथो भांगो पण वृथा छे, अर्थात् मिश्रपक्षने समर्थ करवानो ते वृथा उपक्रम छे. अहिं शंका करे के शुद्ध अशुद्धनो योग शास्त्रोमां कथन करेल छे, तो त्यां आ चोथा भांगानो अवकाश केमन थाय ? ते कहे छे. अविधिवडे जे जिन पूजनादि शुद्ध अशुद्ध योग कथन करेलो छे, ते योग व्यवहार दर्शन रूप छे, तेथी ते बंनेना मिश्रणथी न थाय, कारणके शुद्ध अशुद्धनो विरोध आवे. तेथी करीने मिश्रपक्षने जलांजलि आपवामां आवता अर्थात् मिश्रपक्षने तोडी पाड्यो अने एप्रमाणे चोथा भांगानुं निराकरण कर्युं. ८८

हवे निश्चय नयथी शुद्ध अशुद्धनो योग अरूपमां नथी ते कहे छे.

**भावद्रव्यतया द्विधा परिणतिः प्रस्पंदरूपा स्मृता,**
**योगास्तत्र तृतीयराश्यऽकथनादाद्येषु नो मिश्रिता ।**
**नैवांत्येष्वपि निश्चयादिति विषोद्गारः कथं ते भ्रमो,**
**निष्पीता किमु न क्षमाश्रमणगीः सद्भाष्यसिंधो सुधा॥**

अर्थ–परिणाम अने तेनी स्फुरणा रूप योग द्रव्य अने भाव बे प्रकारना कहेला छे. तेमां भाव योगोमां त्रीजी राशिना न कहेवाथी ते परिणाम मिश्रित थता नथी, तेमज द्रव्य योगोमां

पण निश्चय नयथी ते मिश्रित थता नथी. आप्रकारनो विषना उद्गार रूप भ्रम तने केम थाय छे ? शुं विशेष आवश्यक रूप समुद्रना अमृतपान रूप एवी श्री जिनभद्रगणि क्षमाश्रमणनी वाणीनुंपान तें नथी कर्युं ? ८ए

विशेषार्थ—मन, वचन अने कायाना योगने निबंधन करवामां जे अध्यवसाय करवो ते परिणाम कहेवाय के जे परिणाम मन, वाणी अने कायाना द्रव्यने टेकाथी उत्पन्न थाय छे अने तेनी बाह्य क्रियाना परिस्पंद रूप तेना लक्षणवाला योग थाय छे, ते भाव अने द्रव्य पणाथी बे प्रकारना कहेला छे, अर्थात् परिणाम पण बे प्रकारना अने योग पण बे प्रकारना छे. तेमां पेहेला जे भाव योगो छे, तेमां त्रीजी राशिना न कहेवाथी ते मिश्रित थती नथी; एटले शुभ अने अशुभ एवा अध्यवसायना स्थानको कहेला छे पण त्रीजोराशि कहेलो नथी, तेथीते अंत्य द्रव्य योगमां निश्चयथी मिश्रित थती नथी. आप्रकारनो तने भ्रमरह्या करे छे, एटले तने विषना उद्गार रूप भ्रांत प्रयोग थया करे छे. कारणके सद्भाष्य जे विशेष आवश्यक ते रूप समुद्र तेना अमृतनुं पान तें जो कर्युं होततो आवो भ्रमरूप विषनो उद्गार तने न थाय. ८ए

संकीर्ण—मिश्र कर्म रूप फलना अभावथी पण संकीर्ण योग नथी एम द्रव्यस्तवमां जे मिश्रपक्षनी प्रौढ उक्ति छे, ते खलतानोज विस्तार छे, ते कहे छे.

**मिश्रत्वे खलु योगभावविधया कुत्रापि कृत्ये भवे,**
**न्मिश्रं कर्म न बध्यते च शबलं तत्संक्रमात्स्यात्परं ।**

**तद्द्रव्यस्तवमिश्रतां प्रवदता किं तस्य वाच्यं फलं,**
**स्वव्युद्ग्राहितमूढपर्षदि मदान्मूर्द्धानमाधुन्वता ॥ ए० ॥**

अर्थ–कोइपण कृत्यमां योगभावना प्रकारथी मिश्रपणुं अंगीकार करीए तो तेथी कांइ मिश्रकर्म न थाय अने तेनुं शबल ( मिश्र ) कर्म बंधाय पण नही. अने ते मिश्र केवल संक्रमणथी थाय छे, तेथी पोताना पक्षमां लीधेला एवा मूढ पुरुषोनी पर्षदामां मदथी मस्तकने धुणावता अने द्रव्य स्तवनी मिश्रताने कहेता एवा तने तेनुं शुं फल कहेवुं ? अर्थात् तने मौनधारण करी रेहेवुं योग्य छे. ए०

विशेषार्थ–कोइपण कृत्यमां योगभावना प्रकारथी मिश्रपणुं अंगीकार कर्ये छते फलपणाथी अंगीकार करेलुं मिश्रकर्म न थाय; पण ते बंधथी नथी ते कहे छे. ते शबल कर्म न बंधाय अहिं शंका करे के त्यारे मिश्रमोहनीय कर्म प्रसिद्ध केम छे ? तेना समाधानमां कहे छे के, पर एटले केवल ते मिश्र संक्रमणथी थाय छे. ते कारण माटे पोते पक्षमां लीधेला एवा मूढ पुरुषोनी पर्षदामां मदवडे मस्तकने धुणावता अने द्रव्यस्तवनुं मिश्रपणुं कहेता एवा तने ते द्रव्यस्तवनुं फल रूप बंधातु कर्म जाणवुं; एटले अयोग्य पणाथी शुभके अशुभ न थाय. जो मिश्रबंधाइने प्राप्त थाय तो यमराज कोप करे, तेथी ते बाबतमां तारे मौन राखीने रहेवुं. मस्तक धुणाववुं ए मदनो अनुभाव छे. अहिं शंका थाय के, मुग्ध जनने न्याय आपवो ते कूट पाश रूप छे, एम अभिन्न सूत्रना आदेशथी श्रावकोने तो मिश्र प-

क्षज छे, एम जोता एवा अमने तेना अधिकारवाला द्रव्यस्तवनुं मिश्रपणुं रूचे छे, एम जो होयतो अरे दुराशय, गुरूकुलनी उपासनाने नही करनारा एवा तने सिद्धांतना तात्पर्यनुं ज्ञान केम संभवे, तेमां तो व्यवहार नयना आदेशवडे बंधना अनुपाय रूप त्रण पक्षनुं वर्णन करेलुं छे, अने संग्रह नयना आदेशथी फलनी अपेक्षाएतो बे प्रकारज छे. तेथी पूजा अने पौषधव्रत करवामां शो विशेष छे ?

ते बाबतमां श्रावकोने मिश्रपक्षनो भेद छे, एवा अभिप्रायथी कहे छे.

**सिद्धांते परिभाषितो हि गृहिणां मिश्रत्वपक्षस्ततो,**
**बंधानौपयिको विरत्यविरतिस्थानात्त्वयोत्प्रेक्षया ।**
**अंतर्भावित एव सोऽपि पुरतो धर्मे फलापेक्षया,**
**पूजापोषधतुल्यताऽस्य किल न व्यक्ता विशेषेक्षिणां॥**

अर्थ–अधर्मपक्ष, धर्मपक्ष अने धर्माधर्म पक्ष–एम त्रण पक्ष छे; तेमां सिद्धांतने विषे गृहस्थोने मिश्र ( धर्माधर्म ) पक्ष कहेलो छे, ते बंधना उपाय रहित पक्ष विरति अविरतिना स्थानमां जे अन्वय छे तेनी उत्प्रेक्षाथी कहेलो छे अने ते मिश्रपक्ष पण आगल फलनी अपेक्षाए धर्ममां अंतर्हित थइ गयेलो छे. तेथी आ गृहस्थने विशेष जोनारा पुरूषोनी दृष्टिए पूजा अने पौषधनी तुल्यता शुं स्पष्ट नथी ? अर्थात् स्पष्ट छे. ए१

विशेषार्थ–अधर्मपक्ष अने धर्माधर्म पक्ष, ए त्रण पक्ष छे. तेमां धर्माधर्म पक्षने कहे छे. सूत्रकृतांग नामना सिद्धांतने विषे

गृहस्थने बंधने प्रतिकूल धर्माधर्म रूप मिश्रपक्ष कहेलो छे, ते विरति अने अविरतिना स्थानमां जे अन्वय छे तेनी उत्प्रेक्षा अर्थात् स्वरूप मात्रथी कहेलो छे. ते कहेलो मिश्रपक्ष आगल फलनी अपेक्षाए धर्ममां अंतर्हित थइ गयेलो छे. तेथी आ गृहस्थाने विशेष जोनारा पुरूषोनी दृष्टिए पूजा अने पौषधनी तुल्यता शुं स्पष्ट नथी ? अर्थात् स्पष्ट छे. ते वाणीना व्यवहारथी अने मिश्रपक्षना निश्चयथी अने धर्म पणाना हेतुथी स्पष्ट छे. ए त्रण पक्षनुं व्याख्यान सूत्र कृतांग सूत्रमां मूलवृत्तिथी जाणी लेवुं. ए१

अहिं कुतीर्थीनी दृष्टिने अनुसरेलो आचार अधर्म अने पोताना सिद्धांतने अनुसरेलो आचार ते धर्म जणाय छे. ए सर्व अभिप्राय लइ भक्ति अने रागने जुदा करी द्रव्य स्तवमां धर्म पक्षनो बलात्कारे अंगीकार करी कहे छे—

हिंसांशो यदि दोषकृत्तव जड द्रव्यस्तवे केन त,
न्मिश्रत्वं यदि दर्शनेन किमु तद्भोगादिकालेपि न ।
भक्त्या चेन्न तु सापि का यदि मतो रागो भवांगं तदा,
हिंसायामपि शस्तता नु सदृशीत्यत्रोत्तरं मृग्यते॥ए२॥

अर्थ—हेजड ! जो द्रव्य स्तवमां हिंसानो अंश दोष करनार छे तो, कोनी साथे मिश्रपणुं थाय; जो समकितनी साथे मिश्रपणुं होय तो भोगादि कालमां ते मिश्रपणुं केम न थाय, अने जो भक्तिनी साथे मिश्रपणुं होयतो ते भक्ति केवी ? जो भक्तिनो अर्थ राग कहोतो ते संसारनुं अंग थाय; जो भक्ति-राग

संसारनुं अंग नहोयतो द्रव्यस्तवने अनुगत एवी हिंसामां पण श्रेष्टपणुं सदृशपणे रहेलुं छे. अहिं तुं शो उत्तर आपीश ? ए२

विशेषार्थ–हेजड ! जो द्रव्यस्तवमां हिंसानो अंश दोष कारक एटले मिश्रत्व करनारो होयतो ते मिश्रपणुं कोनी साथे थाय ? ते मिश्रपणुं देश संयमनी साथे तो न थाय. वली जो दर्शन--समकितनी साथे मिश्रपणुं थाय तो ते भोगादि कालमा पण ते मिश्रत्व केम न थाय ? जो तुं भक्ति साथे मिश्रपणुं कहेतो ते भक्ति कइ जाणवी ? जो भक्ति एटले राग एम कहेतो ते संसारनुं अंग थाय, कारणके राग द्वेष संसारनुं मूल छे अने संसारना मूल रूप एवा ते बंने अंतर्गत रहेता अधर्मनो पक्ष उत्कट थाय, तो पछी मिश्रपणानो अवकाश क्या रह्यो ? श्रेष्ठ राग होय तो ते भक्ति संसारनुं अंगन कहेवाय एम जो कहेतो द्रव्यस्तवमां अनुगत एवी हिंसामां पण सरखीज श्रेष्ठता छे. हवे अहिं तुं शुं उत्तर आपीश ? एकहजार वर्षे पण संतोषकारक उत्तर आपी शकीश नही. तेथीज मोक्षार्थी पुरूषो अमारा कहेला मार्ग उपरज श्रद्धा राखे छे. आप्रमाणे षट्र पुरूषीना दर्शनथी " श्रमणो पासकने द्रव्यस्तवनो अधिकार नथी " एम कहेता एवा कापुरूष पाशनो मत निरास कर्यो. आविषे काव्यो छे ते कहे छे.

तार्किक बुद्धिवाला मुनिजनना हृदयमां प्रतिमा विषेनो आ अति उज्वल विचार मार्ग स्फुरे छे, छतां जड बुद्धिवाला पुरुषोना वचनोथी वंचित थयेला केटलाएक जड पुरुषो शुं नथी?

अहो ! कलिकाल केवो बलवान छे ! पोतानी बुद्धिने रूचिकर एवा कल्पित अर्थोथी विद्वानोना वचनने तिरस्कार करवामां तत्पर एवा अतिगर्विष्ट पामरोना हृदयमां स्फुरेला परतंत्र शास्त्र लवने जोइ अमे विस्मय पामीए छीए २ सुज्ञ पुरुषो सात नयने अनुसरता अभंग अने गंभीर एवा आप्तवाक्यने विधिवत् पदेपदे विवर्ण करे छे, ते छतां मलिन लोकोए ग्रहण करेला आकल्पित मत विषे तमेशो निश्चय कर्यो ? ३ शिष्य मूढ अने गुरुपण मूढ तेथी शास्त्र पण मूढ थइ गयुं होय एम लागे छे आप्रकारनी शंका रूप पिशाचीउ ते मूर्ख कुमतिउनी साथे खेल कर्या करो. ४ स्फुट परिणामवाला नवीन तर्कमां सत्पुरुषोनी प्राचीन वाणीउनी गति थतीज नथी; आप्रमाण ते मूढ कुमति बबड्या करे छे. ते नयना विचित्र परिणामने तेमज रचनाने जाणतो नथी अने वृथा गर्वथी ग्रस्तथइ विद्वानोना सर्व छिद्रोने शोध्या करे छे. ५ एक लवमात्र पदने जाणनारा रागी जरू पुरुषोनी पर्षदामां विद्वानोनुं चातुर्य शोभे नही. घणा कागडाउथी संकुल एवा पांजरामां राजहंसनुं लालन अघटित छे. ६ जेनामां कालाश अने धोलाशनुं अंतर छे अने वाणीना गांभीर्य गुणनो मोटो भेद छे, ते हंस अने कागडाना बच्चांनी बाबतमां तफावत न जाणे तेने अने तेनी माताने धिक्कार छे. ७ वस्तु तो गमेते हो पण *जिनवाणीने जाणनारा एवा* पंडितने नमस्कार छे, के जेने वश रहेलुं, सर्व पापने नाश करनार श्री जैनशासन जयवंत वर्ते छे. ८

हवे अति देशथी कुमतिनो बाकी रहेलो मत निराकरण करी कहे छे.

**एतेनेदमपि व्यपास्तमपरे यत्प्राहुरज्ञाः परं,**
**पुण्यं कर्म जिनार्चनादि न पुनश्चारित्रवद्धर्मकृत्।**
**तद्वत्तस्य सरागतां कलयतः पुण्यार्जनद्वारतो,**
**धर्मत्वं व्यवहारतो हि जननान्मोक्षस्य नो हीयते॥९३**

अर्थ–जेमणे सूत्रनुं तात्पर्य जाण्युं नथी, एवा केटलाएक अज्ञानी पुरुषो कहे छे के, जिनपूजन करवानुं कर्म पुण्य रूप छे, पण ते चारित्रनी जेम धर्मनुं कारण नथी. आप्रमाणे कहेनाराओनो मत आ शुद्ध जिनपूजा धर्मत्वनुं कारण छे, एम साबित करवाथी उडी जाय छे. ते जिनपूजादिकर्म चारित्रनी जेम सरागपणाथी युक्त होय तेथी व्यवहारथी तेनुं धर्मत्व हणातुं नथी कारणके पुण्य उपार्जन करवाना द्वारने लइ मोक्षनुं ते कारण थाय छे. ९३

विशेषार्थ– आ शुद्ध जिनपूजनमां धर्मत्वनुं व्यवस्थापन थाय छे, तेथी अज्ञ अर्थात् सूत्रना तात्पर्यने नही जाणनारा एवा जे पुरुषो कहे छे के, जिन पुजा पुण्यकर्म छे पण ते चारित्र नी जेम धर्मनुं कारण नथी, ते लोकोनो मत उडी जाय छे. तेने अतिदेशथी स्फुट करे छे. ते जिन पूजा विगेरे कर्म चारित्रनी जेम रागसहित होवाथी तेनुं धर्मत्व व्यवहारथी हणातुं नथी कारण के पुण्यार्जन द्वारा शुभाशुभ व्यापार पणे ते मोक्षनुं कारण छे. ते विषे श्री वाचकेंद्र कहे छे के– जे पुरुष जिनभवन,

जिनबिंब करावे, जिनपूजा करे अने जैनमतने आचरे, ते पुरुषने मनुष्य, देवता अने मोक्षना सुखरुप फल हस्तगत थाय छे. ९३

हवे लोकोत्तर अने लौकिक पणाथी जे धर्म, पुण्य रुप पणुंछे ते पूजामां ज ज्ञायछे. ते कहेछे.

**या ज्ञानाद्युपकारिका विधियुता शुद्धोपयोगोज्वला,**
**सा पूजा खलु धर्म एव गदिता लोकोत्तरत्वं श्रिता ।**
**श्राद्धस्यापि सुपात्रदानवदितस्त्वन्यादृशीं लौकिकी,**
**माचार्या अपि दानभेदवदिमां जल्पति पुण्याय नः।९४**

अर्थ—जे पूजा ज्ञानादिकने उपकार करनारी, विधियुक्त अने शुद्ध उपयोग वडे उज्वलछे, ते पूजा लोकोत्तरपणाथी धर्म रूपज कहेलीछे अने श्रावकने, सुपात्रमां आपेला दानभेदनी जेम, बीजी लौकिकी पूजा कहेलीछे के जेने आपणा आचार्यो पुण्य रूप कहेछे. ९४

विशेषार्थ—जे जिनपूजा ज्ञानादिकनी पुष्टि करनारीछे, अहिं आदि शब्दथी सम्यक्त्व विगेरे ग्रहण करवां, वलीजे पूजा विधिसहितछे अने जे शुद्ध उपयोगथी उज्वलछे, अहिं उपयोग एटले भवसागरमां नाविका समान एवीते पूजाने जोई, घणां पुरुषो प्रतिबोध पामी षट्काय जीवना रक्षको थाय एवो अध्यवसाय ते वडे करी उज्वलछे, ते पूजा निश्चयपणे भावपूर्वक वा असंमोह पूर्वक छे के जे धर्मज कहेलीछे कारणके ते लोकोत्तरपणाने आश्रित थयेली छे; तेमज एवा गुणना

ध्यानथी तेनुं शास्त्रोक्तपणुं छे. वली अमारा आचार्यो सुपात्रने विषे दानभेदनी जेम लौकिकि पूजाने विशेषपणे पुण्यने अर्थे कहेछे. सारांशके, कोई श्रावकने लोकोत्तर पूजा थाय ते लोकोत्तर फल आपे, जेम सुपात्रमां आपेलुं दान मोक्षने माटे थाय तेम. तेवीज रीते कोइ श्रावकने लौकिकि पूजा पुण्यने अर्थे थाय. जेम तेवी जातना दान भेदथी पुण्य थाय छे तेम. जेम खेड करवामां पलाल–घास विगेरे नियतपणे आनुषंगिक फलरूप, ते पुण्य छे अने बीजथीजे धान्यनी प्राप्ति जे मुख्य फल, ते परम निर्वाणरूप छे. आप्रमाणे सूत्रथी उपदेश करेल छे, तेथी दानादि पुण्यना मध्यमां कथन करेल छे, तद्वत् पूजा पण धर्मनी मध्यमां थाय एवो परमार्थ छे. ए४

अहिं शंका करे के, पूजा, दान, प्रवचननुं वात्सल्य विगेरे जे कृत्य छे ते सराग कृत्य कहेवाय अने तप चारित्र विगेरे कृत्य वीतराग कृत्य कहेवाय एम विवेचनथी विभाग जणायछे, तेमा जे पेहेलु सराग कृत्य ते पुण्यरूप छे अने छेलु वीतराग कृत्य ते धर्मरूप छे. तेथी धर्म पदार्थ बे प्रकारे थाय. ज्ञान योग लक्षण १ पुण्यलक्षण. आप्रमाणे शास्त्रावार्ता समुच्चय नामना ग्रंथमां श्रीहरिभद्रसूरिए कहेलुं छे, तो तेनी पूर्वनी भूमिमां रहेला देव पूजादि कर्ममां धर्मपणुं छे ए वार्ता अमने केवी रीते रुचे?

तेना समाधानमां कहे छे.

पुण्यं कर्म सरागमन्यदुदितं धर्माय शास्त्रेष्विति,
श्रुत्वा शुद्धनयं न चात्र सुधियामेकांतधीर्युज्यते ।

तस्माच्छुद्धतरं चतुर्दशगुणस्थाने हि धर्मं नयः,
किं ब्रूते न तदंगतां त्वधिकृतेप्यभ्रांतमीक्षामहे ॥९५॥

अर्थ—सराग कर्म ते पुण्य अने वीतराग कर्म ते धर्म, एम शास्त्रमां कहेलुं छे, आवो शुद्ध नयनो अर्थ सांभळी सद्बुद्धि-वाळा पंडितोने एकांत दुराग्रह राखवो योग्य नथी. तेथी अति-शुद्ध एवो निश्चय नय चौदमा गुण स्थानमां शुं धर्मने न कहे? १ अर्थात् कहेज. अमे तो द्रव्य स्तवना अधिकारमां ते शुद्ध निश्चयाभिमत धर्मनी अंगताने भ्रांति रहित जोइए छीए. ९५

विशेषार्थ—मूळमां च शब्द निश्चयार्थमां छे अने अभेद क्रम छे एटले आलोकमांज जे पुण्य छे ते सराग कर्म छे अने जे वीतराग कर्म छे ते शास्त्रने विषे धर्म कहेलुं छे, आवो शुद्ध नयनो अर्थ सांभळी पंडितोए एकांतबुद्धि अर्थात् एकांत दुरा-ग्रह करवो योग्य नथी कारणके, एक नयमां आग्रह करवो ते मिथ्यात्व रूप छे अने बीजा नयनो विचार करवाथी ते मूळ-मांथी उखडी जायछे. वळी लखे छे के "धम्मकंखिए पुण्य कंखिए" इत्यादिकमां श्रुत चारित्र लक्षणधर्म छे अने तेनुं फळ-रूप शुभ कर्म कहेलुं छे; तेथी अर्थात् तेवा अवांतर निश्चये करीने जे अति शुद्ध नय एटले निश्चय नय छे ते चौदमा गुणस्थानमां रहेलो छे, ते चरम समयमां शुं धर्म कहे तो नथी? अर्थात् कहे छे. जो एकांत दुराग्रह राखवामां आवे तो ते पूर्वेनो सर्व अधर्म थाय अने तेथी तारे पण ते अनिष्ट थाय कारण के, अमे तो तदंगता एटले शुद्ध निश्चय नयने अभिमत

एवी धर्मांगताने ते द्रव्य स्तवना अधिकारमां भ्रांतिरहित जोइए छीए. कारणके प्रस्थक विगेरे दृष्टांत वडे नैगम नयनी विचित्र प्रवृत्ति थाय छे. वली कह्युं छे के, भक्तिविधि वडे रचित एवा द्रव्यस्तवमां पुण्य छे पण धर्म नथी. आप्रकारनी दुर्मतिओनी कुमति छे अने सद्बुद्धिवाला पुरुषोनो ते ते नयथी जे विविध प्रकारनो उपदेश छे ते जड दुर्मतिने क्लेशकारक थाय तेमां शुं आश्चर्य छे? ते लुंपक पूजाने अधर्म कहे छे, कुमतिपाश साग-रमति मिश्रपक्षनो आश्रय करी तेने अनुसरे छे, बीजी विधिमां भ्रांत थइ तेने पुण्य कहे छे अने शुभ गच्छमां उत्तम एवा विद्वानो तेने धर्म कही अमृतसाररूप वाणी वदे छे. ९५

हवे गंभीर एवा आ विचारमां गुरूनी परतंत्रतानी सफलता बतावी उपदेश सर्वस्व जणावे छे.

**इत्थेवं नयभंगहेतुगहने मार्गे मनीषोन्मिषे,**
**न्मुग्धानां करुणां विना न सुगुरोरुद्यच्छतां स्वेच्छया ।**
**तस्मात् सद्गुरुपादपद्ममधुपः स्वं संविदानो बल,**
**सेवां तीर्थकृतां करोतु सुकृती द्रव्येण भावेन वा ९६**

अर्थ–एवी रीते नैगमादि नयो, संयोगो अने हेतुओ वडे गहन एवा मार्गमां स्वेच्छाथी उद्यमवंत एवा मुग्ध पुरुषोनी बुद्धि कुगुरूनी दयाविना उडशे नही, तेथी पोताना सद्गुरूना चरणकमलमां भ्रमररूप एवो सुकृती पुरुष पोतानी योग्यतानुं बलजाणी द्रव्यथी के भावथी श्रीतीर्थंकर प्रभुनी सेवा करो. ९५

विशेषार्थ–एवी रीते नैगमादि नयो, संयोगो, हेतुओ अने

उत्कृष्टादिकनी अपेक्षाए दशपंच विगेरे एकावयव वाक्यो, तेवडे गहन एवा मार्गमां स्वेछावडे उद्यम करता एवा मुग्ध पुरुषोनी बुद्धि कुगुरूनी दया विना उन्मेष पामे नही अर्थात् आकांक्षा वगर विश्रांत थाय नहीं. तेथी पोताना सद्गुरूना चरणकमलमां भ्रमर समान एवो सुकृती पुरुष पोतानी योग्यतारूप बलने जाणी यथाधिकार प्रमाणे द्रव्यथी गृहस्थ अने भावथी साधु श्रीतीर्थंकर प्रभुनी सेवा करो. कारणके भगवंतनी भक्ति करवीते परम धर्म छे. ए६

श्रीशंखेश्वराधिष्टित पार्श्वनाथ प्रभुनुं संबोधन करी तेनामत रूप अमृतथी बाध्य एवा लुंपकने दूषित करतां, छेवटे स्तुति पुर्वक नयभेद बतावे छे.

**सेयं ते व्यवहारभक्तिरुचिता शंखेश्वराधीश यद्,**
**दुर्वादिव्रजदूषणेन पयसा शंकामलक्षालनं ।**
**स्वात्मारामसमाधिबाधितभवैर्नास्माभिरुन्नीयते,**
**दूष्यं दूषकदूषणस्थितिरपि प्राप्तैर्नयं निश्चयं ॥ ए७ ॥**

अर्थ–हे श्रीशंखेश्वराधीश प्रभु! दुष्टवादीउना समूहना दूषणरूप जलवडे जे शंकारूप मलनुं प्रक्षालन थयुं, तेज आ तमारी व्यवहार नयने योग्य भक्ति करेली छे. पोताना आत्माने उद्यानरूप एवी शुद्ध उपयोगरूप समाधि वडे जेमणे आ संसारने बाधित कर्यो छे एवा अने निश्चय नयने प्राप्त थयेला अमे दूष्य, दूषक अने दूषणनी सत्ताने जोता नथी. ए७

विशेषार्थ–हे श्रीशंखेश्वराधीश पार्श्वनाथ प्रभु! दुष्ट वादी

ओना समूहना दूषणरूप जलवडे जे शंकारूप मलनुं प्रक्षालन थयुं, तेज आ तमारी, व्यवहार नयने योग्य एवी नक्ति करेली छे. अहिं यत् अने तत् शब्दनो नित्य संबंध छे, तेथी आ ते नक्ति के जे आ क्षालन छे–अहिं स्त्रीलिंग अने नपुंसकलिंगनो जे संबंध छे ते दूषण नथी एम शिष्ट पुरुषो कहे छे. हवे पर सिद्धांतने दूषण आपी स्वसिद्धांतनुं स्थापन करवामां जगवंतना यथार्थ वचनना गुणनी स्तुति करवा योग्य उपासना पणुं व्यवहाररूप कहे छे. कदि आ व्यवहारनक्ति होय तो पछी निश्चयनक्ति कइ ? ते कहो. तेवी आकांक्षा रहेता कहे छे. पोताना आत्मारूप आराम–उद्यान, जे अत्यंत सुखनो हेतु होवा थी नंदनवन ते जेमां छे एवो अथवा जे चारे तरफ रमाडे ते आराम कहेवाय; तेवो जे समाधि एटले शुद्ध उपयोगरूप संप्रज्ञात समाधि अथवा अपश्चिम विकल्प निर्वचन द्रव्यार्थिक उपयोग लेशथी उत्पन्न थयेलो संप्रज्ञात लयरूप समाधिवडे बाधित करेलो छे एटले बाधित अनुवृत्तिथी स्थापित कर्यो छे संसार जेमणे एवा अने निश्चय नयने प्राप्त थयेला एवा अमो दूष्य, दूषक अने दूषणनी सत्ताने पण जोता नथी. ए७

हवे साक्षात् स्तुति कहे छे.

दर्शं दर्शमवाप मव्ययमुदं विद्योतमाना लसद्,
विश्वासं प्रतिमामकेनर हितस्वांते सदानंद यां।
सा धत्ते स्वरसप्रसृत्वरगुणस्थानोचितामानमद्,
विश्वासं प्रतिमामकेनरहितस्वांते सदानं दयां॥ए८॥

अर्थ–हे सर्व दुःखथी रहित प्रभु, हे सदा आनंदमयनाथ ! तमारी मूर्तिने जोइ जोइ, हुंमारा हृदयमां विश्वास मेलवी, अव्यय, अविनाशी एवा हर्षने प्राप्त थयेलो छुं. हे मनुष्यना हितकारी प्रभु ! उपाधि वगर वधता गुणस्थानने योग्य जेने विश्व नमे छे अने जे विशेषथी प्रकाशित छे एवी ते प्रतिमा हृदयमां अभयदान सहित दयानु पोषण करे छे. ए८

विशेषार्थ–हे सर्व दुःखथी रहित एवा प्रभु ! हे सदा आनंदमय नाथ ! तमारी मूर्तिने जोइ जोइ, क्षणेक्षणे वधता एवा शुभ परिणामवालो थइ, मारा हृदयमां विश्वास मेलवी, अव्यय, अविनाशी एवा हर्षने हुं प्राप्त थयेलो छुं; एटले बीजुं वेद्यवस्तु जेमां नथी एवा परब्रह्मना स्वाद समान शांत रसना आस्वादने प्राप्त थयो छुं. हे मनुष्यना हितकारी प्रभु ! ते तमारी प्रतिमा संप्रतिकाले दर्शन करवाथी उत्पन्न थयेली भावनाना उत्कर्ष कालमां अभयदान सहित एवी दया वृत्तिनुं पोषण करे छे. जे दया उपाधि वगर वधता गुणस्थानने योग्य अनुग्राह्य अने अनुग्राहक बंनेनी योग्यतानी तुल्य वृत्ति छे. वली जे प्रतिमा विश्वने नमवा योग्य अने विशेषथी प्रकाशित छे. ए८

त्वद्बिंबे विधृते हृदि स्फुरति न प्रागेव रूपांतरं,
त्वद्रूपे तु ततः स्मृते भुवि भवेन्नो रूपमात्रप्रथा ।
तस्मात्त्वन्मदभेदबुद्ध्युदयतो नो युष्मदस्मत्पदो
ल्लेखः किंचिदगोचरं तु लसति ज्योतिःपरं चिन्मयं एए

अर्थ–हे प्रभु ! तमारूं बिंब हृदयमां धारण करवाथी बीजुं

कोइ रुपांतर स्फुरणायमान थतुं नथी अने तमारा रूपनुं स्मरण थतां पृथ्वीमां बीजा रूपनी प्रसिद्धि थती नथी. तेमाटे "तुं अने हुं" एवी अभेद बुद्धिना उदयथी युष्मत् अने अस्मत् पदनो उल्लेख थतो नथी अने तेथी अगोचर परम चैतन्यमय ज्योति स्फुरणायमान थाय छे. ९९

विशेषार्थ–हे प्रभु, तमारू बिंब हृदयमां धारण करवाथी प्रथमज रूपांतर स्फुरित थतुं नथी, अर्थात् स्मरण कोटीमां आवतुंज नथी, कारणके तमारा बिंब आगल बीजु कांइ स्मरणमार्गे आवतुंज नथी, अर्थात् तमारूं बिंब स्वभाविकरीते एवुं रमणीय छे के जेथी बीजुं कोइ बिंब दृष्टिमार्गे आववा पामतुंज नथी. ते तमारा बिंबना आलंबननुं ध्यान कर्या पछी तमारा रूपनुं ध्यान कर्ये छते आ पृथ्वीने विषे बीजा रूप मात्रनी प्रख्याति थती नथी, कारणके बीजां सर्व रूपो तेनाथी निकृष्ट छे अने तमारूं रूप सर्वोत्कृष्टपणे ध्यान करवा योग्य छे. ते तमारा रूपना ध्यानथी द्रव्य, गुण, पर्यायना सदृशपणावडे निश्चयथी तमारा अने मारा अभेद बुद्धिना उदय थी युष्मत् (तमे) अने अस्मत् (अमे) नापदनो उल्लेख न थाय, कारणके ध्याता, ध्यान अने ध्येय ए त्रणने एकत्वनी प्राप्ति थाय छे. तेथी करीने कांइ अगोचर एवुं परब्रह्म चैतन्यमय ज्योति स्फुरे छे, तेना स्फुरणथी सर्व क्रियानुं साफल्य छे. भावार्थ एवो छे के ज्यारे भगवंतनुं बिंब हृदयमां धारण करवामां आवे त्यारे भगवंतना रूपनुं अनुस्मरण अने तेनुं ध्यानज पापने क्षय करनारूं थाय अने तेथी निश्चय द्रव्य, गुण, पर्यायना साम्यनी

आ लोचनामां "तुं अने हुं अने हुं अने तुं" एवुं समापत्ति रूप अभेद ज्ञान थाय छे. ९९

ऊपर कहेला अर्थनी भावना करी स्तुति करे छे.

**किं ब्रह्मैकमयी किमुत्सवमयी श्रेयोमयी किं किमु,**
**ज्ञानानंदमयी किमुन्नतिमयी किं सर्वशोभामयी ।**
**इत्थं किं किमितिप्रकल्पनपरैस्त्वन्मूर्त्तिरुद्वीक्षिता,**
**किं सर्वातिगमेव दर्शयति सद्ध्यानप्रसादान्महः १००**

अर्थ-शुं ते प्रतिमा ब्रह्ममय छे! शुं ज्ञानानंद मय छे! शुं उन्नति मय छे! वाशुं ते सर्व शोभामय छे! आप्रमाणे कल्पना करता एवा कविओए जोयेली तमारी प्रतिमा सद्ध्यानना प्रसाद थी सर्वने उल्लंघन करनार स्वप्रकाश ज्ञानरूप तेजने बतावे छे. १००

विशेषार्थ-शुं ते प्रतिमा ब्रह्ममय छे! अर्थात् ब्रह्मनी साथे ऐक्यतावाली छे, अहिं स्वरूपोत्प्रेक्षा अलंकार छे. शुं ते प्रतिमा उत्सवमय छे! शुं ते प्रतिमा ज्ञानानंदमय छे! वा शुं ते उन्नति मय छे! वा शुं ते सर्व शोभामय छे! अहिं उत्सव विगेरे ब्रह्मना विवर्त्त स्वरूप छे. अहिं रुपोत्प्रेक्षा थाय नहीं तेथी क्रम दोष लागे नहीं. कारणके उत्प्रेक्षा वडे क्रम स्वतंत्र नथी. आप्रमाणे कल्पना करता एवा कविओए जोयेली तमारी प्रतिमा सद्ध्यानना प्रसाद थी सर्वने उल्लंघन करनार स्वप्रकाश ज्ञान रूप तेजने बतावे छे. अहिं सद् ध्यान एटले निर्विकल्प कलानी प्राप्ति अथवा स्वतः सिद्धभाव जाणवो, तेमां जिज्ञासा नहीं एटले

ते सर्व प्रयोजनना मूलरूप परब्रह्मना स्वादने आपनार होवाथी ज्ञगवंतनी मूर्तिनुं दर्शन ज्ञव्य प्राणीयोने परम हितकारी छे एवुं द्योतन थाय छे. १०८

हवे प्रार्थना गर्ज्ञीत स्तुति कहे छे.

**त्वद्रुपं परिवर्ततां हृदि मम ज्योतिःस्वरूपं प्रज्ञो,**
**तावत् यावदरूपमुत्तमपदं निष्पापमाविर्ज्ञवेत् ।**
**यत्रानंदघने सुरासुरसुखं संपंडितं सर्वतो,**
**ज्ञागेऽनंततमेपि नैति घटतां कालत्रयीसंज्ञवि ॥१०१॥**

अर्थ—हे प्रज्ञु, पापना क्षयवालुं, रूपरहित, उत्तमपदस्वरूप अने फलसाधनरूप एवुं अप्रतिपाती ध्यान ज्यां सुधी प्रगट न थाय, त्यां सुधी मारा हृदयमां तमारूं रूप अनेक प्रकारे ज्ञेयाकार रूपे परिणाम पामो. जे आनंदघनमां त्रिकाल संज्ञवी अने सर्व तरफथी एकत्र थयेलुं सुर असुरनुं सुखपण अनंतमा ज्ञागे घटतुं नथी. १०१

विशेषार्थ—हे प्रज्ञु, पापना क्षयवालुं, रूपरहित, उत्तम पद स्वरूप, फल साधनरूप एवुं अप्रतिपाती ध्यान ज्यां सुधी प्रगट न थाय त्यां सुधी मारा हृदयमां तमारूं रूप अनेक प्रकारे ज्ञेयाकारवडे परिणाम पामो. आनंदघन एटले आनंदना एक रसमां त्रिकाल संज्ञवी अने सर्व तरफ एक राशिरूप थयेलुं, सुर असुरनुं सुख अतिशे अनंतमा ज्ञागमां पण घटनाने प्राप्त न थाय. ते विशे रुषिजए कह्युं छे के "सुरनर सुहं सम्मत्तं सव्वद्धा पिंडिअं अनंतगुणं णवि पावे मुत्ति सुहंणंताहिं विवेग वग्गु-

हीं १ सिद्धस्स सुहोरासी सव्वद्धा पिंडिउं जइह विज्जा सोणं तवगाजइउं सव्वा गासेण माइज्जा. २ इत्यादि. १०१

हवे बाकीना त्रण काव्यनी मूलवृत्ति संपूर्णपणे कहे छे.

**स्वांतं शुष्यति दह्यते च नयनं भस्मीभवत्याननं,**
**दृष्ट्वा तत्प्रतिमामपीह कुधियामित्यात्तलुंपात्मनां ।**
**अस्माकं त्वनिमेषविस्मितदृशां रागादिमां पश्यतां,**
**सांद्रानंदसुधानिमज्जनसुखं व्यक्तिभवत्यऽन्वहं॥१०२**

अर्थ–जिन प्रतिमाने विषे जेमनो आत्मा खंडित थयेलो छे एवा कुमतिउनुं, ते प्रतिमा जोइ हृदय सुकाइ जाय छे, नेत्र बली जाय छे, अने मुख भस्म थइ जाय छे. तेज साथे रागथी ते प्रतिमाने अनिमेष दृष्टि थी जोतां एवा अमने तो आनंदघन अमृतमां निमज्जननुं सुख निरंतर प्रगट थाय छे. १०२

विशेषार्थ–आप्रमाणे निर्णय करेली ते प्रसिद्ध जिनेंद्र प्रभुनी मूर्तिने जोइ ते कुमतिउनु हृदय मेघना जलथी जवासानी जेम सुकाइ जाय छे, अथवा अंदर रहेल समकितनुं स्थानरूप एवुं मन मूलथी सारवगरनुं थइ जायछे. एथीज कुमतिउना नेत्र ते प्रतिमाने जोइ शीतल जलना संपर्कथी तपेला घीनी जेम स्वयमेव दहन थाय छे; अथवा आ अर्थ युक्त छे. ज्यारेपात्रमांथी जल बली जाय त्यारे तेमां रहेलुं अन्नादिक पण पोतानी मेले बली जाय छे; अने तेमनुं मुख भस्ममय थइ जाय छे एटले भस्मावशेष होय तेम थाय छे. आ अर्थ पण युक्त छे. ज्यारे सर्व दग्ध थइ जाय त्यारे भस्म उडवाथी सर्व भस्मलिप्त थाय छे. ते कुमतिउ,

जेउनो आत्मा जिन प्रतिमाने विषे खंडित थयेलो छे तेउनी उपर प्रमाणे दशा थाय छे. अमे तो निरंतर अंतरंग प्रीति थी जिनेश्वर ज्ञगवाननी प्रतिमानुं निमेष रहितपणे दर्शन करीएछीए तेथी अमने ते दर्शनथी आनंदघन अमृतमां निमज्जन करवा जेवुं सुख प्रगट थाय छे. १०२

**मंदारद्रुमचारुपुष्पनिकरैर्वृंदारकैरर्चितां,**

**सद्वृंदाज्ञिनतस्य निर्वृतिलताकंदायमानस्य ते ।**

**निस्पंदात् स्नपनामृतस्य जगतीं पांतीममंदामया,**

**वस्कंदात् प्रतिमां जिनेंद्र परमानंदाय वंदामहे॥१०३**

अर्थ—हे जिनेंद्र ! उत्तम पुरुषोना वृंदोए नमस्कार करेली अने मुक्तिरूप लताना कंद समान एवी तमारी प्रतिमा, जे, देवताउए मंदार वृक्षना पुष्पसमूहवडे पूजेली अने उग्र रोगने शोषण करनारा स्नात्र जलरूप अमृतना ऊरणथी सर्व जगतनी रक्षा करे छे. ते प्रतिमाने अमे परम आनंद (मोक्ष) ने अर्थे वंदना करीए छीए. १०३

विशेषार्थ—नथी.

**तपगणमुनिरुद्यत्कीर्तितेजोभृतां श्री,**

**नयविजयगुरूणां पादपद्मोपजीवी ।**

**शतकमिदमकार्षीद्वीतरागैकज्ञक्ति,**

**प्रथितशुचियशः श्रीरुल्लसद्व्यक्तयुक्तिः ॥ १०४ ॥**

अर्थ—श्रीवीतराग उपर अद्वितीय ज्ञक्ति वडे जेना यशनी

शोभा प्रख्यात छे तथा उग्र कीर्ति अने तेजने धारण कारनार श्रीनय विजय गुरूना चरणकमलनी जे सेवा करनारा छे, एवा तप गछना मुनि श्रीयशोविजयजीए प्रगट युक्ति युक्त आ प्रतिमा शतक रचेलुं छे. १०४

विशेषार्थ—शास्त्र तत्वने जे मनन करे ते मुनि एवा सार्थक नामवाला तपागछना मुनि अने श्रीवीतराग परमात्मानी अद्वितीय भक्ति करवाथी जेना यशनी शोभा प्रख्याति पामेली छे (आ विशेषणथी कविए पोतानुं नाम यशोविजय सूचव्युं) अने उग्र कीर्ति अने तेजने धारण करनारा श्रीनयविजय गुरूना चरणकमलनी जे सेवा करनारा छे, एवा श्रीयशोविजय उपाध्यायजीए प्रगट युक्ति प्रमाणवालुं आ प्रतिमा शतक रचेलुं छे. १०४

## ॥ इति प्रतिमाशतकं समाप्तं ॥

**अर्हंतो मंगलं मे स्युः सिद्धाश्च मम मंगलं ।**
**साधवो मंगलं मे स्युः जैनधर्मश्च मंगलं ॥ १ ॥**

### अथ प्रशस्ति भाषांतर

देवताउए नमस्कार करेला अने प्राणीउने वांछित आपवामां कल्पवृक्ष समान श्रीवर्धमान जिनेंद्र जयवंत वर्ते छे. जे भगवंतनुं निर्मल शासन आ जगतमां गाढ मिथ्यात्वने भेदनारू अने सुखने उत्पन्न करनारूं छे. १ तेना पट्टरूप कमलने सूर्यसमान एवा श्रीसुधर्मास्वामी गणधर तेमनाथी उत्पन्न थया. त्यारबाद अनुक्रमे चारित्रने भजनारा एवा केटलाएक विद्वान सूरिउ उत्पन्न थयेला छे. ते पछी तेमना वंशमां श्रीपूर्णिमा गछना

राजा, एवा श्रीचंद्रप्रभ नामे सूरि थया अने तेनी पछी वादी उंने जितनारा श्रीविद्याप्रभ नामे प्रख्यात सूरिथया. २ तेपछी वाणीथी बृहस्पतिने पण जितनारा एवा ललितप्रभ नामे सूरि- थया; अने तेनी पाट उपर आजूषण रूप एवा विनयप्रभ नामे सूरि थया. ३ महीमंडलमां विलास करती छे कीर्ति जेमनी अने जेमनी मूर्ति चारित्र शुद्धि वडे विराजित छे एवा महि- माप्रभ नामे गुणवान गुरू तेनी शुज्ञ पदवी उपर आव्या. ४ श्रीमहिमाप्रभ सूरिना चरणकमलमां ज्रमररूप, तेमनी कृपाथी सुखी अने सतीर्थ्य शिष्यादि गणोथी युक्त एवा भावप्रभ नामे सूरि तेमनी पदवी उपर आव्या. ५ श्रीमालीना वीर वंशरूप कमलमां राजहंसरूप, रामा नामनी मातानी कुक्षिमां उत्पन्न थयेला, जयतसी नामना पिताना पुत्र, प्रकाशमान अने सर्व शाहुकारोमां तिलकरूप श्रीतेजसी नामे श्रेष्ठी थया. ते श्रा- वके घणुं द्रव्य खरची भावप्रभ सूरिना पदनो महोत्सव कर्यो- हतो. ६ ते हुं भावप्रभ नामना सूरिए, संक्षेपरीते पृथक् रचेली आ लघुवृत्तिमां जे कांइ अशुद्ध होय ते विद्वानोए सुधारी लेवुं. ७ संवत् १७९३ ना वर्षना माघ शुक्ल अष्टमीतिथि अने गुरुवारे आ उत्तम टीका संपूर्ण थइ छे ८

इति श्रीमत्पूर्णिमागछीय ज्ञट्टारक श्रीज्ञावप्रज्ञ सूरि समुद्धृ ता प्रतिमा शतक लघुवृत्तिरियं शिष्य ज्योती रत्नस्य हेतवे

॥ संपूर्णा ॥